MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । બુધવાર । તા. ૩૦-૦૬-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 ભાજપમાં ભૂકંપઃ દિલ્હી, છત્તીસગઢ, મણિપુરમાં પ્રદેશ અધ્યક્ષને હટાવાયા

6 લોકડાઉનમાં છુટછાટના પ્રથમ દિવસે જ કોરોના વિસ્ફોટઃ ૮૧૭૧ પોઝિટિવ કેસ નોંધાયા

8 વડોદરામાં વધુ ત્રણ કોરોના દર્દીના મોતઃ ભરૂચમાં ૪ એસઆરપી જવાન પોઝિટિવ

12 કેવડિયા ફેંસીંગ મુદ્દે આજે પણ આદિવાસીઓનો ભારે વિરોધઃ એક આધેડ વ્યક્તિનો આત્મવિલોપનનો પ્રયાસ

સીઆઈઆઈની એજીએમના સંબોધનમાં મોદીએ ઉદ્યોગજગતને ખાતરી આપી

આત્મનિર્ભર ભારતથી વિકાસ ચોક્કસ પરત આવશેઃ મોદી

દેશની અર્થવ્યવસ્થાને ફરીથી મજબુત બનાવવી એ મારી સરકારની પ્રાથમિકતા,હવે મેડ ઈન ઈન્ડિયા અને મેડ ફોર ફોરેન દેશની જરૂરિયાત છે,જો હું સંકટ સમયે આવા આત્મવિશ્વાસ સાથે વાત કરી શકું છું તો તેનું કારણ દેશની પ્રતિભા અને ટેક્નોલોજી છે,જો તમે એક પગલું ભરો તો સરકાર ચાર પગલા ભરીને તમારી મદદ કરશે

વડાપ્રધાન મોદીએ ફાઈવ 'આઈ', ઈન્ટેન્ટ, ઈક્લુઝન, ઈન્વેસ્ટમેન્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈનોવેશનને ખૂબજ મહત્વના ગણાવ્યા

ન્યુ દિલ્હી

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના મહત્વના ઉદ્યોગ સંગઠન સીઆઈઆઈ-CIIની વાર્ષિક સામાન્ય સભાને કરેલા સંબોધનમાં કોરોનાને પગલે દેશના અર્થતંત્રની ગતિ ધીમી પડી હોવાનું જણાવીને આત્મવિશ્વાસ સાથે એવી પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી કે, આજે દેશનું સૌથી મોટું સત્ય એ છે કે ભારતે લોકડાઉન છોડી દીધું છે અને અનલોક ફેઝ-૧માં પ્રવેશ કર્યો છે. અર્તતંત્રનો મોટો ભાગ આ તબક્કે ખૂલી ગયો છે.. આઠ દિવસ પછી અર્થતંત્રનો બીજો મોટો ભાગ ખુલશે ત્યારે દેશની અર્થવ્યવસ્થામાં ચોક્કસ ગતિ આવશે, વિકાસ પાછો આવશે, ભારત ફરીથી આર્થિકક્ષેત્રે અગ્રેસર હશે. કેમ કે આપણે ભારતને આત્મનિર્ભર બનાવવાનો દ્રઢ સંકલ્પ કર્યો છે. તેથી દરેક ક્ષેત્રના વિગતવાર અભ્યાસ સાથે આવો, આપણે સાથે મળીને એક આત્મનિર્ભર ભારત બનાવીશું. આ સંકલ્પને પૂરો કરવા જોર લગાડો, સરકાર તમારી સાથે છે. તમે સફળ થશો, જો આપણે સફળ થઈશું, તો દેશ નવી ઉચાઈએ પહોંચશે. સરકાર પર વિશ્વાસ રાખો, એમ પણ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાન મોદીએ આ પ્રસંગે અર્થતંત્ર માટે ફાઈવ 'આઈ', ઈન્ટેન્ટ, ઈક્લુઝન, ઈન્વેસ્ટમેન્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈનોવેશનનો મંત્ર પણ આપ્યો હતો.

કોરોના મહામારીને રોકવા લાદવામાં આવેલા લોકડાઉન-૪ બાદ હવે અનલોક-૧ શરૂ થયાના બીજા જ દિવસે એટલે કે આજે ૨ જૂનના રોજ વડાપ્રધાને જાહેર કાર્યક્રમને સંબોધન કર્યું હોય તેવી આ પહેલો જ પ્રસંગ હતો. સીઆઈઆઈના ૧૨૫માં વર્ષે તેની વાર્ષિક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ વર્ષે તેના સેશનની થીમ ગેટિંગ ગ્રોથ બેક રાખવામાં આવી હતી. આ સભામાં દેશના ટોચના બિઝનેસ હાઉસીસના દિગ્ગજ્જ લોકો હાજર રહ્યા હતા.

દેશના અર્થતંત્રના કર્ણધારોને સંબોધતા મોદીએ કહ્યું કે, ૧૨૫ વર્ષમાં CIIને મજબૂત બનાવવામાં જેણે ફાળો આપ્યો તેને હું અભિનંદન આપીશ. જેઓ આપણી વચ્ચે નથી તેઓને હું આદરપૂર્વક નમન. કોરોનાના આ સમયગાળામાં, આના જેવી ઓનલાઈન ઈવેન્ટ્સ હવે સામાન્ય બની રહી છે.

અનુસંધાન પાના નં. ૬

દક્ષિણી આસામના ત્રણ અલગ-અલગ જિલ્લાઓમાં ભૂસ્ખલનની ઘટનાઓ

આસામમાં ભારે વરસાદના કારણે ભૂસ્ખલનઃ ૨૦ના મોત

રાજ્યમાં ભારે વરસાદથી પૂર,૩.૭૨ લાખ લોકો પ્રભાવિત થયા



દિસપૂર

આસામમાં મંગળવારનાં રોજ ભૂસ્ખલનમાં લગભગ ૨૦ લોકોનાં મોત થઇ ચૂક્યાં છે. મૃતક મુખ્ય રૂપથી દક્ષિણી આસામનાં બરાક ઘાટી ક્ષેત્રનાં ત્રણ અલગ-અલગ જિલ્લાઓ સાથે સંબંધ રાખે છે. આ ઘટનામાં કેટલાંક અન્ય લોકો પણ ઘાયલ થયાં છે. જો કે બચાવ દળ ઘટનાસ્થળ પર પહોંચી ગયું છે. મૃતકોમાંથી સાત કછાર જિલ્લા, સાત હૈલાકાંડી જિલ્લા અને છ કરીમગંજ જિલ્લામાંથી છે. આ ક્ષેત્રમાં છેલ્લાં કેટલાંક દિવસોથી ભારે વરસાદ વરસી રહ્યો છે. પૂર્વોત્તર રાજ્ય પહેલેથી જ મોટા પાયે પૂર સામે ઝઝૂમી રહ્યાં છે. જેનાંથી લગભગ ૩.૭૨ લાખ લોકો પ્રભાવિત થયાં છે.

હૈલાકાંડી જિલ્લામાં બે ભૂસ્ખલનની દુર્ઘટનામાં સાત લોકોનાં મોત થયાં છે. આસામનાં મુખ્યમંત્રી સર્બાનંદ સોનોવાલે જિલ્લા પ્રશાસનને ઘાયલ વ્યક્તિઓની મદદ માટે આવશ્યક પગલાં લેવાં અને મૃતક વ્યક્તિઓનાં પરિવારજનોને વળતરની રકમ આપવાનો પણ નિર્દેશ કર્યો છે.

ગોલપારા જિલ્લો સૌથી વધારે પ્રભાવિત છે. ત્યાર બાદ

અનુસંધાન પાના નં. ૬

એનડીઆરએફ, નેવી સહિતની ટીમો સજ્જ

નિસર્ગ વાવાઝોડાની અસર, મુંબઈમાં વરસાદ, રેડ એલર્ટ

વડાપ્રધાન મોદીની સ્થિતિ પર નજર : રૂપાણી, ઠાકરે સાથે વાત કરી : મુંબઈના દરિયાકિનારા ઉપર કલમ ૧૪૪ લાગુ

મુંબઈ

મુંબઈ શહેર પર નિસર્ગ વાવાઝોડાનો ભય છે. તોફાનને કારણે ભારે વરસાદ સાથે તોફાની પવનો શરૂ થયા છે. બુધવારે ઘણા વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે. એનડીઆરએફ, નેવી સહિતની તમામ બચાવ એજન્સીઓ તૈયાર છે. પીએમ મોદી પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. ગુજરાતમાં તે અસર ન કરે તેવી સંભાવના છે. દરમિયાન હવામાન વિભાગે ચેતવણી આપી છે કે પ્રકૃતિ ભયંકર રૂપ લઈ શકે છે. રેડ ચેતવણી જારી કરવામાં આવી છે. વાવાઝોડાને ધ્યાનમાં રાખીને મુંબઈના દરિયાકિનારા પર કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે, જેમાં બીચ, ઉદ્યાનો અને અન્ય જાહેર સ્થળોએ લોકોની અવરજવર પર પ્રતિબંધ છે. બુધવાર બપોરે ૧૨ વાગ્યા સુધી કલમ ૧૪૪ લાગુ થશે. પીએમ મોદીએ ગુજરાતના સીએમ વિજય રૂપાણી અને મહારાષ્ટ્રના સીએમ ઉદ્ધવ ઠાકરે અને દાદરા-નગર હવેલી અને દમણ-દીવના સંચાલકો સાથે વાત કરી હતી અને તેઓને તમામ શક્ય સહાય આપવાની ખાતરી આપી હતી. વાવાઝોડા નિસર્ગના આગમન પહેલા જ મુંબઈના ઘાટકોપર અને કુર્લા વિસ્તારમાં ભારે વરસાદ શરૂ થયો છે. હવામાન વિભાગ પુણેના જણાવ્યા અનુસાર બુધવારે સવારે ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ સાથે પવનની સંભાવના છે.

અનુસંધાન પાના નં. ૬

સરકારી એપ્લિકેશનોની ખામીઓનો વધુ એક બનાવ

ડિજિલોકરમાં ખામી, કરોડો યુઝર્સના ડેટા સામે જોખમ

ખામી ખૂલતા તેને સુધાર્યા હોવાનો દાવો : સાઈન-ઈનમાં ખામીથી હેકર્સને યુઝર્સના ડેટા એક્સેસમાં સરળતા હતી

નવી દિલ્હી

ડિજિલોકરની સત્તાધિકરણમાં મોટી ખામી બહાર આવી છે જેમાં લાખો વપરાશકર્તાઓનો ડેટા જોખમમાં મૂકાયો હતો. ડિજિલોકર એ સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી ઓનલાઈન સેવા છે જ્યાં દસ્તાવેજો ડિજિટલી સ્ટોર કરી શકાય છે. એક સંશોધનથી બહાર આવ્યું છે કે ડિજિલોકરની સાઈન-ઈન પ્રક્રિયામાં ખામી છે. જે હેકર્સને બે મહત્વના સ્ટેપને બાયપાસ કરવાની મંજૂરી આપે છે. જે તેમને યુઝર્સના ડેટાની એક્સેસ આપે છે. આ ખામી હવે સુધારી દેવામાં આવી છે. સરકારની આ ઓનલાઈન સેવાનો ઉપયોગ ૮૪.૮૪૮૪ કરોડથી વધુ વપરાશકર્તાઓ કરી રહ્યા છે. સાઈન-ઈન પ્રક્રિયામાં ખામીને કારણે આ તમામ ડેટા જોખમમાં હતા. સલામતી સંશોધનકાર આશિષ ગેહલોતના સંશોધનમાં આ ખામી પ્રકાશમાં આવી છે. ગેજેટ ૩૬૦ ના એક અહેવાલ મુજબ, સુરક્ષા સંશોધનકાર આશિષ ગેહલોતે પોતાના સંશોધનમાં કહ્યું હતું કે ડીજિલોકર સિસ્ટમનું વિશ્લેષણ કરતી વખતે તેમને કોઈક ખામી જોવા મળી હતી. તેમણે કહ્યું કે આ સેવાની ડિફોલ્ટ મિકેનિઝમ લોગિન માટે વન-ટાઈમ પાસવર્ડ (ઓટીપી) અને પિન માગે છે. આશિષ આ આખી પ્રક્રિયાને બાયપાસ કરવામાં સફળ

અનુસંધાન પાના નં. ૬

વાવાઝોડાની અસર દ.ગુજરાતમાં વરસાદ રૂપે થશે

રાહતઃ વાવાઝોડું નિસર્ગ ગુજરાતના દરિયાકાંઠે ટકરાશે નહીં

આજે વાવાઝોડુ મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના હરીહરેશ્વર અને દમણ વચ્ચેથી પસાર થશે

ગાંધીનગર

કોરોનાના કહેર વચ્ચે ગુજરાત તરફ બીજી એક આફત આગળ વધી રહી હતી. હવે રાહતના સમાચાર છે કે નિસર્ગ નામનું સંભવિત વાવાઝોડું ગુજરાતના દરિયાકાંઠે નહીં ટકરાય. હવે આ વાવાઝોડું મહારાષ્ટ્રના કાંઠા વિસ્તારમાં ટકરાશે. જોકે, તેની અસરને પગલે દક્ષિણ ગુજરાત માં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. ત્રીજી જૂનના રોજ દક્ષિણ ગુજરાતમાં કાંઠાના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે.

દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપી દેવામાં આવી છે.

હવામાન ખાતાના ડાયરેકટર જયંત સરકારે મંગળવારે મીડિયાને આપેલી માહિતી પ્રમાણે અરબી સમુદ્રમાં ડીપ્રેશન ડીપ ડિપ્રેશનમાં પરિવર્તિત થઈ ગયું છે. હાલ તે સુરતથી ૬૭૦ કિલોમીટર દૂર છે. છ કલાક બાદ ડીપ ડિપ્રેશન વાવાઝોડામાં પરિવર્તિત થશે. જે બાદમાં તે સિવિયર (વધારે ખતરનાક) વાવાઝોડું પણ બની શકે છે.

જયંત સરકારના જણાવ્યા પ્રમાણે આવતી કાલે ત્રીજી જૂનના રોજ મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના હરીહરેશ્વર અને દમણ વચ્ચેથી આ વાવાઝોડું પસાર થશે. એટલે કે અલીગઢ નજીક આ વાવાઝોડું ટકરાશે. આ દરમિયાન તેની ઝડપ ૧૦૦થી ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાક હશે. ગુજરાતમાં તેની કોઈ ખાસ અસર નહીં પડે પરંતુ તેની અન્ય અસરને પગલે દમણ, દાદરા નગર હવેલી, વલસાડ, નવસારીમાં ૮૦થી ૯૦ કિલોમીટરને ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે. સુરતમાં ૭૦ થી ૮૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. બાકીના જિલ્લાઓમાં ૫૦ થી ૬૦

નવસારી જિલ્લાના ૪૨ ગામને એલર્ટ કરવામાં આવ્યા

ગુજરાત પરથી હાલ પૂરતું તો નિસર્ગ વાવાઝોડાનું સંકટ ટળ્યું છે પરંતુ ભારેથી અતિભારે વરસાદની આગાહી છે ત્યારે નવસારી જિલ્લાના ૪૨ ગામને એલર્ટ કરવામાં આવ્યા છે જ્યારે ૪૨માંથી ૭ ગામના લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. સાથે જ અલગ અલગ ટિમો બનાવીને લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે.. દરેક ગામો પર ડિઝાસ્ટરની ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

અનુસંધાન પાના નં. ૬

દિલ્હીમાં તિવારીના સ્થાને કુમાર ગુપ્તાને કમાન સોંપાઇ

ભાજપમાં ભૂકંપ: દિલ્હી, છત્તીસગઢ, મણિપુરમાં પ્રદેશ અધ્યક્ષને હટાવાયા

છત્તીસગઢમાં વિષ્ણુદેવ સાય પ્રદેશ અધ્યક્ષ બન્યા તો મણિપુરમાં ટિકેન્દ્ર સિંહ ભાજપની કમાન સંભાળશે

ન્યુ દિલ્હી

કોરોના સંકટ વચ્ચે ભારતીય જનતા પાર્ટીએ રાજધાની દિલ્હીમાં મોટો ફેરફાર કર્યો છે. દિલ્હી ભાજપ અધ્યક્ષ પદેથી મનોજ તિવારીને હટાવી દેવામાં આવ્યા છે. અ ઉપરાંત છત્તિસગઢ અને મણિપુરમાં પણ ભાજપે પ્રદેશ અધ્યક્ષને હટાવીને તેમના સ્થાને નવી નિમણુંકો કરી છે.

ભાજપે રાજધાની દિલ્હીમાં મનિષ તિવારીને હટાવીને તેમના સ્થાને આદેશ કુમાર ગુપ્તાને દિલ્હી ભાજપની કમાન સોંપવામાં આવી છે. પાર્ટી મહાસચિવ અરૂણ સિંહ તરફથી સત્તાવાર પત્ર જાહેર કરી જાણકારી આપવામાં આવી છે. દિલ્હી ઉપરાંત છત્તિસગઢમાં પણ ભાજપે મોટાપાયે ફેરફાર કર્યા છે. ભાજપે છત્તિસગઢના અધ્યક્ષને પણ હટાવી દીધા છે. તેમના સ્થાને વિષ્ણુદેવ સાયને પ્રદેશ અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. તો મણિપુરમાં પણ નવા પ્રદેશ અધ્યક્ષની નિમણુંક કરવામાં આવી છે. મણિપુરમાં ટિકેન્દ્ર સિંહને ભાજપના નવા પ્રદેશ અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. ત્રણેય પ્રદેશ અધ્યક્ષોની જાહેરાત પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાના નિર્દેશ પર કરવામાં આવી છે.

દિલ્હી અને છત્તિસગઢમાં વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને હારનો સામનો કરવો પડ્યો હતો. દિલ્હીમાં ભાજપને આમ આદમી પાર્ટીના હાથે કારમો પરાજય મળ્યો હતો જ્યારે છત્તિસગઢમાં ઝારખંડ મુક્તિ મોરચા અને કોંગ્રેસ ગઠબંધને ભાજપને મ્હાત આપી હતી. આ પરિણામો જાહેર થતાની સાથે જ બંને પ્રદેશોમાંથી ભાજપ પ્રદેશ અધ્યક્ષને હટાવવાની માંગણી ઉઠવા લાગી હતી.

કોરોનાના કહેરમાં માનવીની સંવેદનામાં પડ્યો ફેર

કોરોનાથી મોત : અંતિમ સંસ્કાર સમયે પથ્થરમારો

જમ્મુમાં પરિવારે અડધી બળેલી લાશને છોડીને ભાગવું પડ્યું, તંત્રના હસ્તક્ષેપ બાદ અન્ય સ્થળે અંતિમક્રિયા કરાઈ

જમ્મુ

કોરોનાવાયરસના વધતા જતા કિસ્સાઓમાં ચિંતા ફક્ત પ્રિયજનો સુધી મર્યાદિત થઈ ગઈ છે. ઘણા એવા કિસ્સાઓ સામે આવી રહ્યા છે, જે માનવતાને શરમજનક છે. જમ્મુમાંથી પણ આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. કોરોના વાયરસથી એક વ્યક્તિનું મોત થયું હતું. મૃતકના અંતિમ સંસ્કાર કરવામાં આવી રહ્યા હતા. આ દરમિયાન ટોળાએ હુમલો કર્યો હતો, ત્યારબાદ પરિવારે બળતી અડધી લાશને ચિતા પર છોડવાની ફરજ પડી હતી. પ્રશાસને આ કેસમાં દખલ કરી હતી, ત્યારે નિયમો અનુસાર અન્ય જગ્યાએ મૃતદેહની અંતિમ વિધિ કરવામાં આવી હતી. મૃતકના પુત્રના જણાવ્યા અનુસાર, જમ્મુની સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં કોવિડ -૧૯ ને કારણે સોમવારે ડોડા જિલ્લાના એક ૭૨ વર્ષીય વ્યક્તિનું મોત નીપજ્યું હતું. જમ્મુ વિભાગના કોવિડ -૧૯ માં આ ચોથું મૃત્યુ છે. મૃતકના પુત્રએ જણાવ્યું હતું કે, અમે મહેસૂલ અધિકારી અને તબીબી ટીમ સાથે અંતિમ સંસ્કાર કરી રહ્યા હતા. ડોમેના વિસ્તારના સ્મશાનગૃહમાં ચિતાને આગ ચાંપી દેવામાં આવી હતી જ્યારે મોટી સંખ્યામાં સ્થાનિક લોકો આવ્યા હતા અને અંતિમ સંસ્કારને વિક્ષેપિત કર્યા હતા. અંતિમ સંસ્કાર સમયે મૃતકની પત્ની અને બે પુત્રો સહિત થોડા જ નજીકના સગાઓ હતાં. જ્યારે ટોળાએ પથ્થરમારો કર્યો હતો અને લાકડીઓ વડે હુમલો કર્યો હતો, ત્યારે એમ્બ્યુલન્સમાં મૃતદેહ સાથે પરિવાર ત્યાંથી ભાગ્યો હતો. યુવાનોએ કહ્યું કે, ×અમે અમારા ગૃહ જિલ્લામાં અંતિમ સંસ્કાર કરવા માટે સરકાર પાસે મંજૂરી માગી હતી, પરંતુ અધિકારીઓએ કહ્યું હતું કે જ્યાં મૃત્યુ થયું છે, ત્યાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે અને સ્મશાનમાં કોઈ અવરોધ નહી આવે.× એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે સ્થળ પર હાજર સુરક્ષાકર્મીઓએ પણ મદદ કરી ન હતી. મૃતકના પુત્રએ જણાવ્યું હતું કે ઘટના સ્થળે બે પોલીસકર્મીઓ હતા પરંતુ ટોળા સામે કાર્યવાહી કરવામાં નિષ્ફળ ગયા હતા. તે જ સમયે, તેની સાથેનો મહેસૂલ અધિકારી ગાયબ થઈ ગયો. મૃતકના પુત્રએ જણાવ્યું હતું કે, ×એમ્બ્યુલન્સના ચાલક અને હોસ્પિટલ સ્ટાફે અમને ઘણી મદદ કરી અને અમને શબ સાથે હોસ્પિટલમાં લઈ ગયા. કોરોના વાયરસથી મરી ગયેલા લોકોના અંતિમ સંસ્કાર માટે સરકારે વધુ સારી યોજનાઓ બનાવવી જોઈએ. આવા લોકોના અંતિમ સંસ્કારમાં તાજેતરની સમસ્યાઓ અને અનુભવોની નોંધ લેવી જોઈએ. ''બાદમાં મૃતદેહને જમ્મુના ભગવતી નગર વિસ્તારના સ્મશાન ગૃહમાં લઈ જવામાં આવ્યો હતો અને વધારાના નાયબ કમિશનર, એસડીએમ સહિતના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

કૂક અને ઉદ્યોગપતિનું કોરોના પોઝિટિવ આવતા ભારે ભય

સરપંચે કેરીનું અથાણું વહેંચ્યું : ગામમાં એક પણ હજુ સુધી કોરોના પોઝિટીવ મળ્યો નથી : ૧૦૦ ગ્રામીણ કોરોન્ટાઈન

હૈદરાબાદ

તેલંગાણાના મહબૂબનગરના નવાબપેટ મંડળનું એક ગામ વિવાદમાં છે. ખરેખર, ગામના સરપંચે થોડા દિવસો પહેલા ૪ હજાર લોકોમાં કેરી પચડી (અથાણું) નું વિતરણ કર્યું હતું. હવે જાહેર થયું છે કે જે વેપારી અથાણું વેચતા હતા અને રસોઈ બનાવી તે કોરોના પોઝિટીવ હોવાનું જણાયું છે. આ પછી, ગામના ૧૦૦ લોકોને હોમ કોરોન્ટાઈનમાં મોકલવામાં આવ્યા છે. એક તરફ, આરોગ્ય વિભાગના કર્મચારીઓ કોરોના વાયરસના ફેલાવાના ભયને ઘટાડવાનું કામ કરી રહ્યા છે. કલ્લુરમાં વાયરસના ભયથી લોકોએ પોતાની દુકાનો બંધ કરી દીધી છે. ચેપના ડરથી ગ્રામજનોએ નીતિશાસ્ત્ર ફેંકી દીધું હતું. ઉનાળામાં તેલંગણામાં કેરીનું અથાણું પસંદ કરવામાં આવે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ૧૧૨ ગામલોકો તેમના ઘરોમાં કેદ છે. જિલ્લા તબીબી અને આરોગ્ય અધિકારી (ડીએમએચઓ) ડો.કે.કૃષ્ણાએ જણાવ્યું હતું કે, હજી સુધી કોઈ ગ્રામીણ પોઝિટીવ મળ્યો નથી. ડીએમએચઓએ કહ્યું, 'ગભરાવાની જરૂર નથી, પરિસ્થિતિ નિયંત્રણમાં છે. હા, અથાણાં ખાધા પછી કેટલાક ગ્રામજનો ભયભીત થયા છે, પરંતુ સલાહ આપ્યા પછી, અમે તેમને સમજાવ્યું કે અથાણું ખાવાથી તેમને વાયરસ નહીં આવે. અધિકારીઓના જણાવ્યા અનુસાર સરપંચ અને તેના પતિએ ગામના તમામ ઘરોમાં અથાણાં વહેંચવાની યોજના બનાવી હતી.

કોલ સેક્ટરની તાકાતમાં વધારો કર્યો

વિશ્વનો ત્રીજો મોટો દેશ, જેમાં કોલસાના ભંડાર છે, તે બિઝનેસ લીડર છે ત્યાં બહારથી કોલસો આવે તેનું કારણ શું છે. કેટલીક વખત સરકાર અને ક્યારેક નીતિઓ અવરોધ બની રહી હતી. પરંતુ હવે કોલસા ક્ષેત્રે વ્યાપારી ખાણકામને મંજૂરી આપવામાં આવી છે. કંપનીઓ પણ ખનિજ ખાણકામના સંશોધન સાથે માઈનિંગ કરી શકે છે. સરકાર જે દિશામાં આગળ વધી રહી છે તેનાથી માઈનિંગ ક્ષેત્ર હોય કે સંશોધન ક્ષેત્ર, ઉદ્યોગ અને યુવાનોને દરેક બાબતમાં નવી તકો મળશે. વ્યૂહાત્મક ક્ષેત્રે ખાનગી રોકાણ પણ શક્ય બન્યું છે.

MSME સેકટર માટે લેવાયો આ નિર્ણય

MSME ક્ષેત્રના લાખો એકમો દેશના GDPમાં લગભગ ૩૦% હિસ્સો ધરાવે છે. ઉદ્યોગ લાંબા સમયથી MSMEની વ્યાખ્યા સ્પષ્ટ કરવાની માંગ કરી રહ્યો હતો. આ માંગ પણ પૂરી થઈ છે. MSME કોઈપણ ચિંતા કર્યા વિના વ્યવસાય કરી શકશે. તેઓએ પોતાનો રેકોર્ડ જાળવવા માટે અન્ય માર્ગો પર ચાલવું પડશે નહીં. આ ક્ષેત્રના કરોડો સહયોગીઓને લાભ પહોંચાડવા માટે રૂ. ૨૦૦ કરોડ સુધીની સરકારી ખરીદીમાં વૈશ્વિક ટેન્ડરને બંધ કરવામાં આવ્યું છે.

વૈશ્વિક નિકાસમાં વધારો કરવો પડશે

દેશમાં મેન્યુફેક્ચરિંગને રોજગારનું એક મોટું માધ્યમ બનાવવા માટે, તમારા જેવા સંગઠનો સાથે પરામર્શ કરીને યોજનાઓ બનાવવામાં આવી છે. ત્રણ સેક્ટરમાં પણ કામ શરૂ થઈ ગયું છે. વૈશ્વિક નિકાસમાં આપણો હિસ્સો ખૂબ ઓછો છે. આપણે ઘણા ક્ષેત્રોમાં સારું પ્રદર્શન કરી શકીએ છીએ. તમારી સહાયથી, દેશમાં વંદે ભારત જેવી આધુનિક ટ્રેનો બનાવવામાં આવી હતી. દેશ આજે મેટ્રો કોચની નિકાસ કરી રહ્યો છે. મોબાઈલ મેન્યુફેક્ચરિંગ, સંરક્ષણ ઉત્પાદન સહીત ઘણા ક્ષેત્રોમાં અમે આયાત પરની નિર્ભરતા ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

ભારતમાં રોજની ૩ લાખ PPE કીટ તૈયાર થઇ રહી છે..

વડાપ્રધાને કહ્યું હતું કે, આજે ભારત એક દિવસમાં ૩ લાખ PPE કીટ બનાવી રહ્યું છે, તો આ આપણા ઉદ્યોગની તાકાત છે. દરેક ક્ષેત્રમાં આગળ વધવા માટે આનો ઉપયોગ કરો. ખેડુતો સાથે રુલર ઇકોનોમી ભાગીદારીનો માર્ગ ખોલવાનો તમારે લાભ લેવો જોઈએ. CIIના બધા સભ્યો માટે ઘણી તકો છે. કૃષિ, મત્સ્યઉદ્યોગ, ફૂટવેર જેવા તમામ ક્ષેત્રે નવી તકો આવી છે.

ગયા મહિને સરકારે ૨૦ લાખ કરોડના પેકેજની જાહેરાત કરી હતી

અર્થતંત્રને કોરોનાની અસરથી બચાવવા માટે સરકારે ગત મહિને ૨૦ લાખ કરોડ રૂપિયાના પેકેજની જાહેરાત કરી, જેમાં RBIની ઘોષણાઓ પણ શામેલ છે. સોમવારે કેન્દ્રીય કેબિનેટે ખરીફ પાકના ટેકાના ભાવ વધારવાની અને લઘુ-મધ્યમ ઉદ્યોગો સાથે સંબંધિત યોજનાઓને પણ મંજૂરી આપી છે. સરકારે MSMEને મદદ કરવા માટે ચેમ્પિયન પોર્ટલ પણ શરૂ કર્યું છે.

કોરોના વાઈરસના પ્રભાવને ઓછો આંકવાની જરૂર નથી, તે પહેલા જેટલો જ ખતરનાક છે: WHO

જિનિવા

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને આગાહી કરી છે કે કોરોના વાઈરસ પહેલા જેટલો જ ખતરનાક છે અને આના પ્રભાવને ઓછો આંકી શકાય નહીં. ડબલ્યુએચઓએ આ ચેતવણી ઈટલીના એક ડૉક્ટરના નિવેદન બાદ આપી છે જેનુ કહેવુ છે કે વાઈરસ કમજોર પડી રહ્યો છે.

ડબલ્યુએચઓના ઈમરજન્સી ડાયરેક્ટર માઈકલ રયાને એક વર્ચુઅલ બ્રીફિંગમા કહ્યુ કે આપણે સાવધાન રહેવાની જરૂર છે. એ વિચારવુ યોગ્ય નથી કે વાઈરસ અચાનક ખતમ થઈ જશે અથવા તેનો પ્રભાવ ઓછો થઈ જશે.

ઈટલીના મિલાન નિવાસી ડૉક્ટર અલ્બર્ટો જેન્ગ્રિલોએ એક સ્થાનિક ટેલિવિઝન સાથેની વાતચીતમાં કહ્યુ હતુ કે કોવિડ-૧૯ સંક્રમણ પોતાની શક્તિ ગુમાવી રહ્યો છે અને ઓછો ઘાતક થઈ ગયો છે. તેમણે કહ્યુ કે એક અથવા બે મહિના પહેલાની તુલનામાં વાઈરસ હવે ઘણો કમજોર પડી ગયો છે. સાથે જ તેમણે એ પણ દાવો કર્યો છે કે ક્લિનિકલરીતે કોરોના વાઈરસ હવે ઈટલીમાં હાજર નથી.

ડૉક્ટર ભલે વાઈરસ કમજોર થવાનો દાવો કરે પરંતુ અધિકારીઓ અનુસાર ઉત્તરમાં લોમ્બાર્ડી સૌથી વધારે પ્રભાવિત વિસ્તાર બન્યો છે. અહીં અત્યાર સુધી ૧૬,૧૩૧ મોત નીપજયા છે અને ૮૯,૦૧૮ કેસ સામે આવ્યા છે. જોકે, સોમવારે માત્ર ૫૦ નવા કેસ નોંધાયા છે જે ઈટલીમાં ૨૬ ફેબ્રુઆરી બાદથી દરરોજ નોંધાનારા કેસમાં સૌથી ઓછા છે.

મારે હસીન સાથે કોઇ મતલબ નથીઃ મોહમ્મદ શમી

ટીમ ઇન્ડિયાના પેસર મોહમ્મદ શમીની પોતાની પત્ની હસીન જહાંની સાથે છેલ્લાં કેટલાંક સમયથી વિવાદ ચાલી રહ્યો છે. સોશિયલ મીડિયા પર હસીન જહાં એ શમીને લઇ ઇશારા-ઇશારામાં કેટલાંય આરોપ લગાવ્યો પરંતુ હવે શમીએ તેનો જવાબ આપ્યો છે. પેસર મોહમ્મદ શમી જરૂરિયાતમંદોને મદદ કરી રહ્યો છે. તેમણે સોમવારે બપોરે એક કાર્યક્રમમાં બસોમાંથી જતા પ્રવાસી મજૂરો અને બીજા યાત્રીઓને જાતે જ ભોજન અને ફળ આપ્યા. અહીં શમી એ પત્ની હસીન જહાંના આરોપો પર વાત કરી હતી. સ્ટાર પેસર શમીએ કહ્યું કે હસીનના તમામ આરોપ નિરાધાર અને જુઠ્ઠા છે. સાથો સાથ તેણે કહ્યું કે તે આરોપોને સાબિત કરીને દેખાડે. શમીએ કહ્યું કે હવે તેનો હસીન સાથે કોઇ મતલબ નથી. શમી અને હસીનની લડાઇ કોર્ટમાં પણ ચાલી રહ્યો છે.

ભારત ક્યારેય કોઈની સામે નમવાનું નથીઃ રક્ષામંત્રી

ચીને સીમા પર સૈનિકોનો જમાવડો કર્યો, વાતચીત જારી છેઃ રાજનાથ

કોરોના પ્રકોપ વચ્ચે પાકના લાભ ઊઠાવવા સંદર્ભે પાડોશી દેશને જડબાતોડ જવાબ આપવા રક્ષામંત્રીની સિંહ ગર્જના

નવી દિલ્હી

ચીન અને નેપાળ સાથેના સરહદને લગતા વિવાદને રાજકીય રંગ ન આપવાની વાત કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહે કરી છે. કારણ સરહદની સુરક્ષા દરેક ભારતીયથી જોડાયેલો મામલો છે. રક્ષામંત્રીએ વધુમાં જણાવ્યું કે ચીન સાથે અમારી વાતચીત ચાલી રહી છે. કેન્દ્ર સરકાર પાસે ચીન સાથેના તમામ મુદ્દાને હલ કરવા માટેનું પૂરતું મિકેનિઝ્મ છે. અને અમે તેના માધ્યમથી જ વિવાદનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ચીન સાથેના વિવાદ પર અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપે તાજેતરમાં આપેલા નિવેદન પર રાજનાથ સિંહે કહ્યું કે ભારત ચીન સાથે વાતચીત કરી રહ્યું છે. ભારત કોઈની સામે નમવાનું નથી. ભારત ક્યારેય પણ કોઈની સામે નતમસ્તક ના થયું છે, ના થશે. ભારતની કાર્યવાહીથી પાકિસ્તાન હચમચી ગયું છે, તે સવાલના જવાબમાં રાજનાથે કહ્યું કે પાકિસ્તાને ભારતના પગલા અંગે ખુશ થવું જોઈએ કે તેમના પડોશમાં કડક નિર્ણય લેનારી મજબુત નેતૃત્વવાળી સરકાર છે. આ ઉપરાંત કોરોના વાયરસ પર રાજનાથ સિંહે કહ્યું કે તે એક વૈશ્વિક મહામારી છે. તમામ દેશોએ સાથે મળીને તેનો સામનો કરવો જોઈએ. કોરોના વાયરસના પ્રકોપ વચ્ચે પાકિસ્તાન કોઈ રીતનો ફાયદો ઉઠાવશે કે કેમ તે સવાલના જવાબમાં તેમણે કહ્યું કે જો કોઈ આવું કરશે, તો તેને જડબાતોડ જવાબ મળશે. આ ઉપરાંત વિપક્ષ કોંગ્રેસની નિવેદનબાજી પર રાજનાથ સિંહે કહ્યું કે કોંગ્રેસના લોકો અમને મજૂરોની મદદ કરવા માટે કહે છે ત્યારે તેમણે પોતાને પણ વિચારવું જોઈએ કે આટલા વર્ષો દેશની સરકાર ચલાવી, તેમ છતાં દેશના લોકોની સ્થિતિ આટલી ખરાબ કેમ છે? કોંગ્રેસ પાર્ટીએ લોકોને ગરીબીમાં નાંખ્યા છે. રક્ષા મંત્રીએ કહ્યું કે ભાજપ-એનડીએ સરકારે કોરોના સંકટના સમયમાં ગરીબોને મદદ કરી છે અને તેમને ભોજન પણ પુરું પાડ્યું છે. રાજનાથ સિંહ કહ્યું કે અમે લોકડાઉન પણ ઉતાવળમાં નહોતું લાગુ કર્યું હતું અને અનલોકમાં પણ કોઈ ઉતાવળ કરાશે નહીં. અમે અનલોક-૦૧ને લઇને પૂરી રીતે તૈયાર છીએ. ચીન ઉપરાંત નેપાળ સાથે પણ સરહદી વિવાદ ચાલી રહ્યો છે, તે અંગે રક્ષામંત્રીએ નેપાળને અમે અમારા નાના ભાઇ જેવો માનીએ છીએ. એક ઘરમાં બે ભાઇઓ વચ્ચે વિવાદ થાય, તો કંઇ સંબંધો ના તોડાય. રક્ષામંત્રી રાજનાથ સિંહે પીઓકેને લઇને કહ્યું કે ભારતની સંસદમાં અનેકવાર આ મામલે પ્રસ્તાવ રજૂ થઈ ચૂકયો છે કે પાક અધિકૃત કાશ્મીરને ભારતમાં સામેલ કરો. પાક અધિકૃત કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે. આ મામલે આપણે રાહ જોવી જોઇએ. રક્ષામંત્રીએ પુલવામા-૨નું કાવતરું રચનારા પાકિસ્તાની મામલે કહ્યું કે આ મામલે સરહદ પર ભારતીય જવાનો જડબાતોડ જવાબ આપી જ રહ્યા છે.

આફ્રિકી-અમેરિકી જોર્જ ફ્લોયડની હત્યા બાદ તોફાનો

મેનહટ્ટનમાં પ્રદર્શનકારીઓની લૂંટફાટ બાદ ન્યૂયોર્કમાં કરફ્યૂ

હિંસક ટોળાએ લક્ઝરી ચીજવસ્તુઓ સહિતની અનેક દુકાનો તોડી, હિંસાને રોકવા તથા લોકોની સંપત્તિને થતાં

ન્યુયોર્ક

અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં એક તરફ કોરોના વાયરસનો પ્રકોપ છે. બીજી તરફ, આફ્રિકી-અમેરિકી જોર્જ ફ્લોયડની પોલીસ અટકાયતમાં હત્યા થયા બાદ અમેરિકામાં ભારે હિંસક પ્રદર્શનો શરુ થઈ ગયા છે, દરમિયાન મેનહટ્ટન સહિતના વિસ્તારોમાં દેખાવકારોએ ભારે લૂંટફાટ કરીને હિંસા પણ ફેલાવી હતી. આ ઘટનાના અનુસંધાનમાં ઓથોરિટી દ્વારા ન્યૂયોર્ક શહેરમાં કર્ફ્યૂ લાગી કરી દેવામાં આવ્યો છે. ન્યૂયોર્કના ગવર્નર એન્ડ્રયૂ ક્યૂમો અને મેયર ડી બ્લોસિયોએ સોમવારે જાહેરાત કરી કે ન્યૂયોર્ક શહેરમાં સોમવારે સવારે ૧૧ થી કર્ફ્યૂ લાગુ થશે, જે મંગળવારે સવારે પાંચ કલાક સુધી રહેશે. આ સાથે ગર્વનર એન્ડ્રુય ક્યૂમોએ એ પણ જાહેરાત કરી કે ન્યૂયોર્ક સિટી પોલીસ વિભાગ પોતાની ફોર્સ બમણી તૈનાત કરશે અને હિંસાને રોકવા તથા લોકોની સંપત્તિને થતાં નુકસાનને અટકાવવામાં મદદ માટે ૮૦૦૦ પોલીસ જવાનોને કામે લગાડશે. ૪૬ વર્ષીય અશ્વેત જોર્જ ફ્લોયડની પોલીસ દ્વારા ગળું દબાવી દેવાતા હત્યા થઈ હતી, આ ઘટનાના વિરોધમાં અમેરિકાના ૧૫૦ જેટલા શહેરમાં હિંસક દેખાવો શરુ થયા અને લોકો મોટા પ્રમાણમાં રસ્તાઓ પર ઉતરી આવ્યા છે. ન્યૂયોર્કમાં વધારાના અધિકારીઓ એ ક્ષેત્રોમાં તૈનાત કરશે જ્યાં હિંસા ભડકી છે અને ગત રાત્રે વિરોધ વિરોધ પ્રદર્શનો દરમિયાન સંપત્તિને નુકસાન પહોંચ્યું છે, ખાસ કરીને મેનહટ્ટન અને ડાઉનટાઉન બુકલિનમાં. જોકે, સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરાયેલા વીડિયો અને તસવીરોએ ખબર પડે છે કે શહેરના મોટાભાગના વિસ્તારોમાં શાંતિપૂર્વક વિરોધ પ્રદર્શન થયો, આ સાથે લૂંટફાટના કેટલાક ઉદાહરણો પણ છે. મેનહટ્ટનના મેડિસન એવન્યુ અને ફિફ્થ એવન્યૂની આસપાસ લોકો દુકાનો તોડતા જોવા મળ્યા, જ્યાં દુનિયાભરની તમામ લક્ઝરી અને બેસ્ટ બ્રાન્ડોની દુકાનો છે. લોકોના સમૂહે શહેરમાં ફાર્મસી, ઈલેક્ટ્રોનિક સ્ટોર અને અન્ય દુકાનો તોડી હતી. ગર્વનર એન્ડ્રયૂ કયૂમોએ કહ્યું કે કેટલાક ચરમપંથી સમૂહ છે, જે ફક્ત અરાજકતા ફેલાવવા ઈચ્છે છે, પરંતુ અમે તેમને સફળ થવા દઈશું. જે લોકો શાંતિપૂર્વક વિરોધ કરે છે, તેમની ભાવના અમે સમજીએ છીએ. હું શાંતિપૂર્વક વિરોધ કરે છે તેમની સાથે ઉભો છું. પરંતુ કેટલાક લોકો બદનામ કરવાની કોશિશ કરી રહ્યાં છે.

વાવાઝોડાનાં સામના માટે ઊર્જા વિભાગ સજ્જ : સૌરભ પટેલ

અમદાવાદ

વાવાઝોડા નિસર્ગ અસરને લઈને ઊર્જા વિભાગ દ્વારા પણ તૈયારીઓ કરવામાં આવી છે. વાવાઝોડાની અસર થાય તો વીજળી ન ખોરવાય તે માટેની વ્યવસ્થા કરાઈ છે. આ મામલે સૌરભ પટેલ પ્રતિક્રિયા આપી છે કે, ઊર્જા વિભાગ દ્વારા તમામ કંપનીઓમાં કંટ્રોલ રૂમ તૈયાર કરાયો છે. તમામ કંટ્રોલ રૂમમાં નોડલ ઓફિસરની નિમણૂંક કરાઈ છે. ઊર્જા વિભાગ દ્વારા પ્રાધાન્ય હોસ્પિટલ, સરકારી કચેરી, સીએચસી, પીએચસીમાં વિજળી ન ખોરવાય તેવી તૈયારીઓ કરાઈ છે. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, વાવાઝોડાની અસરને લઈને ઊર્જા મંત્રી સૌરભ પટેલનુ નિવેદન આવ્યું છે. વીજળી ખોરવાઈ નહી તેવી વ્યવસ્થા કરી છે. ૬૮૩ કોન્ટ્રાક્ટરો જરૂર પડે ત્યાં પહોંચી જશે. ૧૦૪ સબ ડિવિઝનમાંથી કર્મચારીઓ તૈયાર હશે. વાવાઝોડુ આવશે તો ઊર્જા વિભાગની તમામ તૈયારી રેડી છે. ગુજરાત પરથી નિસર્ગ વાવાઝોડાનું સંકટ ટળ્યું છે.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જેજે ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

એઇડ્સથી ઓછા મોત

જ્યારે પણ અમને ઉંઘ આવે છે અથવા તો થાકનો અનુભવ થાય છે ત્યારે અમે સામાન્ય રીતે કોફીનો ઉપયોગ કરીએ છીએ. કોફી પિવાના અનેક ફાયદા રહેલા છે. દાખલા તરીકે કોફી પિવાથી હાર્ટ અને દિમાગ સાથે સંબંધિત બિમારી થવાનો ખતરો ઓછો રહે છે. હવે વ્યાપક અભ્યાસ બાદ એવી બાબત પણ ઉભરીને સપાટી પર આવી છે કે જે લોકો કિડની સંબંધિત બિમારીથી ગ્રસ્ત છે અને પરેશાનીનો સામનો કરી રહ્યા છે તે લોકો જો કોફી પિવે તો તેમને વધારે ફાયદો થાય છે. કિડનીના દર્દીઓમાં મોતના જોખમને પણ તે ઘટાડી દેવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં આ બાબત ઉભરીને સપાટી પર આવી છે. આ અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે કોફી પિવાના કારણે એવા લોકોમાં મોતનો ખતરો ઓછો થઈ જાય છે જે કિડનીની ગંભીર બિમારીથી પરેશાન થયેલા છે. આ અભ્યાસમાં એવા દર્દીની સરખામણી ઓછા પ્રમાણમાં કોફી પિનાર સાથે કરવામાં આવી હતી. અભ્યાસ કરવામાં આવ્યા બાદ જે રિઝલ્ટ આવ્યા તે દર્શાવે છે કે જે વધારે પ્રમાણમાં કોફી પિતા હતા તે દર્દીઓમાં કિડની સંબંધિત બિમારીના કારણે થતા મોતના પ્રમાણમાં ૨૫ ટકા સુધીનો ઘટાડો થઈ ગયો હતો. શોધ કરનાર લોકોના કહેવા મુજબ કોફી કિડની સંબંધિત બિમારીમાં એક સુરક્ષા કવચ ઉપલબ્ધ કરાવે છે. તેના સંભવિત કારણ એ હોઈ શકે છે કે નાઈટ્રિક એસિડની અસર વધારે થાય છે. હકીકતમાં કોફીનાઈટ્રિક એસડ નામના તત્વને રિલિજ કરવામાં મદદ કરે છે. તે તત્વ કિડનીના કામને સુધારી દેવામાં ઉપયોગી સાબિત થાય છે. આ અભ્યાસના મુખ્ય લેખક મિગુલ વિયરાએ કહ્યુ છે કે આ પરિણામથી જાણવા મળે છે કે જે દર્દી કિડનીની ગંભીર બિમારીથી ગ્રસ્ત છે તે દર્દીએ કોફી વધારે પ્રમાણમાં ઉપયોગ કરવી જોઈએ. કારણ કે આના કારણે મૃત્યુ દરમાં ઘટાડો થઈ જાય છે. જર્નલ નેફ્રોલોજી ડાયલિસીસ ટ્રાન્સપ્લાન્ટેશમાં પ્રકાશિત કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે આ અભ્યાસના યોગ્ય તારણ પર પહોંચવા માટે ૪૮૬૩ લોકોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. તેમના ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અન્ય એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દૂધ વગર ચા પીવાથી વજનને ઘટાડવામાં મદદ મળે છે. વજન ઘટાડવામાં દૂધ વગરની ચા ખૂબ જ ઉપયોગી છે. વૈજ્ઞાનિકોએ વ્યાપક અભ્યાસ કર્યા બાદ કહ્યું છે કે ચાની અંદર ઉચ્ચસ્તરીય ઘટકો રહેલા છે. જે ફેટના પ્રમાણને ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે, થીઆફ્લેવીન્સ અને થીઆરૂબીગીન નામે ઓળખાતા ઘટકો સ્થુળતાને ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. હાઈ ફેટ ડાઈટ ઉપર જ્યારે ઉંદરોમાં આ પ્રકારના પ્રયોગો કરવામાં આવ્યા ત્યારે તેનો ફાયદો થયો હતો. અને આના પરિણામ પણ ઈચ્છિત રહ્યા હતા. સંશોધકો હવે માને છે કે આ નવા પરિણામથી ઘણી બાબતો જાણી શકાશે. ચાની અસરકારક અસરમાંથી બ્રિટનના લોકો લાભ લઈ રહ્યા નથી. વિશ્વના દેશોમાં ચાનું ઉપયોગ કરનારાઓમાં બ્રિટનના લોકોની સંખ્યા ખુબ મોટી છે.

ખતરનાક એઈડ્સના કારણે હજુ સુધી કુલ ૮ કરોડથી વધારે લોકોના મોત નિપજ્યા

વેક્સીન મામલે ભારત પર દુનિયાના દેશોની નજર કેન્દ્રિત થઈ

વેક્સીન સંદર્ભે ભારત પાછળ કેમ ?

કોરોના વાયરસને રોકવા માટે દુનિયાના દેશો લાગેલા છે. જેમાં અમેરિકા, ભારત, જર્મની, રશિયા, ચીન જેવા દેશો સામેલ છે. આમાંથી સૌથી પહેલા બાજી કોણ મારે છે તેને લઈને ચર્ચા છે. કોરોના વાયરસની વેક્સીન તૈયાર કરવામાં દુનિયાના દેશો લાગેલા છે ત્યારે ભારત પાછળ કેમ છે તે ચર્ચા છે. ભારતમાં પણ કોરોના વેક્સીન તૈયાર કરવામાં વૈજ્ઞાનિકો અને તબીબો લાગેલા છે. જો કે હજુ સુધી કોઇ દેશને આશાસ્પદ સફળતા મળી રહી નથી. ભારતની પ્રયોગશાળાઓ કોરોના વાયરસને રોકવા માટે વેક્સીન વિકસિત કરવામાં પાછળ કેમ છે. પ્રયાસો ચોક્કસપણે થઇ રહ્યા છે. પરિણામ પણ મળી રહ્યા છે પરંતુ અન્ય દેશોની જેમ સૌથી ઝડપથી સફળતા કેમ મળી રહી નથી. તમામ લોકો જાણે છે કે અમારા અંતરિક્ષ કાર્યક્રમ દુનિયાના તમામ દેશો કરતા સૌથી આગળ છે. અમેરિકા સાથે આજે ભારતીય અંતરિક્ષ કાર્યક્રમની સરખામણી કરવામાં આવે છે. ભારતના અંતરિક્ષ કાર્યક્રમની વિશ્વસનીયતા એટલી છે કે અમેરિકા સહિતના દેશો ભારત પર વિશ્વાસ રાખીને તેમના સેટેલાઇટ લોંચ કરવા ભારતને કહે છે. આ વેક્સીન તેયાર કરવાના મામલે ભારત પાછળ કેમ છે તે સવાલ હવે થાય છે. આ દિશામા ંપણ પહેલાથી જ ધ્યાન આપવાની જરૂર દેખાઇ રહી છે. ભારતમાં પહેલાથી જ એમ્સમાં કોરોના વાયરસપરીક્ષણની વ્યવસ્થા રહેલી છે. આ ઉપરાંત પુણેમાં સ્થિત નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ વાયરોલોજીમાં પણ કોરોના વાયરસના નિરીક્ષણની વ્યવસ્થા રહેલી છે. માર્ચના પ્રથમ સપ્તાહમાં વાયરસ ટેસ્ટ માટે લેબની સંખ્યા બે હતી જેને વધારીન હવે અનેક ગણી



કોરોના વાયરસને રોકવામાં વિશ્વના દેશોની તુલનામાં ભારતને વધારે સફળતા મળી હોવા છતા વેક્સીન મામલે હજુ સફળતા મળી નથી

કરી દેવામાં આવી છે. સૌથી મોટી અડચણ તો ૧૨૩ વર્ષ જુના કાનુનને લઈને છે. ૧૮૯૭માં અંગ્રજો દ્વારા બનાવવામાં આવેલા એપિડેમિક ડિસીઝ એક્ટ છે. જેનો બોજ અમે હજુ પણ ઉપાડી રહ્યા છીએ.તમામ જાણકાર નિષ્ણાંતો કહે છે કે ઇમરજન્સીની સ્થિતીમાં તરત જ કેબિનેટ બેઠક યોજીને આગળ વધી શકાય છે. કેટલાક નવા નિર્ણય લેવામાં આવી શકે છે. કેટલીક નવી કાનુની જોગવાઇ અમલી કરી શકાય છે. અમે દક્ષિણ કોરિયન અથવા તો જર્મન મોડલથી કોઇ બોધપાઠ લેવા માટે તૈયાર નથી. જર્મનીમાં તો પ્રાઇવેટ લેબ દાઇવિની હોફ બાયો ટેક હોલ્ડિંગમાં કોવિડ-૧૯ વાયરસને રોકવા માટે વેક્સીન તૈયાર કરવામાં આવી હોવાના દાવા કરવામાં આવી રહ્યા છે. જમીની માર્ગ સાથે જોડાયેલા તમામ યુરોપિયન દેશોએ તેમની સરહદોને સીલ કરી દીધી છે. યુરોપની દરિયાઇ સરહદ પર પણ આવી જ સ્થિતી રહેલી છે. ભારતને પણ વધારે નક્કર પગલા લેવાની જરૂર દેખાઇ રહી છે. ભારતમાં કોરોના વાયરસને રોકવા માટે વિશ્વના અન્ય દેશોની તુલનામાં વધારે પગલા લેવામાં આવી રહ્યા છે. વિદેશમાં ફસાયેલા ભારતીયોને પણ પરત લાવવામાં આવી ચુક્યા છે. ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં ચીનના વુહાન શહેરથી કોરોના વાયરસની શરૂઆત થયા બાદથી ભારત સહિત દુનિયાના ૨૧૩ દેશોના કોરોના વાયરસે હાહાકાર મચાવી દીધો છે. અસરગ્રસ્તોની સંખ્યા રેકોર્ડ સપાટી ઉપર પહોંચી છે. ભારતમાં પણ આંકડો વધી રહ્યો છે. ભારતમાં કેસોની સંખ્યા બે લાખની આસપાસ પહોંચી ગઇ છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં અનેક નવા કેસો નોંધાતા તંત્ર ચિંતાતુર છે. કોરોના વાયરસના ફેલાવવાને રોકવા દેશમાં યુદ્ધના ધોરણે પગલા લેવાઈ રહ્યા છે. ભારતે અસરકારક પગલા લીધા હોવા છતાં ખુબ રોકેટ ગતિ સાથે વેક્સીન પર કામ કરવાની જરૂર છે. ભારતના કુશળ વૈજ્ઞાનિકો આ સિદ્ધી ચોક્કસપણે હાંસલ કરી શકે છે.ભારતમાં કોરોનાના કેસોની સંખ્યા બે લાખની નજીક પહોંચી ગઇ છે. મોતનો આંકડો પાંચ હજારથી વધારે પહોંચી ગઇ છે. વિશ્વના દેશોમાં કેસો ૬૩ લાખ કરતા પણ વધારે છે.

ગરમ પાણીમાં મિક્સ કરીને પીવાથી તેના ફાયદા અનેક ગણા થાય છે

દરરોજ હલ્દરનુ પાણી પીવાની જરૂર

કોરોના વાયરસનો આતંક હાલમાં રહેલો છે ત્યારે હલ્દરનો ઉપયોગ હાલમાં દરરોજ કરવામાં આવે તો ખુબ ફાયદો થાય છે ખુબ ઓછા લોકોને આ અંગે માહિતી છે કે હલ્દર જુદા જુદા પૌષક તત્વોની ખાણ તરીકે છે. તેમાં શ્રેણીબદ્ધ ગુણ રહેલા છે. આના કારણે શરીરને અદ્‌ભુત લાભ મળે છે. ભોજનના સ્વાદને વધારી દેવા માટે પણ ભારતમાં હલ્દરનો ઉપયોગ જોરદાર રીતે કરવામાં આવે છે. હલ્દરને ભોજન અથવા તો દુધમાં જ નહીં બલ્કે ગરમ પાણીમાં મિક્સ કરીને પીવાથી શરીરને ફિટ રાખી શકાય છે. હલ્દર એન્ટીઓક્સીડન્ટની જેમ કામ કરે છે. તેમાં સોજા વિરોધી અને બેક્ટિરિયા વિરોધી ગુણ હોય છે. આજે અમે આ લેખ મારફતે હલ્દરના મહત્વની વાત કરવા જઇ રહ્યા છીએ. ગરમ પાણીમાં હલ્દર મિલાવીને પીવાથી શુ લાભ થાય છે તેને લઇને કેટલીક વાત કરવામાં આવી રહી છે. ગરમ પાણીમાં હલ્દર મિક્સ કરીને પીવાથી લાભ થાય છે. ક્યાં સમય પર હલ્દર મિક્સ પાણી પીવાથી વધારે લાભ થાય છે તે બાબત અંગે માહિતી રહે તે જરૂરીછે. ગરમી પાણી અને હલ્દરના કેટલાક લાભ રહેલા છે. હલ્દરમાં લિપોપોલીસેચિરિડ હોય છે. જે ઇમ્યુન સિસ્ટમને મજબુત કરવામાં ભૂમિકા અદા કરે છે. ફ્લુ અને શરદી ગરમી તેમજ ઉધરસના ખતરાને ઘટાડી દેવામાં તેની ભૂમિકા રહેલી છે. હલ્દરના બેક્ટિરિયા પ્રતિરોધી પ્રભાવથી કોઇ પણ પ્રકારના ઘાને વહેલી તકે ભરી દેવામાં મદદ મળે છે. હલ્દરનુ પાણી સોજાને ઘટાડી દેવામાં ઉપયોગી સાબિત થાય છે. જોડમાં દુખાવાને ઘટાડી દેવામાં તે ઉપયોગી સાબિત થાય છે. જાણકાર લોકો કહે છે કે આર્થરાઇટિસ જેવી સમસ્યાઓથી બચવા માટે



હલ્દરને ગુણની ખાણ તરીકે ગણવામાં આવે છે : હલ્દર એવી ચીજ છે જેના કારણે આરોગ્યને અદ્‌ભુત લાભ મળી શકે છે

અથવા તો રાહત મેળવી લેવા માટે તે અસરકારક સાબિત થાય છે. હલ્દરમાં ટ્યુમર રોકવાના ગુણ હોય છે. જેથી હલ્દરનુ પાણી પિવાથી ખુબ હદ સુધી કેન્સરના ખતરાને ટાળવામાં મદદ મળે છે. આ કાર્ડિયોવેસ્કુલર રોગ અને સ્ટ્રોકના ખતરાને રોકવામાં મદદરૂપ બને છે. તે ખતરનાક સાબિત થઇ રહેલા કોલેસ્ટ્રોલના લેવલને ઘટાડી દેવામાં ઉપયોગી બને છે. હલ્દરના ગુણ દિમાગ અથવા તો મસ્તિષ્કને અલ્જાઇમર રોગથી બચાવી લેવામાં મદદરૂપ બને છે. વધતી જતી વયમાં થનાર માનસિક વિકારથી બચાવી લેવામાં પણ તે ઉપયોગી સાબિત થાય છે. હલ્દરનુ પાણી શરીરમાં ફેટ જમવાથી રોકવામાં મદદ કરે છે. હલ્દરનુ પાણી કઇ રીતે બનાવવામાં આવે તે બાબત ઉપયોગી છે. પાણી બનાવવા માટે સૌથી પહેલા એક ગિલાસ ગરમ પાણી લેવામાં આવે. તે ઉકાળવા માટે ગેસ પર મુકી દેવામાં આવે છે. તેમાં એક નાની ચમચી હલ્દર પાઉડર નાંખી દેવામાં આવે છે. સ્વાદ માટે તેમાં શહેદ નાખી શકાય છે. આ પાણીનો ઉપયોગ દરરોજ કરવામાં આવે તો ફાયદો થાય છે. કેટલીક સ્થિતીમાં હલ્દરનુ પાણી નુકસાન કરે છે. કારણ કે આના કારણે હાનિકારક પ્રભાવ થઇ શકે છે. જો આપને પથરી છે તો હલ્દરના પાણીથી નવી સમસ્યા ઉભી થઇ શકે છે. હલ્દર લોહીના થર બનવાની પ્રક્રિયાને ધીમી કરી શકે છે. આના કારણે ઇજા થવાની સ્થિતીમાં બ્લિડિંગ થવાનો ખતરો વધી જાય છે. સર્જરી કરાવવાની સ્થિતીમાં ઓછામાં ઓછા બે સપ્તાહ પહેલા હલ્દરના પાણીને બંધ કરી દેવામાં આવે તે જરૂરી છે. હલ્દરમાં રહેલા કરક્યુમિન બ્લડશુગર લેવલને ઘટાડી દેવામાં ભૂમિકા અદા કરી શકે છે. ડાયાબિટીસના દર્દીઓ સાવધાન રહે તે જરૂરી છે. હલ્દરના વધારે ઉપયોગ થવાની સ્થિતીમાં શરીરમાં આયરનને નુકસાન થાય છે. જો તમારા શરીરમાં આયરનની કમી છે તો હલ્દરનો ઉપયોગ નહીંવત સમાન કરવામાં આવે તે જરૂર છે. હલ્દરનુ પાણી આરોગ્યની અનેક સમસ્યાને દુર કરવામાં ભૂમિકા અદા કરે છે. સ્વસ્થ રહેવાના આ ખુબ સરળ તરીકા તરીકે છે.

ફેન્ટેસી સ્પોર્ટસ એક પ્રકારની રમત તરીકે છે

ફેન્ટેસી સ્પોર્ટસ આખરે શુ છે

ફેન્ટેસી સ્પોર્ટસની બોલબાલા ભારતમાં વધી રહી છે.જો કે આને લઈને લોકો પાસે હજુ માહિતી ઓછી છે. યુવા પેઢી આને લઈને વધારે ક્રેઝ ધરાવે છે. જો કે પહેલાના લોકો પાસે આને લઈને કોઇ માહિતી નથી. જેથી પહેલાના લોકો આને લઈને વારંવાર પ્રશ્ન કરતા નજરે પડે છે. ફેન્ટેસી સ્પોર્ટસ આખરે શુ છે તેવો પ્રશ્ન કરવામાં આવે ત્યારે તેમના માટે જવાબ એ છે કે ફેન્ટેસી સ્પોર્ટસ એક રીતે ખેલ તરીકે છે. જેને સામાન્ય રીતે ઈન્ટરનેટનો ઉપયોગ કરીને રમવામાં આવે છે. જ્યાં સ્પર્ધામાં ભાગ લઈ રહેલા લોકો પ્રોફેશનલ ખેલના વાસ્તવિક ખેલાડીની કાલ્પનિક અથવા તો આભાસી ટીમને એકત્રિત કરે છે. આ ટીમ વાસ્તવિક ખેલોમાં એવા ખેલાડીઓના સ્ટેટિક પ્રદર્શનના આધાર પર સ્પર્ધા કરે છે. આ પ્રદર્શનને એવા પોઈન્ટમાં સામેલ કરવામાં આવે છે. ફેન્ટેસી સ્પોર્ટસ એક પ્રકારની રમત તરીકે છે. જ્યાં દરેક ખેલાડી એક ટીમ બનાવી શકે છે. તે ૨૫થી ૩૦ ખેલાડીઓના પુલમાંથી ખેલાડીઓની પસંદગી કરી શકે છે. ખેલ શરૂ કરવામાં આવ્યા બાદ યુજર્સને વાસ્તવિક મેચમાં પ્રદર્શનના આધાર પર ટીમના ૧૧ ખેલાડીઓ માટે પોઈન્ટ આપવામાં આવે છે. આ પોઈન્ટ અલગ અલગ સ્પોર્ટસના આધાર પર આપવામાં આવે છે. આવનાર સમયમાં ફેન્ટેસી સ્પોર્ટસની બોલબાલા વધારે રહી શકે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ફેન્ટેસી સ્પોર્ટસની માંગ અનેક ગણી રીતે વધી રહી છે. આની માંગને પૂર્ણ કરવા માટે પણ તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આની માંગને પૂર્ણ કરવા માટે કેટલાક ઈનોવેટિવ એપ્સ પણ બજારમાં ઉપલબ્ધ બની રહ્યા છે.જુદા જુદા એપની વાત કરવામાં આવે તો બલ્લેબાજી ડોટ કોમ,ક્રિક પ્લે, માઇ ટીમ ૧૧નો સમાવેશ થાય છે. ફેન્ટેસી સ્પોર્ટસ માર્કેટ કદમાં દિન પ્રતિદિન ઝડપથી વધારો થઇ રહ્યો છે. તેનુ કદ અનેક ગણુ વધી શકે છે. આવનાર સમયમાં યુવા પેઢી માટે વધારે આની સાથે સંબંધિત એપ્સ તૈયાર કરવામાં આવે તેવી શક્યતા છે.

ટેક વર્લ્ડ : ફેન્ટેસી સ્પોર્ટસ માટે ખાસ એપ્સ પણ ઉપલબ્ધ છે...

ભારતીયોમાં ફેન્ટેસી સ્પોર્ટસનો ક્રેઝ

કોરોના કાળમાં હાલમાં લોકો મોટા ભાગે ઘરમાં સમય ગાળી રહ્યા છે. આવી સ્થિતીમાં લોકો જુદી જુદી રીતે એક્ટિવ રહેવાના પ્રયાસ કરે છે. હાલના દિવસોમાં દેશમાં ફેન્ટેસી સ્પોર્ટસનો ક્રેઝ વધી રહ્યો છે.આના માટે કેટલીક ઉપયોગી એપ્સ પણ હવે ઉપલબ્ધ બની ચુકી છે. અમે ભારતીય લોકો ખોખો, કબડ્ડીથી લઈને ફુટબોલ તેમજ ક્રિકેટ સહિત તમામ રમતને પસંદ કરીએ છીએ. ભારતીય લોકોમાં લગભગ તમામ રમતેને લઈને ક્રેઝ જોવા મળે છે. આ જ બાબતને ધ્યાનમાં લઈને જન્મેલા કેટલાક સ્ટાર્ટ અપ આઇડિયાના કારણે આજે ભારતીય લોકો ફેન્ટેસી સ્પોર્ટસના ક્રેઝને લઈને રોમાંચિત થઈ રહ્યા છે. ફેન્ટેસી સ્પોર્ટસની બોલાબાલા ભારતમાં દેખાઈ રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ફેન્ટેસી સ્પોર્ટસની માંગ અનેક ગણી રીતે વધી રહી છે.આમાં પણ કોરોનાના સમયમાં તો તેની બોલબાલા ખાસ રીતે રહી છે. આની માંગને પૂર્ણ કરવા માટે પણ તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આની માંગને પૂર્ણ કરવા માટે કેટલાક ઈનોવેટિવ એપ્સ પણ બજારમાં ઉપલબ્ધ બની રહ્યા છે.જુદા જુદા એપની વાત કરવામાં આવે તો બલ્લેબાજી ડોટ કોમ,ક્રિક પ્લે, માઇ ટીમ ૧૧નો સમાવેશ થાય છે. માય ટીમ ૧૧ એક એવા જ એપ તરીકે છે. જેમાં ક્રિકેટ ઉપરાંત અન્ય કેટલાક સ્પોર્ટસ પણ રમવાની તક મળી જાય છે. તેમાં મનપસંદ ખેલાડીઓની પસંદગી કરવાની સ્વતંત્રતા હોય છે. વર્ષ ૨૦૧૬માં લોંચ કરવામાં આવેલા આ એપ વર્તમાન સમયમાં એક કરોડ કરતા વધારે લોકોની સાથે પ્રથમ સ્થાન પર છે. આ એપમાં કબડ્ડી, ફુટબોલની સાથે સાથે

કોરોના વાયરસની સ્થિતી વચ્ચે લોકો વધારે એક્ટિવ : ભારતમાં ફેન્ટેસી સ્પોર્ટસની બોલબાલા : ઇચ્છા મુજબ અનેક ઇનોવેટિવ એપ્સ બજારમાં

તમામ સ્પોર્ટસની મજા માણી શકાય છે. અહીં યુઝર્સ એપ્લીકેશનની સાથે ઈન્ટરકનેક્ટ કરીને સ્પર્ધામાં ભાગ લઈ શકે છે. સાથે સાથે ખેલમાં પોતાના જ્ઞાન મુજબ જીત હાંસલ કરી શકે છે. આ યુઝર્સ ફેન્ડલી એપ છે. જે યુઝર્સને માત્ર એપ ડાઉનલોડ કરવાની માંગ કરે છે. બલ્લેબાજી ડોટ કોમ પણ આવી જ એક એપ તરીકે છે. વર્ષ ૨૦૧૮માં બલ્લેબાજી ફેન્ટેસી સ્પોર્ટસ પ્લેટફોર્મ તરીકે તેની શરૂઆત થઈ હતી. ત્યારબાદથી આ આ પ્લેટફોર્મ યુઝર્સ બેઝ અને ફેન્ટેસીના કેટલાક કામોની ઓફર કરે છે. ફેન્ટેસી કબડ્ડી અને ફેન્ટેસી ફુટબોલની સાથે સાતે બલ્લેબાજીના યુઝર બેઝ હવે ૩૦ લાખના આંકડા સુધી પહોંચી જતા તેને જોનાર લોકો કેટલા છે તે આ બાબતની સાબિતી આપે છે. જેમાં ૧૦ લાખ દરરોજના ખેલાડી છે. જે એપ પર તેમની ટીમ બનાવે છે. બલ્લેબાજી બેટિંગ ફેન્ટેસી અને બોલિંગ ફેન્ટેસી ફોર્મેટની સાથે એકમાત્ર ફેન્ટેસી ક્રિકેટ પ્લેટફોર્મ તરીકે છે. જ્યાં યુઝર્સ પાંચ ખેલાડીની પસંદગી કરી શકે છે. સાથે સાથે ક્લાસિક ફેન્ટેસી ફોર્મેટની સાથે કેટલીક લીગમાં ભાગ લઈ શકે છે. આ ભારતના સૌથી નવા મફત ફેન્ટેસી સ્પોર્ટસ ગેમ એપ તરીકે છે. ક્રિક પ્લે ભારતના સૌથી નવા મફત ફેન્ટેસી સ્પોર્ટસ ગેમ એપ તરીકે છે. આ ખેલની અસલી ક્રિકેટ મેચ જીતવા જેવી ખુશી અને રોમાંચ ઉપલબ્ધ કરાવે છે. સાથે સાથે પોતાના ક્રિકેટના જ્ઞાનના પ્રદર્શનને કરવાની પણ તક આપે છે. અહીં આપને દરેક પ્રકારના સ્પોર્ટસ રમવા માટેની તક આપે છે. આ ભારતમાં પોતાના પ્રકારના પ્રથમ એપ તરીકે છે જે ગૌતમ ગંભીર જેવા મહાન ખેલાડી સાથે ઓનલાઈન ક્રિકેટ રમવાની તક આપે છે. આમાં તમે મોટા મોટા ક્રિકેટ ખેલાડીઓ સાથે સ્પર્ધા કરી શકો છો.જે ક્રિકેટના જુદા જુદા ફોર્મેટમાં આંતરરાષ્ટ્રીય સ્તર પર ભારતીય ટીમના હિસ્સા તરીકે રહી ચુક્યા છે. સાથે સાથે ભારત તરફથી જોરદાર દેખાવ પણ કરી ચુક્યા છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે દુનિયાની દરેક વ્યક્તિને સ્પોર્ટસ સાથે પ્રેમ હોય છે. આપના સ્પોર્ટસ ફેન્ટેસી માટે ક્યા ક્યા એપ ઉપયોગી અને રોમાંચ સર્જે તેવા છે તેમાં અભ્યાસ કરવામાં આવે તો કહી શકાય છે કે ફેન્ટેસી સ્પોર્ટસ માટે પણ ખાસ એપ્સ ઉપલબ્ધ છે. આવનાર સમયમાં ફેન્ટેસી સ્પોર્ટસને લઈને અન્ય નવી નવી એપ્સ વધારે રોમાંચ સાથે બજારમાં આવી શકે છે. ભારતીય લોકોના ક્રેઝને જોતા હવે ટેક વર્લ્ડમાં રહેલા નિષ્ણાંત લોકો હવે એપના આઇડિયા સાથે આવી રહ્યા છે. લોકોની પસંદ શુ છે તે અંગે જાણવા માટે સર્વે પણ કરવામાં આવી રહ્યા છે. હાલમાં તો માઇ ટીમ ૧૧, બલ્લેબાજી ડોટ કોમ અને ક્રિક પ્લેની બોલબાલા દેખાઇ રહી છે. આ પ્લેટફોર્મ પર લાખો લોકો આની મજા માણી રહ્યા છે. ક્રિકેટ ઉપરાંત અન્ય રમતોની મજા પણ માણવામાં આવી રહી છે.

કોરોનાથી MSMEને મરણતોલ ફટકો, ૩૫% એકમોના શટર પડી જશે

ન્યુ દિલ્હી

કોરોના વાયરસની મહામારીને રોકવા માટે જાહેર કરાયેલા દેશવ્યાપી લોકડાઉનથી અર્થવ્યવસ્થાને મોટુ નુકસાન પહોંચ્યુ છે. એવામાં ઓલ ઈન્ડિયા મેન્યુફેક્ચર્સ ઓર્ગેનાઈઝેશન દ્વારા કરાયેલા એક સર્વે મુજબ દેશમાં એક તૃત્યાંશથી વધારે માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈસમાં રિકવરીનો કોઈ નક્કર આધાર કે શક્યતા દેખાતી નથી. જેને પગલે એકમો બંધ કરવાની નોબત સર્જાઈ છે. નોંધનિય છે કે આ સર્વેમાં નવ અન્ય ઔદ્યોગિક સંસ્થાઓને પણ શામેલ કરાઈ છે.

કોરોના વાયરસ અને લોકડાઉનથી પીડિત અર્થતંત્રને બેઠું કરવા માટે મોદી સરકાર દ્વારા રૂ.૨૦ લાખ કરોડના આત્મનિર્ભર ભારત યોજનાની જાહેરાત કરી છે. જો કે આ રાહત પેકેજની સહાય હજી સુધી એમએસએમઈ એકમો સુધી પહોંચી અને ઉદ્યોગોને થયેલા નુકસાનની ભરપાઈ માટે પણ તે પૂરતું નથી.

ઓર્ગેનાઈઝેશને આ સર્વેમાં એમએસએમઈ, સ્વ-રોજગાર, કોર્પોરેટ સીઈઓ અને કર્મચારીઓના ૪૬,૦૦૦ પ્રતિભાવોને શામેલ કરાયા છે. આ સર્વે ૨૪થી ૩૦ મે, ૨૦૨૦ દરમિયાન ઓનલાઈન કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનિય છે કે, ભારતમાં ૬.૫ કરોડથી વધારે એમએસએમઈ એકમો છે અને તે ૧૫ કરોડ લોકોને રોજગારી આપે છે.

સર્વે મુજબ ૩૫ ટકા એમએસએમઈ અને ૩૭ ટકા સ્વ-રોજગાર સાથે જોડાયેલા લોકોનું કહેવુ છે કે તેમના એકમો ફરીથી ચાલુ થવા બહુ જ મુશ્કેલ છે. ૩૨ ટકા એમએસએમઈનું કહેવુ છે કે તેમના ઉદ્યોગોને આ સ્થિતિમાંથી બહાર આવવામાં હજી છ મહિનાનો સમય લાગશે. જ્યારે ૧૨ ટકાએ કહ્યુ કે ત્રણ મહિનાથી પણ ઓછા સમયમાં તેમના એકમોની સ્થિતિ સુધરી જશે. તો સર્વેમાં સમાવિષ્ટ લગભગ ૬% કોર્પોરેટ ઉત્તરદાતાઓ અને ૧૧% સ્વ રોજગારી મેળવનાર ખુશ હતા અને તેઓ અસરગ્રસ્ત ન હતા. કારણ કે, આ ઉત્તરદાતાઓને વેપાર-ધંધો મોટાભાગે ચાલુ હતો અથવા આવશ્યક ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા.

સરકારે ગયા મહિને એમએસએમઈને મદદ કરવા માટે વિવિધ પગલાંની જાહેરાત કરી હતી, જેમાં ૩ લાખ કરોડની જામીનગીરી વગરની લોન અને નાના ઉદ્યોગોમાં ઈક્વિટી તરીકે રૂ. ૫૦,૦૦૦ કરોડનું રોકાણ કરવા માટેના ભંડોળનો સમાવેશ થાય છે.

દિલ્હીમાં ઉપ-રાજ્યપાલની ઓફિસમાં ફૂટ્યો કોરોના બોમ્બઃ ૧૩ પોઝિટિવ કેસ મળ્યા

ન્યુ દિલ્હી

રાજધાની દિલ્હીમાં કોરોના વાયરસ ઉપરાજ્યપાલ અનિલ બૈજલની ઓફિસ સુધી પહોંચી ગયો છે. દિલ્હીના ઉપરાજ્યપાલની ઓફિસમાં ૧૩ લોકો કોરોના પોઝિટિવ મળ્યા છે. આ જાણકારી મંગળવારે સવારે સામે આવી. દેશમાં અનલોક ૧.૦ લાગુ થઈ ચૂક્યું છે પરંતુ સમગ્ર ભારતની સાથે દિલ્હીમાં પણ કોરોના વાયરસ વધી રહ્યો છે. દિલ્હીમાં કોરોનાના કેસ ૨૦ હજારને પાર પહોંચી ગયા છે.

સોમવારે ચાર દિવસ બાદ દિલ્હીમાં કોવિડ-૧૯ના સંક્રમણના એક હજારથી ઓછા કેસ આવ્યા. પાછલા ૨૮ મેથી ૩૧ મે વચ્ચે સતત દિલ્હીમાં એક હજારથી વધારે કેસ આવી રહ્યા હતા. પરંતુ ૧લી જૂને દિલ્હીમાં કોવિડ-૧૯ના ૯૯૦ કેસ આવ્યા. હવે દિલ્હીમાં કેસની સંખ્યા ૨૦ હજારને પાર પહોંચી ગઈ છે. અત્યારે કુલ ૨૦,૮૩૪ લોકો સંક્રમિત છે. દિલ્હીમાં ૫૦ વધુ મોત સાથે મૃતકોનો આંકડો ૫૨૩ થઈ ગયો છે.

મ.પ્રદેશ કોંગ્રેસનું વિવાદાસ્પદ ટ્વીટ, 'એક બંકરમાં છૂપાય છે અને બીજો એક્કર પાછળ'

ન્યુ દિલ્હી

મધ્ય પ્રદેશ કોંગ્રેસ એક ટ્વીટ કરીને અમેરિકાના આંતરિક મામલે ટિપ્પણી કરી છે આ સાથે જે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પણ હુમલો કરવામાં આવ્યો છે. જો કે ટ્વીટમાં કોઈનું નામ લખવામાં આવ્યું નથી.

અમેરિકામાં અશ્વેત વ્યક્તિના મોત બાદ સમગ્ર દેશમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. શુક્રવારે પ્રદર્શનકારી વ્હાઈટ હાઉ સુધી પહોંચી ગયા હતા ત્યારબાદ ટ્રમ્પે કેટલાક સમય માટે બંકરમાં લઈ જવામાં આવ્યા હતા. આ ઘટનાને ટાંકીને મધ્ય પ્રદેશ કોંગ્રેસે ટ્વિટર પર લખ્યું છે કે, એક બંકરમાં છૂપાય છે અને એક એક્કર પાછળ છૂપાય છે. ટ્વિટર પર મધ્ય પ્રદેશના આ ટ્વીટને લઈને આકરી પ્રતિક્રિયા સામે આવી રહી છે. કેટલાક લોકો કહી રહ્યા છે કે ભારતીય રજકારણમાં એક સ્થાપિત પરંપરા છે કે ઘરેલું રાજકારણમાં મિત્ર દેશોના આંતરિક બાબતો પર ટિપ્પણી કરાતી નથી.

ભારતના એલએસી પાસે પહોંચી ગઈ ચીની સેનાઃ અમેરિકી વિદેશમંત્રી

ન્યુ દિલ્હી

અમેરિકન વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ કહ્યું કે ચીન અસલી ઓથોરિટેરિયન રિઝીમ એટલે કે સત્તાવાદી શાસનની જેમ હરકતો કરી રહ્યું છે. તેમણે કહ્યું કે સત્તાવાદી શાસનની જેમ પગલાં ઉઠાવતા ચીને પોતાની સેનાને ભારતની લાઈન ઓફ એક્ચુઅલ કંટ્રોલની નજીક મોકલી દીધા છે. માઈક પોમ્પિયોએ કહ્યું કે અમે સતત જોઈ રહ્યા છીએ કે ચીન ઉત્તરી ભારતની સરહદની લાઈન ઓફ એક્ચુઅલ કંટ્રોલની પાસે પોતાની સૈન્ય હાજરીને વધારી રહ્યું છે.

ચીન પર પ્રહાર કરતાં પોમ્પિયોએ કહ્યું કે ચીન કોરોના વાયરસથી ફેલાયેલ કોવિડ-૧૯ મહામારીને લઈ દુનિયાભરમાં પોતાની ભૂમિકા નિભાવામાં મોડું કરતું રહ્યું. હોંગકોંગમાં તેઓ લોકોની સ્વતંત્રતા પર પ્રહારો કરી રહ્યું છે. તેમણે કહ્યું કે ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીના આ પગલાં તેનો ચહેરો દેખાડે છે. તેઓ દક્ષિણ ચીન સાગરમાં હાજરી વધારી રહ્યા છે. ઈંટેલેક્ચુઅલ પ્રોપર્ટી ચોરી રહ્યું છે. આવા પગલાં સત્તાવાદી શાસન ઉઠાવે છે અને તેઓ જે કરી રહ્યા છે તેની અસર બસ ચીની લોક કે પછી હોંગકોંગના લોકો પર જ પડશે નહીં આખી દુનિયા પર પડશે.

તેમણે એક પ્રશ્નના જવાબમાં કહ્યું કે આ પગલાં સહિત ભાતરની સરહદો પર જે ચીન કરી રહ્યું છે તે હંમેશાથી કરી રહ્યું છે. તેમણે કહ્યું કે આ બસ છેલ્લાં ૬ મહિનાની વાત નથી. અમે જોયું છે કે ચીન છેલ્લાં કેટલાંય વર્ષોથી પોતાની સૈન્ય ક્ષમતા વધારી રહ્યું છે અને ખૂબ જ આકરા પગલાં ભરી રહ્યું છે. આ ક્રમમાં તેઓ દુનિયાભરમાં કેટલીય જગ્યાઓ પર પોર્ટ કે બેલ્ટ કે પછી રોડ ઈનીશિએટિવ ચલાવી રહ્યું છે. એવી જગ્યાઓ પર જ્યાં પોતાના નેવીની હાજરીને વધારી શકે.

કોરોના બાદ કોંગોમાં ઈબોલા વાઈરસે વધારી મુશ્કેલી, ૪ના મોત

કિંશાસા

કોરોના વાઈરસ સંક્રમણ વચ્ચે કોંગોમાં ઈબોલા વાઈરસનો પગપેસારો થઈ રહ્યો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનએ આ વાતની પુષ્ટી કરી દીધી છે. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા પ્રમાણે, કોંગોમાં ઈબોલાના ૬ નવા કેસો સામે આવ્યા છે. જેમાંથી ૪ના મોત થઈ ચૂક્યાં છે.

જણાવી દઈએ કે, કોંગોમાં કોરોનાથી સંક્રમિતોની સંખ્યા ૩૦૦૦ને પરા પહોંચી ચૂકી છે. એવામાં કોંગોએ હવે કોરોના બાદ ઈબોલા વાઈરસ સામે જંગ લડવી પડશે.

કોંગોના સ્વાસ્થ્ય અધિકારીઓએ જણાવ્યું કે, પશ્ચિમી શહેર મબંડાકામાં ઈબોલા વાઈરસના ૬ નવા કેસો સામે આવ્યા છે. જેમાંથી ૪ લોકોના મોત થયા છે. અગાઉ ૨૦૧૮માં ઈબોલા વાઈરસે કોંગોમાં અનેક લોકોનો ભોગ લીધો હતો. જ્યારે કોંગોમાં ઈબોલા વાઈરસના નવા કેસો સામે આવ્યા છે.

ડબલ્યુએચઓના ચીફ ટેડ્રોસે જણાવ્યું કે, કોંગોના સ્વાસ્થ્ય મંત્રાલયે ઈબોલા વાઈરસના કેસ અંગે જાણકારી આપી છે. કોરોના વાઈરસ એકમાત્ર ખતરો નથી, ઈબોલા પણ જોખમી છે. અમારી ટીમ ત્યાંજ છે અને મદદ કરી રહી છે. અમે સતત સ્થિતિ પર નજર રાખી રહ્યાં છીએ.

કોંગો સરકાર માટે રાહતની વાત છે કે, જે શહેરમાં ઈબોલા વાઈરસના કેસો સામે આવ્યા છે, ત્યાં કોરોનાના અત્યાર સુધી એકપણ કેસ નથી નોંધાયા. આથી વહીવટી તંત્રએ માત્ર એક જ વાઈરસનો સામનો કરવાનો રહેશે.

કેજરીવાલે દિલ્હી કોરોના એપ લોન્ચ કરી, જે જણાવશે કે કઈ હોસ્પિટલમાં બેડ ખાલી છે

ન્યુ દિલ્હી

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે પ્રેસ કોન્ફ્રેન્સ કરી રાજયમાં કોરોનાની સ્થિતિને લઈને વાત કરી હતી.આ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે એક એપ લોન્ચ કરાઈ રહી છે. જે જણાવશે કે દિલ્હીની કઈ હોસ્પિટલમાં કેટલા બેડ ખાલી છે. જેનાથી કોરોનાના દર્દીઓએ સારવારને લઈને રખડવું ન પડે. તેમણે લોકોને કોરોનાને લઈને ચિંતા ન કરવાનું પણ કહ્યું હતું. આ એપનું નામ દિલ્હી કોરોના છે.

એપ લોન્ચ કરતા તેમણે કહ્યું કે આ એપ જણાવશે કે દિલ્હીમાં પ્રાઈવેટ કે સરકારી કઈ હોસ્પિટલમાં કેટલા બેડ ખાલી છે. હાલ દિલ્હીમાં ૩૦૨ વેન્ટિલેટર છે. જેમા ૨૧૦ ખાલી છે. એપને દિવસમાં બે વાર અપડેટ કરાશે. સવારે ૧૦ વાગ્યે અને સાંજે છ વાગ્યે. એપનું નામ દિલ્હી કોરોના છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે બેડની જાણકારી www.delhifights-corona.in/beds વેબસાઈટ ઉપર પણ મળશે. આ ઉપરાંત ૧૦૩૧ નંબરની હેલ્પલાઈન ઉપર ફોન કરવાથી SMS દ્વારા જાણકારી મોકલવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે જો કોઈ હોસ્પિટલ બેડ ખાલી હોવા છતા દર્દીને દાખલ ન કરે તો તમે ૧૦૩૧ ઉપર ફોન કરી શકો છો. સ્વાસ્થ્ય અધિકારીઓ તમને તરતજ બેડ અપાવશે.

મુખ્યમંત્રી કેજરીવાલે કહ્યું કે દિલ્હીમાં કોરોનાના કેસ વધી રહ્યા છે, પરંતુ અમે એટલી વ્યવસ્થા પણ કરી છે. જો તમારા ઘરમાં કોઈ બીમાર થાય છે, તો તેમના માટે બેડ, ઓક્સિજન અને ઁઝેંની વ્યવસ્થા છે. આજે ૬ હજાર ૭૩૧ બેડ છે, દિલ્હીની હોસ્પિટલમાં ૨૬૦૦ દર્દીઓ છે, લગભગ ૪૧૦૦ બેડ ખાલી છે.

હોંગકોંગમાં દેખાવોનુ સમર્થન કરનાર અમેરિકા પોતાના દેશમાં દેખાવકારોને ગોળી મારે છેઃ ચીન

બેઇજિંગ

અમેરિકામાં અશ્વેત વ્યક્તિ જયોર્જ ફલોઈડના પોલીસ કસ્ટડીમાં થયેલા મોત બાદ ભડકી ઉઠેલા તોફાનોના કારણે હવે ચીનને અમેરિકાને ઘેરવાનો મોકલો મળી ગયો છે.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવકતાએ કહ્યુ હતુ કે, અમેરિકા હોંગ કોંગમાં દેખાવો અને તોફાનો થાય તો તેમના વખાણ કરે છે અને અમેરિકામાં જે લોકો પ્રદર્શન કરી રહ્યા છે તેમને તોફાનીઓ તરીકે ઓળખાવે છે.

પ્રવક્તા જાઓ લિજીઆને કહ્યુ હતુ કે, હોંગ કોંગના દેખાવો પાછળ દેશને તોડવા માંગતા આંતરિક અને બહારી પરિબળોનો હાથ હતો.આઝાદી સમર્થક આંદોલન અને કાળા કપડા પહેરનારા લોકોએ રાષ્ટ્રિય સુરક્ષાને ગંભીર ખતરામાં નાંખી દીધી હતી.

અમેરિકાએ હોંગકોંગમાં આઝાદી સમર્થકોના વખાણ કર્યા હતા અને અમેરિકામાં જાતિવાદી માનસિકતા સામે વિરોધ વ્યક્ત કરવા ઉતરેલા લોકોને અમેરિકાએ તોફાનીઓમાં ખપાવી દીધા છે. તેમણે કહ્યુ હતુ કે, હોંગ કોંગ પોલીસ પ્રદર્શન અટકાવે તો અમેરિકા ટીકા કરે છે અને પોતાના દેશમાં દેખાવકારોને ગોળીઓ મારે છે.

રાહુલ ગાંધી વડાપ્રધાન મોદીના રસ્તેઃ મન કી બાત જેવા કાર્યક્રમની શરુઆત કરશે

ન્યુ દિલ્હી

કોંગ્રેસનાં પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી પણ ટૂંક સમયમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનાં મન કી બાત જેવા કાર્યક્રમની શરૂઆત કરી શકે છે. સુત્રોનાં જણાવ્યા પ્રમાણે નામ જાહેર ન કરવાની શરતે કોંગ્રેસ પાર્ટીનાં એક નેતાએ કહ્યું કે, 'અમે હાલમાં તેના પર કેવી રીતે કામ કરી શકીએ તેની યોજના બનાવી રહ્યા છીએ અને તેની ચર્ચા કરી રહ્યા છીએ. અમે નિષ્ણાતોની સલાહ પણ લઈ રહ્યા છીએ. આ માટે રાહુલ ગાંધી આગામી સમયમાં પોડકાસ્ટ સર્વિસ પણ અજમાવી શકે છે. એક અખબાર અનુસાર કોંગ્રેસ પાર્ટી તેની તૈયારી કરી રહી છે.

કોંગ્રેસ સાથે જોડાયેલા વ્યક્તિએ કહ્યું કે, તેઓ લિંક્ડિન પ્લેટફોર્મ પર પણ નજર રાખી રહ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે લોકડાઉન સમયે પાર્ટીનાં સોશિયલ મીડિયા અભિયાનને નોંધપાત્ર ટેકો મળ્યો હતો. તેમણે કહ્યું, 'અમારી ઓનલાઈન ઝુંબેશ' સ્પીક અપ ઈન્ડિયા 'ને ૨૮ મે નાં રોજ ઘણો ટેકો મળ્યો. એક જ દિવસમાં ઘણાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પાંચ મિલિયનથી વધુ સંદેશા પ્રાપ્ત થયા છે.

નોંધપાત્ર વાત એ છે કે, આ પહેલા રાહુલ ગાંધીએ થોડા સમય પહેલા જ પોતાની યુટ્યુબ ચેનલ શરૂ કરી હતી. લોકડાઉન દરમિયાન રાહુલ ગાંધીએ તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કર્યો હતો, જેમાં અત્યાર સુધીમાં ૨,૯૪,૦૦૦ સબ્સ્ક્રાઈબર્સ થઈ ચુક્યા છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનાં પ્રવાસી મજૂરો સાથેની વાતચીતને તેમની ચેનલ પર સાડા સાત કરોડથી વધુ વખત જોવામાં આવી હતી.

સુરંગ બનાવીને ચોર દારૂની દુકાનમાં ઘૂસ્યા, ૧૩ લાખના દારૂની ચોરી કરી ફરાર

જોહાનિસબર્ગ

દક્ષિણ આફ્રિકામાં કોરોના વાયરસને કારણે લાગુ કરવામાં આવેલા ૬૬ દિવસના લોકડાઉન ખતમ થાય તેના એક દિવસ પહેલા જોહન્સિબર્ગ શહેરમાં કેટલાક ચોર સુરંગ બનાવીને એક દારૂની દુકાનમાં ઘૂસી ગયા હતા. ચોર દારૂ દુકાનમાંથી ૩,૦૦,૦૦૦ રૈન્ડ (લગભગ ૧૩ લાખ ૬૦ હજાર રૂપિયા)ના દારૂ લઈને ફરાર થઈ ગયા હતા.

દેશમાં માર્ચથી લાગુ કરાયેલા લોકડાઉનને કારણે દારૂના વેચાણ પર પ્રતિબંધ છે. દુકાનના માલિકે જણાવ્યું કે, સીસીટીવી ફૂટેજથી ચોરોની ઓળખ થઈ ગઈ છે. તેઓ ૧૦ દિવસ પહેલા પણ દુકાનમાં આવ્યા હતા. ચોરોને પકડવા માટે કોઈપણ જાણકારી આપવા માટે ૫૦,૦૦૦ રૈન્ડનું ઈનામ રાખવામાં આવ્યું છે.

દક્ષિણ આફ્રીકા દારૂની દુકાન પર વધી રહેલી ચોરીની ઘટનાઓને કારણે દુકાનના માલિકોએએ સુરક્ષા ગાર્ડોને તહેનાત કર્યા છે. લોકડાઉનને કારણે દારૂના વેચાણ પર પ્રતિબંધ છે તેથી ચોરી કરીને બ્લેક માર્કેટમાં ૧૦ ગણા ભાવે વેચવામાં આવી રહ્યો છે. દક્ષિણ આફ્રિકામાં કોરોના વાયરસના ૩૪,૩૫૭ કેસ સામે આવ્યા છે અને ૭૦૫ લોકોના મોત થયા છે.

આઈએએનએસ-સી વોટરે કરેલા સર્વે પ્રમાણે

વડાપ્રધાન મોદીના કામકાજથી ૨/૩ લોકો સંતુષ્ટઃ સર્વે

ન્યુ દિલ્હી

મોદી સરકારની બીજી ઈનિંગનુ એક વર્ષ પુરુ થયુ છે ત્યારે કરવામાં આવેલા એક સર્વેમાં બહુમતી ભારતીયોએ પીએમ નરેન્દ્ર મોદીની કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો છે. કોરના કાળમાં જ્યારે દુનિયામાં મોટાભાગના દેશોના નેતાઓની રેટિંગમાં ઘટાડો થયો છે ત્યારે ભારતમાં નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા યથાવત છે. આઈએએનએસ-સી વોટરે કરેલા સર્વે પ્રમાણે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ૫૮.૩૬ ટકા લોકો પીએમ મોદીના કામથી ખૂબ જ સંતોષ હોવાનુ કહી રહ્યા છે. જ્યારે ૨૪.૦૧ ટકા લોકોએ અમુક હદે સંતોષ હોવાનુ અને ૧૬.૭૧ ટકાએ અસંતોષ હોવાનુ કહ્યુ છે. રાજ્યોની વાત કરવામાં આવે તો ઓરિસ્સામાં ૯૫.૬ ટકા લોકોએ પીએમ મોદીની કામગીરી વખાણી છે.માત્ર ૨.૨ ટકા લોકોને પીએમ મોદીના કામથી સંતોષ નથી. હિમાચલ અૂને છત્તીસગઢ તેમજ આંધ્રપ્રદેશમાં અનુક્રમે ૯૩.૫ ટકા, છત્તીસગઢમાં ૯૨.૭૩ ટકા અને આંધ્રમાં ૮૩.૬ ટકા લોકો પીએમ મોદીની કામગીરીથી ખુશ છે.ઝારખંડમાં કે જ્યાં ભાજપ ગયા વર્ષે વિધાનસભા ચૂંટણી હારી ચુકી છે ત્યારે પણ ૬૪ ટકા લોકો પીએમ મોદીની કામગીરીને સારી ગણાવી રહ્યા છે.રાજ્યમાં પીએમ મોદીનુ ઓવરઓલ એપ્રૂવલ રેટિંગ ૮૨.૮૭ ટકા છે. મહારાષ્ટ્રમાં પણ પીએમ મોદીની લોકપ્રિયતાના વાવટા યથાવત છે.૭૧.૪૮ ટકા લોકોએ પીએમના કામકાજથી સંતોષ હોવાનો મત વ્યક્ત કર્યો છે.નોર્થ ઈસ્ટના રાજ્યોમાં પણ ૬૯.૪૫ ટકા લોકોએ પીએમની કામગીરીની વખાણી છે.

મૂડી'ઝે મોદી દ્વારા અર્થતંત્રના સંચાલનને 'ભંગારથી' એક ડગલું ઉપર રેટિંગ આપ્યું : રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ દેશની અર્થવ્યવસ્થા અંગે ચિંતા વ્યક્ત કરતા અવાજ ઉઠાવ્યો છે. પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષે જણાવ્યું કે ગ્લોબલ રેટિંગ એજન્સી મૂડી'ઝે દેશના અર્થતંત્રનું ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સંચાલન 'ભંગાર કરતા ડગલું ઉપર' હોવાનું જણાવ્યું છે. રાહુલ ગાંધીએ માઈક્રો બ્લોગિંગ સાઈટ ટ્વિટર પર એક અહેવાલને ટ્વીટ કરતા મોદી સરકારને આડેહાથ લીધી હતી.

રાહુલે વધુમાં જણાવ્યું કે ગરીબો, નાના અને મધ્યમ ઉદ્યોગોને સમર્થનનો અભાવ હજુ વધુ ખરાબ સયય બાકી હોવાનું સુચવે છે. મૂડી'ઝે ભારતનું રેટિંગ બીએએ૨થી ઘટાડીને બીએએ૩થી કર્યું હતું તેમજ આઉટલૂક નેગેટિવ યથાવત્ રાખ્યું હતું. મૂડી'ઝે ભારતનું રેટિંગ ડાઉનગ્રેડ કરતા કેન્દ્ર સરકાર માટે નીચા ગ્રોથનો પડકાર તેમજ નીતિવિષયક બાબતોને લાગુ કરવી વધુ કપરું બને તેવી સંભાવના છે. મૂડીઝે બે દાયકાથી વધુ સમય બાદ પ્રથમ વખત ભારતનું રેટિંગ ડાઉનગ્રેડ કર્યું છે.

રાહુલ ગાંધીએ મૂડીઝના રેટિંગ ડાઉનગ્રેડના અહેવાલને ટાંકીને પીએમ મોદી પર નિશાન સાધ્યું હતું. ટ્વિટર પર રાહુલે જણાવ્યું કે ભારતની અર્થવ્યવસ્થા ભંગાર કરતા એક કદમ ઉપર હોવાનું રેટિંગ એજન્સી મૂડીઝે જણાવ્યું છે. ગરીબોને કોઈ મદદ મળી નથી રહી જે સુચવે છે કે આગામી સમય વધુ ખરાબ રહી શકે છે.

દેશના ૭૦ ટકા લોકોની ઈચ્છા છે કે મોદી ફરી વડાપ્રધાન બનશેઃ યેદિયુરપ્પાનો દાવો

બેંગ્લુરુ

કર્ણાટકના મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાએ દાવો કર્યો કે દેશના ૭૦ ટકા લોકો ઈચ્છે છે કે પીએમ નરેન્દ્ર મોદીના ફક્ત પોતાના વર્તમાન કાર્યાલય પુરો કરે પરંતુ આગામી વખતે પણ વડાપ્રધાન બને. તેમણે કહ્યું કે કલ ૩૭૦ ખતમ કરવાને લઈને મોદીને 'લોહ પુરૂષ' ગણાવ્યા અને કહ્યું કે કલમને દૂર કરતાં જમ્મૂ કાશ્મીરનો વિશેષ દરજ્જો ખતમ થઈ ગયો છે. યેદિયુરપ્પાએ કહ્યું કે 'આ દેશના ૭૦ ટકા લોકો ઈચ્છે છે કે નરેન્દ્ર મોદી ના ફક્ત પોતાનો કાર્યકાળ પુરો કરે પરંતુ આગામી વર્ષે પણ તે વડાપ્રધાન બને જેથી આ દેશના સમક્ષ હાલની સમસ્યાઓનો ઉકેલ લાવી શકે. આ તરૂણ ભારતની આકાંક્ષા છે. તેમણે કહ્યું કે મોદીએ બીજા કાર્યકાળનું પ્રથમ વર્ષ સફળતાપૂર્વક પુરૂ કર્યું અને દેશના તેમના 'અસાધારણ તથા દૂરદ્રષ્ટિપૂર્ણ નેતૃત્વમાં પ્રગતિના પથ પર વધી રહ્યો છે. તેમણે કહ્યું કે ''વડાપ્રધાન પોતાના 'સબકા સાથ, સબકા વિકાસ' સિદ્ધાંત અને સમાવેશ યોજાનાઓ સાથે દેશને વિકાસના પથ પર આગળ લઈ જઈ રહ્યા છે. તેમણે કહ્યું કે મોદી ''મજબૂત અને આત્મનિર્ભર ભારત'' ભારતના નિર્માણની દિશામાં પ્રયાસરત છે. મોદી સરકારના બીજા કાર્યકાળના એક વર્ષની પૃષ્ઠભૂમિમાં મુખ્યમંત્રીએ સંવાંદદાઅતાઓને કહ્યું કે ફક્ત ભારતમાં જ નહી પરંતુ દુનિયાભરમાં મોદીના તેમના 'વસુધૈવ કુટુમ્બકમ' મંત્રાથી અસાધારણ નેતાની ઓળખ બની છે.

કોરોના સંક્રમિતોનો આંકડો ૨ લાખની નજીક,૯૭૫૮૧ એક્ટિવ કેસ

લૉકડાઉનમાં છુટછાટના પ્રથમ દિવસે જ કોરોના વિસ્ફોટ: ૮૧૭૧ પોઝિટિવ કેસ નોંધાયા

૨૪૦ના મોત સાથે મૃત્યુઆંક ૫,૫૯૮એ પહોંચ્યોઃ મહારાષ્ટ્ર, ગુજરાત, તમિલનાડુમાં કોરોનાના કેસો વધતાં સરકારની ચિંતામાં વધારો

ન્યુ દિલ્હી

દેશમાં હવે દરરોજ કોરોનાના ૮ હજારથી વધારે નવા કેસ નોંધાયા છે. મંગળવારે સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જારી રિપોર્ટ અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં ૮ હજાર ૧૭૧ નવા કેસ સામે આવ્યા છે અને આ જીવલેણ બીમારીની ચપેટમાં આવીને ૨૦૪ લોકોના મોત નીપજ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૭૦૯ લોકો સાજા થયા છે.

દેશમાં કુલ સંખ્યા ૧ લાખ ૯૮ હજાર ૭૦૬ છે. જેમાંથી ૫ હજાર ૫૯૮ લોકોના મોત થઈ ચૂક્યા છે. રાહતની વાત એ છે કે લગભગ ૫૦ ટકા એટલે તે ૯૫ હજાર ૫૨૭ દર્દી કોરોનાની જંગ જીતી ચૂક્યા છે. અત્યારે દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૯૭ હજાર ૫૮૧ છે. છેલ્લા કેટલાક દિવસોમાં દર્દીઓના સાજા થવાનો આંકડો તેજીથી વધી રહ્યો છે.

કોરોનાથી સૌથી વધારે મહારાષ્ટ્ર પ્રભાવિત છે. અહીં કુલ દર્દીઓનો આંકડો ૭૦ હજારને પાર કરી ગયો છે. અત્યાર સુધી ૨ હજાર ૩૬૨ લોકો પોતાનો જીવ ગુમાવી ચૂક્યા છે જ્યારે ૩૦ હજારથી વધારે લોકો સાજા થઈ ચૂક્યા છે. હજુ ૩૭ હજાર ૫૪૩ એક્ટિવ કેસ છે. બીજા નંબરે તમિલનાડુ છે અહીં અત્યાર સુધી ૨૩ હજારથી વધારે કેસ સામે આવ્યા છે. જેમા ૧૮૪ લોકોના મોત નીપજ્યા છે.

કોરોનાના કુલ કેસમાં દિલ્હી ત્રીજા નંબરે છે. અત્યાર સુધી અહીં ૨૦ હજાર ૮૩૪ કેસ સામે આવી ચૂક્યા છે. જેમાં ૫૨૩ લોકોના મોત નીપજ્યા છે જ્યારે ૮૭૪૬ લોકો સાજા થઈ ચૂક્યા છે. ગુજરાતમાં કુલ દર્દીઓનો આંકડો ૧૭ હજાર ૨૦૦ થઈ ગયો છે જેમાં ૧૦૬૩ લોકોના મોત નીપજ્યા છે. રાજસ્થાનમાં કુલ દર્દીઓની સંખ્યા ૮૯૮૦ છે જેમાં ૧૯૮ લોકોના મોત નીપજ્યા છે. મધ્ય પ્રદેશમાં કુલ દર્દીઓની સંખ્યા ૮૨૮૩ છે જેમાં ૩૫૮ના મોત થઈ ચૂક્યા છે. ઉત્તર પ્રદેશમાં દર્દીઓનો આંકડો ૮૦૭૫ છે જેમાં ૨૧૭ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે.

રાહતના સમાચાર: કોરોનાથી બિમાર લોકોની ટકાવારી ઘટીને ૨.૮૩ ટકાએ પહોંચી

ન્યુ દિલ્હી

કોરોના મહામારીની વિરૂદ્ધ દેશમાં જંગ છેડાઇ છે. આ જીવલેણ વાયરસને માત આપવા માટે દરેક રાજ્યએ મોટી તૈયારી કરી રાખી છે. ખૂબ જ સંક્રમણ હોવાના લીધે આ બીમારીની ઝપટમાં આવનારા લોકોની સંખ્યા તો દરરોજ વધી રહી છે પરંતુ સારી વાત એ છે કે કોવિડ-૧૯થઈ દેશમાં મોતનો આંકડો ઘટી રહ્યો છે અને આ બીમારીથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા પણ ઝડપથી વધી રહી છે. ધીમે-ધીમે ભારતમાં કોરોના નબળો પડતો રહ્યો છે અને આ ટ્રેન્ડ રહ્યો તો ટૂંક સમયમાં જ બીમાર થનારાઓની સામે સ્વસ્થ થનારાઓની સંખ્યા વધી ગઇ હશે.

૪૫ દિવસ પહેલાં કોવિડ-૧૯થી બીમાર લોકોના મોતની ટકાવારી ૩.૩ ટકા હતી જ્યારે આ ઘટીને ૨.૮૩ ટકા થઇ ગયો છે. ૧૮મી મેના રોજ મૃત્યુદર ૩.૧૫ ટકા હતો જે ૩ મેના રોજ ૩.૨૫ ટકા હતો. ભારતમાં એક દિવસમાં સૌથી વધુ મોતનો સરકારી આંકડો ૨૩૦ છે. દેશમાં કોરોનાથી મૃતકોની સંખ્યા વધીને ૫૩૯૪ સુધી પહોંચી ગઇ છે અને તેનાથી બીમાર લોકોની સંખ્યા ૧ લાખ ૯૦ હજારથી વધુ છે.

દેશમાં અત્યારે ૯૩૩૨૨ એક્ટિવ કેસ છે. ૯૧૮૧૮ કોરોનાથી સ્વસ્થ થઇને ઘરે આવી ચૂકયા છે. છેલ્લાં ૨૪ કલાકમાં ૪૮૩૫ લોકોને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઇ છે. કેન્દ્ર સરકારની ૮મી મેના રોજની ગાઇડલાઇન્સ પ્રમાણે નજીવા અને મધ્યમ કોરોના પીડિત દર્દીઓમાં જો લક્ષણ વધતા નથી તો તેમને ૧૦ દિવસ બાદ તંદુરસ્તી જહેરાત કરી દીધી છે. એટલે કે આવનારા સમયમાં કોરોનાથી સ્વસ્થ થનાર લોકોની સંખ્યામાં વધારો થશે.

કોવિડ-૧૯થી રિકવરી રેટ પણ સુધર્યો છે અને આ ૪૮.૧૯% સુધી પહોંચી ગયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના ડેટા પ્રમાણે ૧૮મી મેના રોજ રિકવરી રેટ ૩૮.૨૯ટકા હતો જ્યારે ૩ મેના રોજ આ ૨૬.૫૯ ટકા રહ્યો હતો. ૧૫ એપ્રિલના રોજ રિકવરી રેટ અંદાજે ૧૧.૪૨ ટકા હતો. રિકવરી રેટ વધવાના સંકેત મળી રહ્યા છે. આથી દેશમાં આ બીમારીથી સ્વસ્થ થવાની ઓળખ અને સારવાર થઇ રહી છે. અલગ-અલગ રાજ્યોમાં રિકવરી રેટ ચોક્કસ અલગ છે પરંતુ ઓવરઓલ તસવીર ઉત્સાહવર્ધક છે.

સ્વાસ્થય મંત્રાલયના મતે દેશમાં મોતની સંખ્યા સતત ઘટવાનું મુખ્ય કારણ આ બીમારીની સમય પર ઓળખ અને તેની તરત સારવાર છે.

કંપનીઓ પોતાનો કારોબાર સમેટી ભારત આવવાની તૈયારીમાં

કોરોના મહામારીઃ ૬૦૦ કંપનીઓ ચીનને બાય-બાય કહેવાના મૂડમાં

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના કારણે વિશ્વભરમાં ચીન સામે ગુસ્સો દેખાઈ રહ્યો છે. ચીનથી ફેલાયેલ આ જીવલેણ વાયરસથી દુનિયાભરમાં અત્યાર સુધી ૬૩ લાખથી વધુ લોકો સંક્રમિત થયા છે. જ્યારે ૩.૭૭ લાખ લોકોના મોત થયા છે. કોરોના વાયરસે ભારતમાં પણ હાહાકાર મચાવ્યો છે. પરંતુ હવે કોરોના વાયરસના કારણે ચીનને પણ મોટો ઝટકો લાગે એવા સંકેત મળી રહ્યા છે. કારણ કે લગભગ ૬૦૦ કંપનીઓ પોતાનો કારોબાર સમેટીને ભારત આવવાની તૈયારી કરી રહી છે.

એક મીડિયા રિપોર્ટ મુજબ ભારત સરકારની આ કંપનીઓ સાથે વાતચીત ચાલી રહી છે. આ યોજનાને સફળ બનાવવા માટે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયએ રાજ્યો સાથે પણ સંપર્ક સાધ્યો છે. જે રાજ્ય સૌથી ઓછી કિંમતે અને ઓછા સમયમાં પ્લાન્ટ લગાવવાની સુવિધા આપશે. એવા રાજ્યોને ત્યાં વિદેશી કંપનીઓને જવા મંજૂરી આપવામાં આવશે. રાજ્યોને પણ અલગથી પ્રોત્સાહન આપવામાં આવશે.

એક ખાનગી મીડિયાને આપેલા ઈન્ટરવ્યૂમાં ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે વિદેશી કંપનીઓને ભારતમાં લાવવા માટે રાજ્યોની ભૂમિકા મહત્વની હશે. સરકારની કોશિશ છે કે વિદેશી કંપનીઓને પોતાના રાજ્યમાં આમંત્રિત કરવા માટે રાજ્યો વચ્ચે પ્રતિસ્પર્ધા થાય. વિદેશી કંપનીના યૂનિટ માટે જમીન આપવા અને યૂનિટ સ્થાપિત કરવાની પ્રક્રિયા સરળ બનાવવા માટે રાજ્યોને તૈયાર કરવામાં આવી રહ્યા છે.

પીયૂષ ગોયલે કહ્યું કે કોરોના વાયરસે પડકારો આપ્યા છે તો સાથે જ કેટલીક તક મળવાના સંકેત પણ આપ્યા છે. આ અંગે સરકાર ઉદ્યોગ જગત સાથે મળીને આગળની રણનીતિ બનાવી રહી છે. અલગ-અલગ ઉદ્યોગો માટે અલગ-અલગ રણનીતિ બનાવવા આવી રહી છે.

કોંગ્રેસના દિગ્ગજ નેતા શક્તિસિંહ ગોહિલના માતૃશ્રીનું નિધન

ગાંધીનગર

કોંગ્રેસના દિગ્ગજ નેતા શક્તિસિંહ ગોહિલના માતૃશ્રીનું આજે નિધન થયું છે. શક્તિસિંહ ગોહિલે મંગળવારે બપોરે ટ્વિટ કરી માતૃશ્રીના નિધનના સમાચાર આપ્યા હતા. શક્તિસિંહ ગોહિલે ટ્વિટ કરતાં કહ્યું કે, આજે મારા જીવનમાં સૌથી મોટી ખોટ પડી છે. મારી માનું નિધન થયું છે. મને પુરો વિશ્વાસ છે કે મારા બધા જ શુભચિંતકોની સંવેદના મારી સાથે છે. કોરોનાની મહામારીને કારણે કોઈ પણ રૂબરૂમાં મળવા ન પધારે.

ઉલ્લેખનીય છે કે શક્તિસિંહ ગોહિલ ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતા છે. આ સાથે હાલમાં તેઓ ગુજરાતમાંથી રાજ્યસભાની ચૂંટણી પણ લડી રહ્યા છે જેને લઈ ૧૯મી જુને મતદાન છે. શક્તિસિંહ ગોહિલ હાલમાં બિહાર કોંગ્રેસના પ્રભારી તરીકેની જવાબદારી પણ સંભાળી રહ્યા છે.

પ.બંગાળ ભાજપમાં મોટા ફેરફાર: ચંદ્ર કુમાર બોઝને ઉપાધ્યક્ષ પદેથી હટાવાયા

કોલકાત્તા

પશ્ચિમ બંગાળમાં ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણી પહેલા ભારતીય જનતા પાર્ટી પ્રદેશ શાખામાં મોટા ફેરફાર કરતા છથી વધારે પાર્ટી નેતાઓની ફેરબદર કરી નવા નેતાઓને સ્થાન આપ્યુ છે. પાર્ટીઓ મહત્વના પ્રદેશ ઉપાધ્યક્ષ, મહામંત્રી અને સેક્રેટરી જેવા પદો માટે નેતાઓની ફેરબદલ કરી છે.

ગત વર્ષે કેન્દ્ર સરકારના નાગરિકતા સુધારણા બિલ સામે મોરચો ખોલનારા નેતાજી સુભાષ ચંદ્ર બોઝના પૌત્ર ચંદ્ર કુમાર બોઝને પાર્ટીએ પ્રદેશ ઉપાધ્યક્ષ પદેથી હટાવ્યા છે.

બંગાળ બીજેપીમાં ફેરબદલ માટે પાર્ટી વિરોધી સ્ટેન્ડને કારણભૂત માનવામાં આવી રહ્યુ છે. બોલીવૂડ અભિનેત્રી અગ્નિમિત્રા પોલને મહિલા મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. બંગાળ બીજેપીએ આપેલી માહિતી મુજબ કુલ ૧૨ નેતાઓને પ્રદેશ ઉપાધ્યક્ષની જવાબદારી સોંપવામાં આવી છે. પાંચ નેતાઓને પ્રદેશ મહામંત્રી પદ સોંપવામાં આવ્યુ છે. જ્યારે દસ નેતાઓને પ્રદેશ સચિવની જવાબદારી સોંપવામાં આવી છે.

જમ્મુ-કાશ્મીરના ત્રાલમાં સુરક્ષાદળોએ એક આતંકવાદીને ઠાર કર્યો

ત્રાલ

જમ્મુ-કાશમીરના ત્રાલમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ સર્જાઈ છે. મંગળવારે સવારે સેનાએ એક આતંકવાદીને ઠાર માર્યો છે. અગાઉ સોમવારે પણ રાજૌરી જિલ્લાના નૌશેરા સેક્ટરમાં એલઓસીની પાસે સેનાએ ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા હતા.

જમ્મુ-કાશ્મીર પોલીસે જણાવ્યું કે, ત્રાલ વિસ્તારના સાઈમોહ ગામમાં મંગળવારે સવારે સુરક્ષાદળોને એક આતંકવાદીઓને ઠાર માર્યો છે. સેના અને આતંકવાદીઓની વચ્ચે અથડામણ સર્જાઈ છે. પોલીસે જણાવ્યું કે માર્યા ગયેલા આતંકવાદીઓને ઓળખ કરવામાં આવી રહી છે. વિસ્તામાં હજુ પણ કેટલાક આતંકવાદીઓ છૂપાયેલા છે જેને લીધે એક્રાઉન્ટ ચાલું છે

પોલીસે જણાવ્યું હતું કે, સુરક્ષાદળોએ આતંકવાદીઓને સરેન્ડર કરવા કહ્યું હતું પરંતુ તેમણે સેના પર ફાયરિંગ શરૂ કરી દીધું હતું. ફાયરિંગ બાદ સુરક્ષાદળોની જવાબી ફાયરિંગમાં આતંકવાદીઓનું મોત થયું હતું.

અગાઉ સોમવારે જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લાના નૌશેરા ભારતીય સેનાએ એલઓસી પાસે ઘૂષણખોરી કરી રહેલા ત્રણ આતંકવાદીઓના ઠાર કર્યા હતા. આતંકવાદીઓ પાસેથી હથિયાર અને વિસ્ફોટક જથ્થો મળ્યા હતા.

સુપ્રિમ કોર્ટમાં ત્રણ જજોની ખંડપીઠે ફાઇલની જગ્યાએ લેપટોપનો ઉપયોગ કર્યો

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટમાં પહેલી વખત બેંચ પેપરલેસ જોવા મળી છે. સુપ્રીમ કોર્ટમાં ત્રણ જ્જોની ખંડપીઠે મોટી-મોટી ફાઇલની જગ્યાએ લેપટોપનો ઉપયોગ કર્યોછે. જસ્ટિસ ડી વાઇ ચંદ્રચૂડ, જસ્ટિસ હેમંત ગુપ્તા અને જસ્ટિસ અજય રસ્તોગીએ સોમવારે લેપટોપનો ઉપયોગ કરી પેપરલેસ માટે વીડિયો કોન્ફરન્સ દ્વારા સુનાવણી કરી છે.

ખરેખર, ચીફ જસ્ટિસ એસએ બોબડેએ હાલમાં જ દેશમાં સુપ્રીમ કોર્ટમાં કેસોની ઈ-ફાઈલિંગ શરૂ કર્યું છે. જેના કારણે સુપ્રીમ કોર્ટમાં હવે રજિસ્ટ્રારમાં જૂની રીતે અરજી દાખલ નથી થઇ રહી. ખાસ કરીને જ્યારે સુનાવણી દરમિયાન જ્જોને કેસની મોટી-મોટી ફાઇલ અને દસ્તાવેજ જોવા પડે છે. સુનાવણી થયા બાદ સામાન્ય રીતે ન્યાયધીશ ફાઇલને ગાંઠ મારી આગળ કાસ્ટ ડેસ્ક પર ફાઇલ મોકલી આપતાં હોય છે. હવે સુપ્રીમ કોર્ટમાં ટેક્નોલોજીનો ઉપયોગ વધ્યો છે. જસ્ટીસ ડીવાઇ ચંદ્રચુડની અધ્યક્ષતામાં ઇ-કમિટિનું ગઠન કરવામાં આવ્યું હતું. આ જસ્ટિસ ડીવાઇ ચંદ્રચૂડનું સુચન છે. જેને લઈને સમય અને ખર્ચ બંનેની બચત થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે આ અગાઉ કોરોના વાયરસની મહામારી વચ્ચે દેશમાં લાગુ કરવામાં આવેલ લોકડાઉન દરમિયાન સુપ્રીમ કોર્ટમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા પણ સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

આઈએનએસ જલશ્વ શ્રીલંકામાં ફસાયેલા ૬૮૫ ભારતીયોને લઈને સ્વદેશ પહોંચ્યું

કોચ્ચિ

કોરોના મહામારીને કારણે લાગુ કરાયેલા લોકડાઉનથી વિદેશમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવાની પ્રક્રિયા સતત ચાલુ છે. જેમાં ભારતીય નૌકાદળનું જહાજ આઈએનએસ જલશ્વ શ્રીલંકામાં ફસાયેલા ૬૮૫ ભારતીયો સાથે સ્વદેશ પરત ફર્યું છે. પરત ફરેલા યાત્રીઓમાં ૧૨૫ મહિલાઓ અને સાત બાળકો છે. પ્રવાસીઓએ પોતાના ઘરે પરત ફરવાની ખુશી વ્યક્ત કરતાં ભારત સરકારનો આભાર માન્યો હતો. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, આઈએનએસ જલશ્વ સોમવારે રાત્રે કોલંબો બંદરથી નીકળ્યું હતું. વિદેશમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવાના નૌસેનાના મિશનના ત્રીજા તબક્કાના ભાગરૂપે આ જહાજ સોમવારે સવારે કોલંબો પહોંચ્યું હતું. ઉલ્લેનીય છે કે, ભારતીય નૌકાદળના ઓપરેશન સમુદ્ર સેતુ કાર્યક્રમ અંતર્ગત પ્રથમ બે તબક્કામાં આશરે ૧૫૦૦ ભારતીય નાગરિકોને માલદીવથી સુરક્ષિત ઘરે પરત લાવ્યા હતા.

આત્મનિર્ભર ભારત પહેલા પાનાથી ચાલુ

આ માણસની સૌથી મોટી તાકાત છે. આપણે લોકોના જીવ બચાવવા અને અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવી પડશે. તમે બધા ઉદ્યોગના લોકો અભિનંદનને પાત્ર છો. હું ગેટિંગ ગ્રોથ બેકથી આગળ વધીને કહીશ... વી આર ગેટિંગ ગ્રોથ બેક....!. તમે આશ્ચર્યચકિત થશો કે કટોકટીની આ ઘડીમાં હું આત્મવિશ્વાસ સાથે કેવી રીતે બોલું છું. પણ આનાં ઘણાં કારણો છે. મને ભારતની પ્રતિભા અને તકનીક પર વિશ્વાસ છે.

આ સંકટની ઘડીમાં આટલા આત્મવિશ્વાસ સાથે હું આ વાત કરી રહ્યો છું તેનું કારણ ભારતીયોની પ્રતિભા અને ક્ષમતા તેમજ દેશની કાઈસ મેનેજમેન્ટની યોગ્યતા છે. યુવાનો અને ટેક્નોલોજી પર મને વિશ્વાસ છે.

પીએમએ ઉદ્યોગ જગતની સાથે સૌ કોઈનો જોમ અને જુસ્સો વધારતા જણાવ્યું હતું. કોરોનાને પગલે દેશના અર્થતંત્રની ગતિ ધીમી પડી છે પરંતુ હવે દેશમાં અનલોક વન સાથએ જ લોકડાઉન ખોલી દેવાયું છે. પ્રથમ ચરણમાં અર્થતંત્રના મોટાભાગને ખોલી દેવામાં આવ્યો છે

ખરા સમયે યોગ્ય રીતે યોગ્ય સાચા પગલાં ભર્યા એમ કહીને તેમણે જણાવ્યું કે, અન્ય દેશો સાથે સરખામણી કરવામાં આવે તો તે બતાવે છે કે ભારતમાં લોકડાઉનથી કેટલો ફાયદો થાય છે. હવે સવાલ એ છે કે, આગળ શું છે? ઉદ્યોગના નેતા તરીકે, આ પ્રશ્ન તમારા મગજમાં ચોક્કસપણે રહેશે, અમે શું કરવા જઈ રહ્યા છીએ. મને આત્મનિર્ભર ભારત અભિયાન વિશે પણ ખાતરી છે કે તમને સવાલો થશે. અને આ સ્વાભાવિક છે. પરંતુ કોરોના સામે દેશની અર્થવ્યવસ્થાને ફરીથી મજબુત બનાવવી એ મારી સરકારની પ્રાથમિકતા છે.

તેમણે પાંચ આઈનો મંત્ર આપતા કહ્યું કે, અમારા નિર્ણયોમાં, ઈકૂલુઝન, ઈન્વેસ્ટમેન્ટ, ઈનોવેશન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઝલક જોવા મળશે. આજે ભારત ગ્રોથની નવી ઉડાન ભરવા માટે તૈયાર છે. અમારા માટે રિફોર્મ એટલે નિર્ણય લેવાની હિંમત. IBC હોય, બેંક મર્જર હોય કે GST, અમે હંમેશાં સરકારની દખલ ઓછી કરવા પ્રયાસ કર્યો છે.

CII જેવા સંગઠનોની જવાબદારી છે કે જો તમે એક પગલું ભરો તો સરકાર ચાર પગલા ભરીને તમારી મદદ કરશે. વડા પ્રધાન તરીકે તમને વિશ્વાસ આપું છુ. તમારી પાસે એક સ્પષ્ટ રસ્તો છે, આત્મનિર્ભર ભારતનો રસ્તો. આત્મનિર્ભર ભારતનો અર્થ એ છે કે આપણે વિશ્વના અર્થતંત્ર સાથે પણ મજબુત અને સપોર્ટિવ બનીએ.

આપણે સ્થાનિક સપ્લાય ચેઈનમાં એવું રોકાણ કરવું પડશે જેથી વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ભારતની સ્થિતિને મજબૂત બને. મને લાગે છે કે CII જેવી સંસ્થાઓ પણ ફોર્સ કોરોનાની જેમ આગળ આવવું પડશે. વૈશ્વિક સ્તરે તમારું બજાર વધારવામાં તમારે ઉદ્યોગને મદદ કરવી પડશે. હવે દેશમાં એવા ઉત્પાદનો બનાવવાની જરૂર છે જે મેડ ઈન ઈન્ડિયા હોય અને મેડ ફોર ફોરેન હોય. દેશની આયાત કેવી રીતે ઘટાડવી તે અંગે વિચારવાની જરૂર છે.

તેમણે વધુમાં કહ્યું કે, સરકાર આજે એવા પોલિસી રિફોર્મ્સ કરી રહી છે, જેના આશા કરવાની દેશે છોડી દીધી હતી. કૃષિ ક્ષેત્રે, આઝાદી પછી જે નિયમો બનાવવામાં આવ્યા હતા, તેનાથી ખેડુતોને વચેટિયાઓના હાથમાં છોડી દીધા હતા. અમારી સરકારે દાયકાઓથી ખેડૂતોને થતા અન્યાયને દૂર કરવાની ઇચ્છાશક્તિ દર્શાવી હતી. કાયદામાં ફેરફાર થતાં હવે ખેડુતોને હક મળશે. તેઓ ઇચ્છે ત્યાં અને જ્યારે પણ ઇચ્છે ત્યાં તેમનો પાક વેચી શકે છે. વેરહાઉસમાં સંગ્રહિત અનાજ હવે ઇલેક્ટ્રોનિક વેપાર દ્વારા પણ વેચી શકાશે. આનાથી કૃષિ વ્યવસાય માટે કેટલાય રસ્તાઓ ખુલી રહ્યા છે. આ સાથે રોજગાર વધારવા માટે લેબર રિફોર્મ્સ કરવામાં આવી રહ્યા છે.

આસામમાં ભારે પહેલા પાનાથી ચાલુ

નાગાંવ અને હોજાઈ જિલ્લા પ્રભાવિત છે. પૂરમાં છ લોકોનાં મોત પણ નિપજ્યાં છે અને ૩૪૮ ગામડાંઓ પાણીની અંદર ડૂબી ગયા છે. આસામ રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીનું કહેવું એમ છે કે લગભગ ૨૭,૦૦૦ હેક્ટરમાં પાક ખરાબ થઈ ચૂક્યાં છે.

કરીમગંજ જિલ્લાનાં કાલીગંજ વિસ્તારમાં મંગળવારનાં રોજ જોરદાર ભૂસ્ખલન થયું. આ વિસ્તાર બાંગ્લાદેશ બોર્ડર સાથે જોડાયેલો છે. અહીં ૬ લોકો પહાડીનાં કાટમાળ નીચે દટાઇ ગયાં. આ ૬ લોકોમાંથી ૫ મૃતક એક જ પરિવારનાં હતાં. ઘટનાનાં સમયે તેઓ પોતાનાં ઘરમાં સૂઇ રહ્યાં હતાં ત્યારે ઘર સહિત તમામ લોકો જીવતા દફન થઇ ગયાં.

નિસર્ગ વાવાઝોડા પહેલા પાનાથી ચાલુ

વાવાઝોડું નિસર્ગ મહારાષ્ટ્ર તરફ આગળ વધતાં પરમાણુ અને રાસાયણિક પ્લાન્ટોના સીધા સંપર્કમાં આવી શકે તેમ હોવાથી તેમની સલામતી અંગે ચિંતા વધી રહી છે. પાલઘરમાં જ દેશનો સૌથી જુનો તારાપુર અણુશક્તિ સંકુલ અને અન્ય કેટલાક એકમો છે. બીએઆરસી મુંબઈમાં સેટઅપ છે અને રાયગઢ પાસે એનર્જી સ્ટોર છે. આ સિવાય પેટ્રોલિયમ અને કેમિકલના અનેક ઉદ્યોગો છે. વળી, મુંબઈમાં મુંબઇ બંદર, જવાહરલાલ નહેરુ બંદર અને નેવીમાં ઘણા સ્થળો છે, જે અસરગ્રસ્ત થઈ શકે છે. ભારતીય હવામાન વિભાગ (પુણે) ના અનુપમ કશ્યપે કહ્યું- ચક્રવાત નિસર્ગ બુધવારે અલીબાગ પહોંચશે.

લેન્ડફોલ દરમિયાન પવનની ગતિ પ્રતિ કલાક ૧૦૦ કિલોમીટરની નજીક હોઈ શકે છે. આવતીકાલે પુણે, થાણે, મુંબઈ, રાયગઢ, ધુલે, નંદુરબાર અને નાસિકમાં ભારે વરસાદની સંભાવના છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કુલ ૧૫ એનડીઆરએફ ટીમો તૈનાત કરવામાં આવી છે. તેમાંથી ત્રણ ટીમો મુંબઈમાં, ચાર ટીમો રાયગઢમાં, બે ટીમો થાણે, પાલઘર અને રત્નાગિરીમાં અને એક-એક નવી મુંબઈ અને સિંધુદુર્ગમાં છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક ટ્વિટમાં જણાવ્યું હતું કે મેં ભારતના પશ્ચિમ કાંઠે ચક્રવાતની પરિસ્થિતિ અંગે ચર્ચા કરી છે. પીએમએ ટ્વિટમાં લખ્યું, 'હું બધા લોકોની સુરક્ષા માટે પ્રાર્થના કરું છું. હું લોકોને અપીલ કરું છું કે શક્ય તેટલી સાવચેતી રાખવી, તેમજ રક્ષણાત્મક પગલાં લેવામાં આવે.

ડિજિલોકર પહેલા પાનાથી ચાલુ

રહ્યો. આ માટે, ડિજિલોકરના જોડાણને અટકાવીને આધાર નંબર ઉમેરવાથી પરિમાણો બદલાયા. સંશોધનકારે તેની એક પોસ્ટ દ્વારા આ માહિતી આપી. ડિજિલોકર સેવા સાઇન ઇન પ્રક્રિયાની આ ખામી દૂર કરવામાં આવી છે. હવે આ સેવા વપરાશકર્તાઓ માટે પહેલાની જેમ સલામત છે. આશિષે તેની પોસ્ટમાં કહ્યું હતું કે કોઈપણ હેકર ઈન્ટરસેપ્શન ટૂલ દ્વારા આ સેવાની કોઈપણ વપરાશકર્તા પ્રોફાઇલના ડેટાને એક્સેસ કરી શકે છે. ખામીને લીધે, ઓટીપી અને પિન પ્રમાણીકરણને બાયપાસ કરવું સરળ હતું. ગયા મહિને ગેહલોતને આ ખામી ખબર પડી હતી. જે બાદ તેણે ડિજિલોકરની ટીમને આ અંગે માહિતી આપી હતી. જેને સોમવારે દૂર કરાઈ હતી.

ગુજરાતના દરિયાકાંઠે પહેલા પાનાથી ચાલુ

કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. વાવાઝોડાની અસરને પગલે ત્રીજી જૂનના રોજ વલસાડ, નવસારી, તાપી, ડાંગમાં વરસાદ પડશે. ચોથી જૂનના રોજ પણ તાપી, ડાંગ અને નર્મદા જિલ્લામાં ભારે વરસાદ પડી શકે છે.

એએમસી એલર્ટ મોડ પરઃ સાયક્લોનને લઈ કન્ટ્રોલ રૂમ શરૂ કરાયો

અમદાવાદ

અમદાવાદ શહેરમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. પરંતુ વધતા કેસ વચ્ચે હવે એએમસીએ મોન્સૂન કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પાલડી સ્થિત મોન્સૂન કન્ટ્રોલ રૂમ શરૂ કરાયો છે. આ કન્ટ્રોલ રૂમ ૨૪/૭ કાર્યરત રહેશે. તેમજ સમગ્ર કામગીરી પર નજર રાખશે. આ અંગે અધિકારીઓને જવાબદારી સોંપાઈ છે. જેઓ ચોમાસા સંબંધી તૈયારીઓની સમીક્ષા કરશે.

અમદાવાદમાં સંભવિત સાયક્લોનને લઈ એએમસી તંત્ર એલર્ટ થયું છે. તો બીજી તરફ હવે ચોમાસાની મોસમ પણ શરૂ થવા જઈ રહી છે. ત્યારે એએમસી દ્વારા અમદાવાદમાં સ્માર્ટ કન્ટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટરમાં મોન્સૂન કન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. જુના મોન્સૂન કન્ટ્રોલમાં કોરોના કન્ટ્રોલ રૂમ કાર્યરત છે. ત્યારે હવે સ્માર્ટ કમાન્ડ સેન્ટરના કોન્ફરન્સ રૂમમાં નવો મોનસૂન કન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. આ નવા કન્ટ્રોલ રૂમમાંથી સિટી ઈજનેર સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહીને શહેરના સીસીટીવી નેટવર્કનું મોનિટરિંગ કરશે.

આ મામલે એએમસી કારોબારી સમિતિ ચેરમેન અમુલ ભટ્ટે જણાવ્યું કે, ચોમાસા દરમિયાન તમામ કામગીરીનું મોનિટરિંગ આજ કન્ટ્રોલ રૂમમાંથી થશે. કોરોના વચ્ચે પણ એએમસી ના ઈજનેર વિભાગ દ્વારા સતત કામગીરી થઈ છે. કેચપિટ સફાઈનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ થયો છે. જે અંતર્ગત ૪૬૫૦૧ કેચપિટ સાફ થઈ છે. બીજા રાઉન્ડમાં માં ૪૦ ટકા કામ થયું છે. મુખ્ય કન્ટ્રોલ રૂમ ઉપરાંત ઝોનમાં અન્ય ૧૭ કન્ટ્રોલ રૂમ તૈયાર કરાયા છે. શહેરમાં ૧૭ સ્થળે રેઈન ગેજ મશીન છે. ૩૧ જગ્યાએ વોટર પંપિંગ સ્ટેશન તૈયાર છે. આનુસંગિક તમામ કામગીરી કરી લેવાઈ છે.

ખંભાતમાં વરસાદ વરસતા ઠંડક પ્રસરીઃ નાળ ગામે વીજળી પડતા ૧૬ બકરીઓના મોત

આણંદ

આણંદ જિલ્લાના ખંભાતમાં વરસાદી વાતાવરણ સર્જાયું છે. ખંભાત સહિત આણંદ જિલ્લામાં પણ પવન સાથે વરસાદ થયો છે. ભર ઉનાળે ગાજ વીજ પવન સાથે વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. વરસાદને પગલે બાજરીના પાકને નુકશાનની આશંકા ખેડૂતોમાં વર્તાઈ રહી છે.

અમરેલી જિલ્લામાં કાળા ડીબાંગ વાદળો સાથે વરસાદનું આગમન

અમરેલી જિલ્લામાં કાળા ડીબાંગ વાદળો સાથે વરસાદનું આગમન થયું છે. સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ પડ્યો. જેમા ઠવી, વીરડી, શેલણા,વિજપડી સહિતના ગામોમાં વરસાદનું આગમન થયું છે. તો બીજી તરફ રાજુલા પંથકમાં પણ વરસાદી માહોલ સાથે ભારે પવન ફુંકાયો છે અને સમગ્ર જિલ્લામાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું છે.

ભરૂચમાં નિસર્ગ વાવાઝોડાની અસર વર્તા

તો આ તરફ ભરૂચમાં નિસર્ગ વાવાઝોડાની અસર વર્તાઈ રહી છે. જંબુસર તાલુકાના દરિયા કિનારા નજીક ગામોના વાતાવરણમાં પલટો આવ્યો છે. જંબુસરના દરિયા કાંઠાના ગામ ઈસનપુર, ઝામડી અને છીદ્રામાં ધોધમાર વરસાદ ખાબક્યો છે.

માલપુર પંથકમાં ધોધમાર વરસાદ

અરવલ્લીમાં પણ ગત રાતે વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. અને મોડાસા, માલપુર પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ગાજવીજ સાથે વરસાદ થતા જ વીજળી ડુલ થઈ ગઈ હતી. વરસાદ થતા ખેતીવાડીને નુકશાન થવાની સંભાવના છે.

ગીર સોમનાથ જીલ્લામાં નિસર્ગ વાવાઝોડા અસર જોવા મળી

ગીર સોમનાથ જીલ્લામાં નિસર્ગ વાવાઝોડા અસર જોવા મળી રહી છે. વેરાવળ, તાલાલા, સુત્રાપાડા સહિતના પંથકમાં વરસાદ થયો. તાલાલા ગીરમા ધોધમાર વરસાદ થતાં રસ્તા પર પાણી વહેતા થયાં. તાલાલા માર્કેટિંગ યાર્ડમાં કેરીના હજારો બોક્સ પલળતા વેપારીઓ નુકશાનની ભીતી સેવી રહ્યા છે. તો કેસર કેરીના ખેડૂતોની પણ ચિંતા વધી છે.

સાવલીના મેવલી વસનપુરા રોડ પર ભારે પવન સાથે વરસાદ

વડોદરા સાવલીના મેવલી વસનપુરા રોડ પર ભારે પવન સાથે વરસાદ ખાબક્યો છે. ભારે પવનના પગલે ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી થયા છે..જેના લીધે દસથી વધુ જગ્યાએ વાહનવ્યવહાર થપ્પ થઈ ગયો.

ઉમરગામ તાલુકામા મેઘરાજાનીં પધરામણી

દક્ષિણ ગુજરાતના છેવાડાના ઉમરગામ તાલુકામા મેઘરાજાનીં પધરામણી થઈ છે. જૂન મહિનાના પ્રથમ સપ્તાહમા મેઘરાજાના આગમનથી વાતવરણમા ઠંડક પ્રસરી છે. ભારે ગરમીના બફારા બાદ મૌસમ વરસાદી બનતા લોકોને ભારે ગરમીથી રાહત મળી છે.

નાળ ગામે વીજળી પડતા ૧૬ બકરીઓના મોત

વરસાદી વાતાવરણને કારણે અમરેલીમાં વીજળી પડવાની ઘટના સામે આવી છે. સાવરકુંડલા પાસે આવેલ નાળ ગામે વીજળી પડતા ૧૬ બકરીઓના મોત થયા છે. ડુંગર પર માલધારી બકરીઓ ચરાવી રહ્યો હતો. તે દરમિયાન આ ઘટના બની અને સાવરકુંડલાના મામલદારે પોતે આ મામલે પુષ્ટિ આપી છે. મહત્વનું છે કે ડુંગરાળ વિસ્તારમાં વરસાદને કારણે નાળ ગામની સ્થાનિક નદીમાં પુર આવતા નદીમાં પાણી વહેતા થયા છે.

બનાસકાંઠામાં કોરોના દર્દીનો મૃતદેહ ૪ કલાક રઝળ્યોઃ મહેસાણામાં વધુ ત્રણ પોઝિટિવ કેસ

બનાસકાંઠા

બનાસકાંઠામાં પાલનપુરમાં આવેલી સિવિલ હોસ્પિટલમાં આજે સારવાર લઈ રહેલા શંકાસ્પદ દર્દીનું મોત નિપજ્યું હતું. રાજસ્થાનના સાંચોરનો દર્દી સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતો. જોકે, મૃતકનો રિપોર્ટ આવવાનો હજુ બાકી હતો, તે પહેલા જ તેનું મોત નિપજ્યું હતું. ત્યારે સિવિલ હોસ્પિટલ માંથી મૃતક વ્યક્તિની લાશને સ્મશાન ગૃહમાં લઈ જવાઈ હતી. પરંતુ સ્મશાન ગૃહમાં મૃતદેહને દફનવિધિ માટે ૪ કલાક તડકે રાહ જોવી પડી હતી.

એમ્બ્યુલન્સ મૃતદેહને લઈને સ્મશાન ગૃહમાં પહોચી ગઈ હતી, પરંતુ સ્મશાન ગૃહના તાળા ખૂલ્યા ન હતા. સ્મશાન ગૃહના દરવાજા આગળ ૪ કલાક મૃતદેહ એમ્બ્યુલન્સમાં રાખવામાં આવ્યો હતો. જેના બાદ આખરે સ્મશાનના તાળા ખૂલ્યા હતા. તંત્રની સમજાવટ બાદ સ્મશાનના ટ્રસ્ટીઓએ તાળા ખોલ્યા હતા. જેના બાદ કોરોનાના શંકાસ્પદ દર્દીના મૃતદેહને સ્મશાનમાં લઈ જવાયો હતો. પોલીસની હાજરીમાં મૃતદેહની દફનવિધિ કરવાની કામગીરી શરૂ કરાઈ હતી. ઉલ્લેખનીય છે, બનાસકાંઠામાં કોરોનાના કુલ ૧૧૪ કેસ થયા છે.

મહેસાણામાં આજે નવા ૩ કેસ નોંધાયા મહેસાણા જિલ્લામાં કોરોનાનો કહેર યથાવત છે. ગઈકાલે લેવાયેલ ૫૦ સેમ્પલમાંથી ૨૮ સેમ્પલનું પરિણામ આજે આવ્યુ છે. જેમાં ટેસ્ટ ૨૫ નેગેટિવ અને ૩ ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે. આમ, મહેસાણા જિલ્લામાં આજે નવા ૩ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાંથી ૨ કડી અને ૧ જોટાણાનો કેસ છે. જોટાણાના ૪૦ વર્ષીય બીનાબેન રાવલનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેટિવકડીના ૫૫ વર્ષીય હસનઅલી ફકરૂદીન મોગરાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેટિવકડીના ૪૭ વર્ષીય હિમાંશુ ખમારને પણ પોઝિટિવ હોવાનું નિદાન થયું છે. હજુ ૨૨ સેમ્પલનું પરિણામ પેન્ડિંગ છે. મહેસાણામાં કોરોનાના કારણે વધુ એક મોત નિપજ્યું છે. વડનગર તાલુકાના ઉણાદ ગામના ૬૦ વર્ષીય વૃદ્ધનો ગઈકાલે કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

૨૦ લાખના વધુ ૧૩ ચરસના પેકેટ ઝડપાયા

કચ્છના કોટેશ્વરમાં બે દિવસમાં ૫૦ લાખનું ચરસ ઝડપાયુ

દયાપર

કચ્છના કોટેશ્વર દરિયાઈ વિસ્તારના કોરી ક્રિક પાસેથી આજે બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બ્જીહ્વ)ને અંદાજે રૂ. ૨૦ લાખની કિંમતના ચરસના ૧૩ પેકેટ મળ્યા હતા. બે દિવસમાં ૫૦ લાખનું ચરસ ઝડપાયું છે. કચ્છના દરિયાઈ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી ચરસના પેકેટ મળી રહ્યા છે. આજે ચરસના પેકેટો મળી આવતા વધારે પેકેટો શોધવા માટે બ્જીહ્વએ દરિયાઈ પટ્ટીમાં શોધખોળ હાથ ધરી છે.

ગઈકાલે ઈન્ડિયન નેવીની ઈન્ટેલિજન્સે કચ્છની ક્રિક બોર્ડર વિસ્તારમાંથી બિનવારસી હાલતમાં ૧૯ ચરસના પેકેટ ઝડપી પાડ્યા હતા. નેવીની ઈન્ટેલિજન્સને મોટી સફળતા હાથ લાગી હતી અને કોટેશ્વર ક્રિકમાંથી રૂ. ૩૦ લાખની કિંમતનું ચરસ ઝડપી પાડ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ત્રણ દિવસ અગાઉ અબડાસા તાલુકાના જખૌ દરિયાના ક્રિકમાંથી ૧ પેકેટ ચરસ બિનવારસી હાલતમાં મળી આવ્યું હતું.

સુરેન્દ્રનગરમાં વેપારીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા લોકોમાં ફફડાટ

સુરેન્દ્રનગર

ગુજરાતમાં કોરોનાના કેસો સતત વધી રહ્યા છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં આજે એક તરફ ત્રણ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જ્યારે બીજી તરફ એક વેપારીને કોરોના પોઝિટિવ આવ્યો છે. આ વેપારીની સુરેન્દ્રનગરના મહેતા માર્કેટમાં દુકાન આવેલી છે. ત્યારે તંત્ર દ્વારા હાલ તેની દુકાન સીલ કરવામાં આવી છે અને તેના કોન્ટેક્ટ ટ્રેસ કરવામાં આવી રહ્યા છે. આ વેપારીની ટ્રાવેલ હિસ્ટ્રી સુરતની સામે આવી છે.

સુરેન્દ્રનગર સરકારી હોસ્પિટલમાં ત્રણ દર્દીઓને આજે રજા આપવામાં આવી છે. મૂળી તાલુકાના દાણાવાડા, લખતર તાલુકાના તાવી , વઢવાણ તાલુકાના હુડકો કોરોના પોઝિટિવ દર્દીઓને સુરેન્દ્રનગર શહેરની મુખ્ય સરકારી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. સરકાર ની ગાઈડ લાઈન મુજબ લક્ષણો ન દેખાતા રજા આપવામાં આવી છે. હજુ પણ સુરેન્દ્રનગર સરકારી હોસ્પિટલમાં કોરોના પોઝિટિવ ૧૭ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જિલ્લાનો કુલ કોરોના પોઝિટિવ આંક ૪૦ થયો છે.

અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં એક અઠવાડીયામાં કોરોનાના ૭૭ કેસ નોંધાયા

અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વાયરસના સંક્રમણના કેસમાં વધારો થયો છે. છેલ્લા એક અઠવાડીયામાં ૭૭ કેસ નોંધાયા છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૯ કેસ સાથે કુલ કેસ ૨૯૩ પર પહોંચી ગયા છે. કોરોનાને પ્રસરતો અટકાવવા માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા નવતર પ્રયોગ કરવામાં આવી રહ્યાં છે. ત્યારે અમદાવાદના ગ્રામ્ય વિસ્તારમાં રીવર્સ ક્વોરોન્ટાઈન અપનાવાશે.

જેમાં ૬૦ વર્ષથી ઉપરના વૃદ્ધો, સગર્ભા મહિલાઓ અને બાળકોને ઘરમાં રાખવામાં આવશે. ગામના સામાજિક, ધાર્મિક આગેવાનો થકી અપીલ કરાશે. અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારીએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, લોકડાઉન બાદ અનલોક ૧ શરૂ થતાં સમક્રણમાં વધારો થયો છે. અમદાવાદ ગ્રામ્યમાંથી શહેરી વિસ્તારમાં અવરજવર વધથા કોમ્યુન્ટિ ટ્રાન્શમીશનના કેસ વધશે.

અમદાવાદ જિલ્લા પંચાયત દ્વારા સેમ્પલિંગની સંખ્યામાં વધારો કરતાં કેસની સંખ્યા વધી રહી છે. જીઆઈડીસી વિસ્તારમાં કોઈ પ્રતિબંધ નથી પણ જ્યાં કોવિડ-૧૯ના કેસ છે. ત્યાં સરકારની ગાઈડલાઈનનું સંપૂર્ણ પાલન થયા તેનું ધ્યાન રાખવામાં આવશે. અમદાવાદ જિલ્લા પંચાયતના વહિવટી તંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારના ૬૦ વર્ષથી વધારે ઉંમરના લોકોને ઘરમાં રહેવા અપીલ કરાશે.

રાજકોટ રેલવેએ એક જ અઠવાડિયામાં મુસાફરોના ૨.૨૨ કરોડ રિફંડ કર્યાં

રાજકોટ

કોરોના મહામારી વચ્ચે રેલવે વિભાગ દ્વારા ૩૦ જૂન સુધી ટ્રેનો રદ કરવામાં આવી હતી. ત્યારે અનેક રાજ્યોમાં રેલવે દ્વારા કેન્સલ કરાયેલ ટ્રેનમાં કન્ફર્મ કરવામાં આવેલ મુસાફરોને ટિકીટ રીફંડ આપવાની શરૂઆત કરવામાં આવી હતી. આ રિફંડ પ્રક્રિયામાં રાજકોટ રેલવે વિભાગ દ્વારા એક સપ્તાહમાં કુલ ૨૯,૭૬૯ મુસાફરોને કુલ ૨,૨૨,૭૨,૭૨૦ નું રિફંડ આપવામાં આવ્યું છે.

લોકડાઉનના પગલે કુલ ૩૦મી જૂન સુધી ટ્રેનો રદ કરવાના પગલે યાત્રિકોએ અગાઉ કરાવેલ બુકિંગ કેન્સલ કરવામાં આવ્યું હતું. આ માટે રિફંડ આપવાની શરૂઆત ગત ૨૫ મેથી કરવામાં આવી હતી. જેમાં અત્યાર સુધી કુલ ૨.૨૨ કરોડનું રિફંડ આપવામાં આવ્યું છે. આ સાથે ૧ એપ્રિલ થી ૧૪ એપ્રિલ સુધી બુકીંગ કરવામાં આવેલ યાત્રિકોને ૧ થી ૬ જુન સુધી રિફંડ આપવામાં આવશે. રિફંડ માટેની કાર્યવાહી રાજકોટ ડિવિઝનના જંક્શન, ભક્તિનગર, જામનગર, દ્વારકા, ઓખા, વાંકાનેર, મોરબી, સુરેન્દ્રનગર વગેરે સ્ટેશન પર કરવામા આવી રહી છે. જેમાં સૌથી વધુ અત્યાર સુધી રાજકોટના જંક્શન અને ભક્તિનગર રેલવે સ્ટેશન ખાતે કુલ ૧૨,૨૧૭ મુસાફરોને ૮૪.૪૪ લાખનું રિફંડ આપવામાં આવ્યું છે.

ગુજરાત હાઈકોર્ટની ફટકાર બાદ સરકારે પરિપત્ર જાહેર કર્યો

હવે કોરોના ટેસ્ટ માટે કોઈ પણ પ્રકારની મંજૂરીની જરૂર નહિઃ રાજ્ય સરકાર

ડોક્ટરના પ્રિસ્ક્રીપ્શનના આધારે કોઈપણ પ્રાઈવેટ લેબમાં કોરોનાના ટેસ્ટ થઈ શકશે

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના વાયરસની વૈશ્વિક મહામારી ચાલી રહી છે. ગુજરાત હાઈકોર્ટમાં ખાનગી લેબોરેટરીઓમાં કોરોના વાયરસના ટેસ્ટને લઈને થયેલી અરજીમાં કોર્ટે સરકારને આદેશ આપ્યા બાદ આજે એક મોટા સમાચાર મળી રહ્યા છે. ગુજરાત સરકારે જણાવ્યું છે કે કોવિડ ૧૯ ટેસ્ટ માટે કોઈપણ પ્રકારની મંજૂરીની જરૂર નથી. ડોક્ટરના પ્રિસ્ક્રીપ્શનના આધારે કોઈપણ પ્રાઈવેટ લેબમાં કોરોનાના ટેસ્ટ થઈ શકશે.

આજે કોવિડ-૧૯ના ટેસ્ટ કરવા સંદર્ભે રાજ્ય સરકારે એક પરિપત્ર બહાર પાડ્યો છે. પરિપત્રમાં નોંધવામાં આવ્યું છે કે કોઈ પણ દર્દીનો રિપોર્ટ કર્યા પછી જો પોઝિટીવ આવે તો જે તે તબીબ અને લેબોરેટરીએ આરોગ્યના અધિકારીને જાણ કરવાની રહેશે. સરકાર માન્ય એપ્લિકેશન પર વિગત અપલોડ કરવી પડશે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, સરકારી કે ખાનગી લેબોરેટરીમાં કોરોનાં ટેસ્ટ કરાવવા સંદર્ભને લઈને આજે રાજ્ય સરકારે એક પરિપત્ર જાહેર કર્યો છે. જેમાં ખાનગી તબીબનાં પ્રિસ્ક્રીપ્શનનાં આધારે ખાનગી કે સરકારી લેબોરેટરીમાં કોરોનાના ટેસ્ટ હવેથી થઈ શકશે. આ માટે કોઈપણ પ્રકારની પુર્વ મંજુરી લેવાની રહેશે નહીં. ખાનગી તબીબ અને લેબોરેટરીઓએ જીલ્લા કોર્પોરેશનનાં આરોગ્ય અધિકારીઓને માત્ર ઈ મેલ દ્વારા જાણ કરવાની રહેશે. અથવા તો સરકાર માન્ય મોબાઈલ એપ્લિકેશન પર દર્દીની વિગત અપલોડ કરવાની રહેશે.

પરિપત્રમાં વધુમાં જણાવાયું છે કે, કોરોનાં સંક્રમિત થવાની શક્યતાના આધારે દર્દીને ટેસ્ટ કરવાની જરુર જણાય ત્યારે દર્દીને દાખલ કરવાનો રહેશે, અને રિપોર્ટ નેગેટિવ આવે તો જ દર્દીને રજા આપવી. આઈસીએમઆરની ગાઈડ લાઈન સિવાયનાં કિસ્સામાં જો કોરોનાં ટેસ્ટ કરવાનો થાય તો જે તે હોસ્પિટલ તબીબે મેડીકલ સુપ્રિન્ટેન્ડેટ સોલા સિવિલ, જીલ્લા આરોગ્ય અધિકારી, આરોગ્ય અધિકારી મહાનગર પાલિકાની મજૂરી લેવી પડશે. મજૂરી આપનાર અધિકારીએ મજૂરી માટેની અરજી મળ્યાનાં ૨૪ કલાકમાં જ યોગ્ય જણાય તો મજૂરી આપવાની રહેશે.

પૂર્વ ધારાસભ્ય ભૂષણ ભટ્ટે છબી ખરાબ કરવાના આરોપ હેઠળ અજાણ્યા શખ્સ ફરિયાદ નોંધાવી

અમદાવાદ

જમાલપુર-ખાડિયાના પૂર્વ ધારાસભ્ય ભૂષણ ભટ્ટે સોશિયલ મીડિયા પર પોતાની છબી ખરાબ કરનાર અને વોટ્સએપ પર ખોટો મેસેજ ફરતો કરનાર અજાણ્યા શખ્સ સામે એફઆઈઆર નોંધાવવા માટે અરજી દાખલ કરી છે. મેસેજમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, ભટ્ટે પીધેલી હાલતમાં એસવીપી હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને તેમને થપ્પડ મારનાર મહિલા ડોક્ટર સાથે ખરાબ વર્તન કર્યું હતું. ઘટના ક્યારે અને કેટલા વાગ્યે બની તે વિશેનો ઉલ્લેખ મેસેજમાં કરાયો નથી.

૨૦૧૭ની ચૂંટણીમાં કોંગ્રેસ ઉમેદવાર ઈમરાન ખેડાવાલા સામે હાર મેળવનાર ભટ્ટે દાવો કર્યો કે, રાજકીય દુશ્મનાવટને લઈને આ મેસેજ ફરતો કરવામાં આવ્યો છે. 'હું એસવીપી હોસ્પિટલ ગયો નહોતો અને આવી કોઈ ઘટના બની નહોતી. ટીવી ડિબેટ દરમિયાન જ્યારે હું વીજળી બિલ નહીં ભરનાર લોકોને નોટિસ ફટકારવા અંગે રાજસ્થાન અને મહારાષ્ટ્ર સરકારનું ધ્યાન દોરી રહ્યો હતો. ત્યારે મને આ મેસેજ મળ્યો હતો. હાલ હું ખાડીયા પોલીસ સ્ટેશને છું અને ગુનેગાર સામે ફરિયાદ નોંધાવી રહ્યો છું', તેમ ભટ્ટે કહ્યું. એસવીપીના સીઈઓ રાખ્યા ભટ્ટે કહ્યું કે, 'આવી કોઈ ઘટના બની હોય તે અંગેને ફરિયાદ સ્ટાફના સભ્ય તરફથી મળી નથી. આ કોવિડ હોસ્પિટલમાં ટ્રાન્સફર કરાઈ હોવાથી બહારની કોઈ વ્યક્તિને પરિસરમાં આવવાની મંજૂરી નથી'. સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના ડીસીપી અને ખાડિયા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર પી.ડી. સોલંકીએ કહ્યું કે, તેમણે ભટ્ટ તરફથી હજુ સુધી કોઈ અરજી મળી નથી.

કોરોનાના સંકટ વચ્ચે રાજકીય હલચલ

હિંમતનગરમાં રાજકીય ભૂકંપ, ૩૦ ભાજપના કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા

હિંમતનગર

રાજ્યમાં લોકડાઉનમાંથી ઘણી છૂટ છાટો આપી છે. ત્યારે છૂટછાટ મળ્યા બાદ સાંબરકાંઠા જિલ્લામાં રાજકીય માહોલમાં ગરમાવો આવ્યો છે. જેમાં હિંમતનગરમાં ભાજપની કામગીરીથી નાખુશ થયેલા ૩૦ જેટલા ભાજપના કાર્યકરો રાજીનામું આપીને કોંગ્રેસમાં જોડાયા છે. અત્યારસુધી કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાવવા માટે લાઈનો લાગતી હતી. હવે ઉલટી ગંગા વહી છે. ભાજપમાંથી ૩૦ કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા છે.

હિંમતનગર વિધાનસભાના પૂર્વ ઉમેદવાર કમલેશ પટેલના ત્યા આજે ૩૦ જેટલા કાર્યકરો પહોચ્યા હતા.જ્યાં તેમણે એવું કહ્યું કે કોરોના કહેરમાં લોકોની મદદ કરવામાં ભાજપ સરકાર નિષ્ફળ રહી છે. ત્યાર બાદમાં તેઓ ભાજપમાંથી કોંગ્રેસમાં જોડાયા હતા.

લોક ડાઉનમાં છૂટછાટ મળતા જ હવે સાબરકાંઠા જીલ્લામાં રાજકીય ગતિવિધિ તેજ બની છે.હિંમતનગરમાં ભાજપ સરકારની કામગીરીથી અસંતુષ્ટ થયા હતા.અને જણાવ્યું કે કોંગ્રેસનાં પંજા સાથે હાથ મિલાવ્યો હે, હિંમતનગર વિધાનસભાના પૂર્વ ઉમેદવાર કમલેશ પટેલના ત્યાં આજે ૩૦ જેટલા બારોટ સમાજના કાર્યકરો પહોચ્યા હતા. કોરોનાના કહેરમાં લોકોને સહયોગ આપવામાં ભાજપ સરકાર નિષ્ફળ ગઈ હોવાથી તેઓ ભાજપમાંથી કોગ્રેસમાં જોડાયા હોવાનું જણાવ્યુ હતું.

રાજકોટ જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસોનો આંકડો ૧૧૭એ પહોંચ્યો

રાજકોટ

રાજકોટ જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસની સંથ્યા ૧૧૭ પર પહોંચી છે. જેમાં ૮૪ કેસ શહેરના અને ૩૩ કેસ ગ્રામ્યમાં નોંધાયા છે. રાજકોટ શહેરમાં ૮૪માંથી ૭૬ લોકો સાજા થઈ ગયા છે અને હાલ ૬ દર્દી સારવાર હેઠળ છે. રાજકોટના ગ્રામ્ય વિસ્તારોમાં કેસ વધી રહ્યા છે. આથી આરોગ્ય વિભાગ માટે પણ ચિંતાનો વિષય છે. રાજકોટના હોટસ્પોટ વિસ્તાર જંગલેશ્વરમાં છેલ્લા ઘણા દિવસોથી એક પણ કેસ નોંધાયો નથી. આથી મનપા કમિશનર ઉદિત અગ્રવાલ દ્વારા જણાવાયું હતું કે, જંગલેશ્વરમાં છૂટછાટ આપવામાં આવશે. અંકુર સોસાયટી સિવાય જંગલેશ્વરમાં છૂટછાટ આપવામાં આવશે. જ્યારે ભાવનગરમાં ૧૨૧ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાંથી ૯ ના મોત , ૧૦૨ ડિસ્ચાર્જ અને ૧૦ આઈસોલેશન વોર્ડમાં સારવાર હેઠળ છે.

રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૯ તાલુકામાં વરસાદ નોંધાયો

ગાંધીનગર

વાવાઝોડું ૩ જૂનના રોજ સાંજે અથવા રાત્રે ઉત્તર મહારાષ્ટ્ર અને ગુજરાતના દરિયામાં હરિહરેશ્વર દમણ વચ્ચે ત્રાટકવાનું છે. ત્યારે રાજયમાં સંભવિત વાવાઝોડાની અસર શરૂ થઈ ગઈ છે. છેલ્લાં ૨૪ કલાકમાં રાજયના ૨૯ તાલુકામાં વરસાદ પડ્યો છે. દક્ષિણ ગુજરાતમાં તાપીના વાલોડમાં ૨ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. તો ભાવનગરમાં ૧ ઈંચ વરસાદ પડ્યો છે. અમરેલીના ધારીમાં પણ ૧ ઈંચ વરસાદ નોંધાયો છે. ગુજરાતના દરિયા કિનારાના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે.

અમદાવાદમાં ગઈકાલે રાત્રે ભારે પવન સાથે વરસાદ ખાબકી પડ્યો હતો. જેને કારણે શહેરમાં અલગ અલગ ૧૨ જગ્યાએ વૃક્ષો પડવાના બનાવ બન્યા છે. અમદાવાદમાં વીજ કડાકાઓ સાથે વરસાદ પડ્યો હતો. જેમાં ખોખરા, હાટકેશ્વર, અમરાઈવાડી, મણિનગર, નારોલ, ઈશનપુર, ઘોડાસર, વટવા, જશોદાનગર, વસ્ત્રાલ, ઓઢવ, રખિયાલ, સરસપુર, નરોડા, બાપુનગર સહિત અનેક વિસ્તારોમા પણ વરસાદ નોંધાયો હતો.

વડોદરામાં કન્ટ્રોલ રૂમ શરૂ કરાયો

વાવાઝોડાના પગલે વડોદરા કલેક્ટરે કન્ટ્રોલ રૂમ શરૂ કર્યો છે. ૨ થી ૫ મી જૂન વાવાઝોડાની અસર વડોદરા શહેર અને જિલ્લામાં વધતા ઓછા પ્રમાણમાં અનુભવાશે. ત્યારે વડોદરામાં પણ વરસાદ અને પવનની શક્યતા હોવાની હવામાન વિભાગે વ્યક્ત કરી છે. જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલે તમામને તકેદારીના પગલાં લેવા સૂચના આપી છે. જિલ્લા અને તાલુકા વહીવટી તંત્ર, પોલીસ તંત્ર અને જિલ્લા પંચાયત અને મહાનગરપાલિકા તંત્રને સાવધ કરવાની સાથે તકેદારીના તમામ પગલાં લેવાની સૂચના આપી છે. ૪ જૂનના રોજ જિલ્લામાં કેટલાક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ થઈ શકે છે.

રાજ્ય સરકાર ત્રીજા મહિને પણ ગરીબોને મફત અનાજ આપશે

ગાંધીનગર

રાજ્યમાં કોવિડ ૧૯ની પ્રવર્તમાન પરિસ્થિતિને લઈ રાજ્ય સરકારે સતત ત્રીજીવાર વિના મૂલ્યે અનાજ વિતરણ કરવાનો નિર્ણય કર્યો છે. એનએફએસએ હેઠળ સમાવિષ્ટ થયેલા ૬૮.૭૧ લાખ રેશન કાર્ડધારકોને સતત ત્રીજીવાર જૂન મહિનામાં પણ વિનામૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવશે. આ નિર્ણય અંતર્ગત ૧૫ જૂનથી રાજ્યમાં અનાજ વિતરણનો પ્રારંભ થશે. જેમાં ઘઉં, ચોખા, ખાંડ અને મીઠાનું ૧૭ હજારથી વધુ સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી વિતરણ શરૂ થશે. જયારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અન્વયે પણ જૂન મહિનામાં વ્યક્તિ દીઠ ૩.૫૦ કિલો ઘઉં, ૧.૫ કિલો ચોખા અને પરિવારદિઠ ૧ કિલો ચણા વિનામૂલ્યે અપાશે.

આ અગાઉ રાજ્ય સરકારે એપ્રિલમાં લોકડાઉનની સ્થિતી દરમ્યાન એનએફએસએ ૬૮ લાખ પરિવારોને રૂ. ૮૦૨ કરોડની બજાર કિંમતનું ૩૬.૧૮ લાખ ક્વિન્ટલ અનાજ તથા મે મહિનામાં ૩૬.૧૮ લાખ ક્વિન્ટલ અનાજનું વિનામૂલ્યે વિતરણ કર્યું હતું. હવે સતત ત્રીજીવાર જૂન મહિના માટે પણ ૬૮ લાખથી વધુ એનએફએસએ પરિવારોને ૧૫ જૂનથી વિનામૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવશે. આમ ૩૬.૮૭ લાખ ક્વિન્ટલ અનાજ રાજ્ય સરકાર અને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત વિતરણ કરાશે.

'દેકારો કરીશ તો તારા ભાઈને મારી નાંખીશ' સગીરે ૮ વર્ષની બાળા પર દુષ્કર્મ આચર્યુ

રાજકોટ

રાજકોટમાં છેલ્લા અઠવાડિયામાં દુષ્કર્મના બે બનાવો સામે આવ્યા છે. બે દિવસ પહેલા શહેરના લોહાનગરમાં સાડા ત્રણ વર્ષની બાળાને બિસ્કીટ ખવડાવવાના બહાને એક વ્યક્તિએ અપહરણ કરી પુલ નીચે લઈ જઈ બિભત્સ અડપલા કર્યાની ઘટના સામે આવી હતી ત્યારે ફરીથી કુવાડવા પોલીસ મથક હેઠળના વિસ્તારમાં રહેતાં અને બકાલુ વેંચી ગુજરાન ચલાવતાં ૧૭ વર્ષના સગીરની હવસખોરીનો કિસ્સો સામે આવ્યો છે.

પોતાના ઘર નજીક એકલી રમી રહેલી બાળાને જોઈ સગીરે બાળકીને પકડી બકાલી વોંકળામાં ઝાડી નીચે લઈ ગયો હતો અને દેકારો કરીશ તો તારા ભાઈને મારી નાંખીશ તેવી ધમકી દઈ અડપલા કરી દૂષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ નોંધાઈ છે, કુવાડવા પોલીસે ગુનો નોંધી કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરને સકંજામાં લેવા તજવીજ કરી છે. બનાવની જાણ થતાં કુવાડવા પોલીસે બાળાના પિતાની ફરિયાદ પરથી સગીર આરોપી સામે પોસ્કો સહિતની કલમો મુજબ ગુનો દાખલ કર્યો છે. ભોગ બનનારી બાળકીના પિતા છુટક મજૂરી કરે છે. ગઈકાલે તે કામ પર હતાં ત્યારે બપોરના સમયે તેની ૮ વર્ષની દિકરી ઘરે રડતી રડતી આવતાં મોટી બહેને રડવાનું કારણ પૂછ્યું હતું અને સમગ્ર મામલો બાળકીએ જણાવ્યો હતો.

બાળકીના કહેવા મુજબ શાકભાજીનો ધંધો કરતો શખ્સ તેને પકડી વોંકળામાં ખેંચી ગયો હતો અને જો રાડો પાડીશ તો તારા ભાઈને મારી નાંખીશ તેવી ધમકી આપી બળજબરી કર્યાની વાત બહેનને જણાવી હતી. બાળકીની મોટી બહેને સમગ્ર મામલો પિતાને જાણ કરતાં તે ઘરે આવ્યા હતાં અને ભોગ બનનાર દિકરીને લઈ કુવાડવા પોલીસ સ્ટેશને પહોંચ્યા હતાં. પોલીસે બાળાનું તબિબી પરિક્ષણ કરાવવા સહિતની કાર્યવાહી કરી તાકીદે ગુનો દાખલ કરી સગીર આરોપીને સકંજામાં લેવા તજવીજ આદરી છે. દૂષ્કર્મ આચરનાર સગીર તેના પરિવારજનો સાથે જ રહે છે.

અમદાવાદમાં મુસાફરોની પાંખી હાજરી વચ્ચે એસટી,બીઆરટીએસ શરૂ

અમદાવાદ

લૉકડાઉન બાદ રાજ્યને અનલૉક કરવાની કવાયત શરુ થઈ ગઈ છે. સરકારે લૉકડાઉન ૪ બાદ ઘણીબધી છુટછાટો આપી જેમાં એસ.ટી. બસો, બી.આર.ટી.એસ.નો પણ સમાવેશ થાય છે. ૧ જુન, સોમવારની સવારથી જ અમદાવાદ શહેરના માર્ગો પર બી.આર.ટી.એસ બસો તેમજ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ એસ.ટી.ની બસો જોવા મળી હતી. અમદાવાદના રાણીપ એસ.ટી ડેપોમાં પ્રવેશતા મુસાફરો તેમજ સ્ટાફને ટેમ્પરેચર ચેક કરી પ્રવેશ આપવામાં આવ્યો. આજ રીતે બી.આર.ટી.એસ માં પણ સ્વચ્છતા અને સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને બસોમાં સ્ટીકર ચોંટાડી સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવાનો પ્રયત્ન કરાયો છે. બસોને સેનિટાઈઝેશન કરવામાં આવી અને સ્ટીકર જેવા માધ્યમથી સોશિયલ ડિસ્ટન્સિંગ રાખી બી.આર.ટી.એસ શરુ તો કરાઈ છે, પણ નહીવત લોકો મુસાફરી કરી રહ્યા છે. આવી જ સ્થિતિ પહેલા દિવસે એસ.ટી.ની જોવા મળી, ઘણી બસો સાવ ખાલીખમ માર્ગો પર દોડી. કેટલીક બસોમાં લાંબા રુટમાં પણ ફક્ત એક બે પ્રવાસી જ જોવા મળ્યા હતા. એસ.ટી. બસોમાં નક્કી કરેલા ડેપો થી જ ઉપડી હતી. આ સાથે ડેપો પર પણ લોકોની પાંખી હાજરી જોવા મળી હતી.

ગુજરાત યુનિવર્સિટીની ૨૫ જૂને યોજાનારી પરીક્ષા મોકૂફ: ૧૦ જુલાઈએ લેવાશે

અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ માટે ખુબ જ મહત્વપુર્ણ સમાચાર સામે આવ્યા છે. ગુજરાત યુનિવર્સિટીની ૨૫ જૂને યોજાનાર પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. હવે ૨૫ જૂનનાં બદલે ૧૦ જૂલાઈના રોજ અંતિમ વર્ષનાં વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવશે. આજે ગુજરાત યુનિવર્સિટી ખાતે મળેલી એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

શિક્ષણ વિભાગના અગ્ર સચિવે સૂચના આપ્યા બાદ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની લેવાનારી પરીક્ષાના સુચારું સંચાલન અને આવશ્યક વ્યવસ્થાઓ માટે પરીક્ષા વ્યવસ્થા અને સંચાલન સમિતિની રચના કરી હતી. અને આજે સવારે કમિટી દ્વારા સિન્ડીકેટ રૂમમાં મીટિંગ રાખવામાં આવી હતી. અને આ મીટિંગમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે, ૨૫ જૂને યોજાનાર પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. અને તેના સ્થાને હવે ૧૦ જુલાઈના રોજ પરીક્ષા યોજવામાં આવશે.

૧૦ જુલાઈએ અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ અને પીજીના વિદ્યાર્થીઓની જ પરીક્ષા લેવામાં આવશે. જ્યારે ૨ અને ૪ સેમેસ્ટરનાં વિદ્યાર્થીઓને મૂલ્યાંકનના આધારે આગળના વર્ષમાં પ્રવેશ આપવામાં આવશે. જો કે છેલ્લા વર્ષનાં વિદ્યાર્થીઓ માટે રાહતનાં સમાચાર નથી. તેઓને પ્રમોશન આપવામાં નહીં આવે.

પાડોશી યુવક બન્યો વિકૃત: ધાબા પર સૂતી યુવતીને શારિરીક અડપલાં કર્યા

અમદાવાદ

હવસ ની ભૂખ સંતોષવા માં કેટલાક હવસખોરો ભાન ભૂલી જતા હોય છે. અને ના કરવાનુ કામ કરી બેસે છે. આવો જ એક બનાવ શહેર ના કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તાર માં જોવા મળ્યો છે. ગીતા મંદિર બસ સ્ટેન્ડ નજીક રહેતી એક મહિલા એ તેના પડોશ માં રહેતા યુવાન સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

મહિલાએ ફરિયાદ નોંધાવી છે કે ગરમી હોવાના કારણે તેઓ હાલ માં રાત્રિ દરમિયાન ધાબા પર સુવા માટે જાય છે. જો કે કેટલાક દિવસ અગાઉ સવાર માં તેઓ કામ કરવા માટે નીચે આવ્યા હતા. અને તેમની દીકરી ધાબા પર સુઈ રહી હતી. આ દરમિયાન પડોશમાં રહેતો યુવાન તેમની સગીર દીકરીની બાજુ આવી ને સુઈ ગયો હતો અને શારીરિક અડપલા કરવા લાગ્યો હતો. જો કે સગીરા એ તેની માતા ને જાણ કરતા તેમણે આ નરાધમ ને બોલાવી ફરી આવું ના કરવા માટે ની જાણ કરી તેને જવા દીધો હતો. જ્યારે ૩૧મી મે ના દિવસે જ્યારે તેઓ ધાબા પર ગયા ત્યારે આ યુવાન ન તેની માતા સાથે ધાબા પર હતો. જેથી મહિલા એ આરોપી ની માતા ને આ બાબત ની જાણ કરી ને તેને સમજાવવા માટે કહ્યું હતું. જો કે આરોપી ની માતા ઉશ્કેરાઈ ને ફરિયાદી મહિલા સાથે ઝઘડો કર્યો હતો.

જેથી ફરિયાદી મહિલા એ સમગ્ર ઘટના ની જાણ પોલીસ ને કરી કરી હતી. હાલ માં પોલીસ એ આરોપી વિરુદ્ધ માં ફરિયાદ નોંધી ને વધુ તપાસ શરૂ કરી છે.

સતત બીજા દિવસે આજવા ચોકડી પાસે આવેલ સોસાયટીમાં પાણીનો કકળાટ

વડોદરા

વડોદરા શહેરમાં ભરઉનાળે કાળઝાળ ગરમીમાં પાણીનો કકળાટ શરૂ થયો છે. વડોદરાની આજવા ચોકડી પાસે આવેલા કાન્હા લેન્ડમાર્ક અને અનંતા હાઈટ્સ સહિતની ૮ જેટલી સોસાયટીઓમાં પાણીની સમસ્યાને લઈને આજે બીજા દિવસે પણ રહીશોએ વિરોધ કર્યો હતો. સ્થાનિક રહીશોએ પાણી નહીં મળે તો આગામી દિવસોમાં આમરણાંત ઉપવાસ પર બેસવાની ચીમકી ઉચ્ચારી હતી. કોરોનાથી નહીં મરે પણ પાણી વગર લોકો મરી જશે તેવી વ્યથા વ્યક્ત કરી છે.

સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે, છેલ્લા ૩ વર્ષથી બિલ્ડર પાણી આપવાની વાતો કરે છે, પણ પાણી મળ્યું નથી. છેલ્લા ૭ દિવસથી તો પાણી મળ્યું જ નથી. કોરોના મોતથી નહીં પણ પાણી વગર મરી જઈશું. કોરોના વાઈરસના કહેર વચ્ચે બહાર પાણી ભરવા જતા પણ ડર લાગે છે. પાણી નહીં મળે તો ઉપવાસ આંદોલન કરીશું.

વિવેકાનંદ નગર પો.સ્ટેશનમાં જીઆરડી જવાને આપઘાતનો પ્રયાસ કર્યો

અમદાવાદ

અમદાવાદના વિવેકાનંદ નગર પોલીસ સ્ટેશનમાં જીઆરડી જવાને આપઘાતનો પ્રયાસ કર્યો. સંદીપ નામના જીઆરડી જવાને પોલીસ સ્ટેશનમાં જ ઝેરી દવા પી ને આપઘાતનો પ્રયાસ કર્યો. હાલ જીઆરડી જવાન એલ જી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

પરંતુ, આપઘાતના પ્રયાસ પહેલા જીઆરડી જવાને આપઘાતનું કારણ દર્શાવતો વીડિયો બનાવ્યો હતો, જેમાં પીએસઆઈ રાણા, હેડ કોન્સ્ટેબલ શશીબેન અને અન્ય પોલીસકર્મી મનોજ ખટિકને જવાબદાર ગણવામાં આવ્યા છે. જીઆરડી જવાને આ તમામ પોલીસકર્મીઓ પર જાતિવાદના નામે માનસિક ત્રાસ આપવાનો આરોપ લગાવ્યો છે. મહત્વનું છે કે આ જીઆરડી જવાન છેલ્લા ૧૨ વર્ષથી વિવેકાનંદ નગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે.

ભાજપના મહિલા કાઉન્સિલરનો રિપોર્ટ પોઝિટિવ, નરસિંહપુરા કન્ટેઈન્મેન્ટ ઝોન જાહેર કરાયો

વડોદરામાં વધુ ત્રણ કોરોના દર્દીના મોત: ભરૂચમાં ૪ એસઆરપી જવાન પોઝિટિવ

વડોદરા

વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં કોરોના વાઈરસથી આજે વધુ ૪ દર્દીના મોત થયા છે. જેમાં રાજમહેલ રોડ પર આવેલી રાજસ્થંભ સોસાયટીમાં રહેતા ૬૭ વર્ષના નીલાબેન પટેલ અને શક્તિપોળમાં રહેતા ૬૪ વર્ષના કલ્પનાબેન અમૃતભાઈ ખારવા અને ચોખંડી વિસ્તારના ૫૪ વર્ષના પ્રવિણભાઈ પટણી અને સુભાનપુરા વિસ્તારમાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડ પાસે રહેતા ૪૯ વર્ષના માધુરીબેન ધનંજય ગોરનો સમાવેશ થાય છે.

પાદરા તાલુકાના નરસિંહપુરા ગામમાં આવેલા ધોરીવગા સીમ વિસ્તારમાં ૨૨ વર્ષના એક યુવાનનો રિપોર્ટ પોઝિટિવ આવતા પાદરા આરોગ્ય વિભાગની ટીમ સહિત વડુ પોલીસ મથકનો સ્ટાફ પહોંચી ગયો છે અને આ વિસ્તારને કન્ટેઈન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યો છે. યુવાન હાલમાં ગોત્રી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે.

બીજી તરફ વોર્ડ નંબર-૧૪ના ભાજપના મહિલા કાઉન્સિલર દિપીકા પટણીનો કોરોના વાઈરસનો રિપોર્ટ પોઝિટિવ આવતા વાઘોડિયા રોડની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. તેમના સંપર્કમાં આવેલા ભાજપના ૫ જેટલા કાર્યકરો અને નેતાઓના સેમ્પલ લેવાયા હોવાની માહિતી મળી છે.

નર્મદા જિલ્લામાં આજે વધુ એક કોરોના પોઝિટિવ કેસ નોંધાયો છે. કેવડિયા સ્થિત સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે એલએન્ડટી કંપનીના ૨૫ વર્ષીય કામદાર સરજુનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તે સુરતથી આવ્યો હતો. નર્મદા જિલ્લામાં પોઝિટિવની કુલ સંખ્યા ૧૯ ઉપર પહોંચી ગઈ છે.

અમદાવાદથી પરત ફરેલા ભરૂચના વાલીયા રૂપનગર એસઆરપી કેમ્પના ૪ જવાનાનો કોરોના વાઈરસના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. આ જવાનોને અંકલેશ્વરની જયાબેન મોદી કોવિડ-૧૯ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. આ સાથે ભરૂચ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાના કુલ કેસની સંખ્યા ૪૪ ઉપર પહોંચી ગઈ છે. વડોદરા મહાનગર પાલિકાએ જાહેર કરેલા આંકડાઓ પ્રમાણે વડોદરા શહેર અને જિલ્લામાં કોરોના વાઈરસના પોઝિટિવ કેસનો આંક વધીને ૧૦૮૬ ઉપર પહોંચી ગયો છે. જોકે સત્તાવાર મૃત્યુઆંક ૪૨ જ રહ્યો છે. અત્યારે ૪૧૯ દર્દી સારવાર હેઠળ છે. જે પૈકી ૨૧ ઓક્સિજન ઉપર અને ૯ વેન્ટીલેટર પર છે. જયારે ૩૮૯ દર્દીઓ સ્ટેબલ છે. અત્યાર સુધી સાજા થયેલા દર્દીઓનો આંક ૬૨૫ પર પહોંચી ગયો છે.

સંભવિત વાવાઝોડાને લઈ ૪ જિલ્લામાંથી ૨૦ હજારથી વધુ લોકોનું સ્થળાંતર

ગાંધીનગર

હવામાન વિભાગે સત્તાવાર જાહેરાત કરતા જણાવ્યું હતું કે, વાવાઝોડું ગુજરાત સાથે નહીં ટકરાય. ત્યાર આ સંભવિત વાવાઝોડાના સંદર્ભે રાહત કમિશનર દ્વારા પ્રેસ કોન્ફન્સ યોજી હતી. જેમાં રાહત કમિશનર હર્ષદ પટેલે જણાવ્યું હતું કે, હવામાન વિભાગની આગાહી પ્રમાણે ડીપ ડિપ્રેશન તરીકે સક્રિય છે આગામી ૨૪ કલાકમાં સાયકલ સાયકલ સ્ટોરમાં કન્વર્ટ થશે પછી સાયકલિસ્ટ ફોનમાં કન્વર્ટ થશે. તે સુરતથી ૬૭૦ કિલોમીટર દૂર છે. ત્યારે આ વાવાઝોડાને લઈ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર બંને સક્રિય છે. નવસારી જિલ્લામાં ૧૧૦થી ૧૨૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાય શકે છે. ત્યારે તેની સૌથી વધારે અસર સુરત, વલસાડ અને ભરૂચ જિલ્લામાં જોવા મળશે.

સુરત, અમરેલી, ભાવનગર અને વાપીમાં વધારે વરસાદ પડ્યો છે. આ સાથે ભાવનગર અને અમરેલી જિલ્લામાં પણ એલર્ટ આપ્યા છે. ત્રણથી ચાર કિલોમીટર દરિયા વિસ્તાર પાસેના ગામવાસીઓને સ્થળાંતર કરવાની કામગીરી ચાલી રહી છે. આજે મોડી સાંજ સુધીમાં તમામ લોકોનું સ્થળાંતર પૂરૂં કરવામાં આવશે. સુરતમાંથી ૧૧૩૫, નવસારીમાંથી ૧૧૯૦૮ અને વલસાડમાંથી ૬૪૩૮ લોકોના સ્થળાતંર કરવામાં આવ્યા છે. આમ ચાર જિલ્લામાંથી કુલ ૨૦ હજારથી વધુ લોકોના સ્થળાંતર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

રાહત કમિશનર હર્ષદ પટેલે જણાવ્યું કે, વલસાડ ખાતે એનડીઆરએફની ટીમો ઉપલબ્ધ છે. સુરત, ભરૂચ, આણંદ-ખેડા, સોમનાથ, અમરેલી અને ભાવનગર એક એક ટીમ તૈયાર છે. વડોદરા ખાતે અને ગાંધીનગર ખાતે એક એક ટીમ છે. ત્યારે વલસાડમાં વધુ બે ટીમ મોકલવામાં આવશે. એસડીઆરએફની ટીમોને પણ તૈનાત કરાઈ છે. રેવન્યુ વિભાદ દ્વારા જિલ્લા કલેક્ટરો સાથે પણ ગઈ કાલે વીડિયો કોન્ફરેન્સ કરવામાં આવી હતી. જેમાં કોરોના વાયરસને કારણે સોશિયલ ડિસ્ટેન્સિંગ કેવી રીતે રાખવું તેના પણ પગલા ભરવામાં આવી રહ્યા છે તેના પર ચર્ચા કરવામાં આવી હતી.

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી ખાતે

પ્રેમિકાની હત્યા કરી ભાગેલા પ્રેમીએ આપઘાત કરી લેતાં ચકચાર મચી

નસવાડી

છોટાઉદેપુરના જિલ્લાના નસવાડી ખાતે પૂર્વ પ્રેમિકાની હત્યા કરીને ભાગેલા પ્રેમી એ પણ આપઘાત કરી લીધાનો બનાવ બન્યો છે. એક સાથે જીવવા અને મરવાના કોલ આપ્યા હોવાથી પ્રેમી યુવક પ્રેમિકાની હત્યા કરીને ફરાર થઈ ગયો હતો. જે બાદમાં તેણે પણ ઝાડ પર દોરડું બાંધીને ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આ અંગેની જાણકારી મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને લાશને ઉતારવાની કાર્યવાહી શરૂ કરી હતી.

બનાવની વિગત પ્રમાણે નસવાડીના નવનગરીમાં રહેતી રેખા તડવી ઉ. વર્ષ ૨૧ને થોડા સમય પહેલા રાહુલ ભીલ નામના યુવક સાથે પ્રેમ સંબંધ હતા. જોકે, બંનેના પરિવારને તેમના પ્રેમ સંબંધની જાણ થયા બાદ ઝઘડા થયા હતા. જે બાદમાં બંને રાજીખુશીથી અલગ થઈ ગયા હતા. બે-ત્રણ દિવસ પહેલા રાહુલને માલુમ પડ્યું હતું કે તેની પૂર્વ પ્રેમિકાના બીજે કોઈ જગ્યાએ લગ્ન નકકી કરવામાં આવી રહ્યા છે. આ વાત જાણીને રાહુલ ગુસ્સે ભરાયો હતો.

ગઈકાલે એટલે કે સોમવારે રેખાનો જન્મ દિવસ હતો. આ સમયે રેખા તેના પિતાના ઘરે હતી. આ દરમિયાન રાહુલ પણ ત્યાં આવી પહોંચ્યો હતો. રેખાના લગ્નની વાત ચાલી રહી હતી ત્યારે 'તું મારી નહીં તો કોઈની નહીં"ના ભાવ સાથે રાહુલ તીક્ષ્ણ હથિયાર લઈને રેખાની પાછળ દોડ્યો હતો.

રેખા જીવ બચાવવા માટે બાજુમાં રહેતા રાજેન્દ્ર રાજપૂતના ઘરે દોડી ગઈ હતી. આ દરમિયાન રાજેન્દ્રભાઈ રેખાને બચાવવા દોડ્યા હતા પરંતુ રાહુલે કહેલો તીક્ષ્ણ હથિયારનો ઘા રેખાના ગળા પર લાગી ગયો હતો. જે બાદમાં રેખા ત્યાં જ ફસડાઈને પડી ગઈ હતી. બનાવ બાદ ૧૦૮ની મદદથી રેખાને સારવાર માટે ખસેડવામાં આવી હતી. જોકે, શરીરમાંથી લોહી વહી જતાં રસ્તામાં જ રેખાનું નિધન થઈ ગયું હતું.

સુરતમાં નવા ૬૦ કેસ સામે આવતાં કુલ પોઝિટિવ ૧૮૨૧ થયા, કુલ બે વ્યક્તિઓના મોત સાથે મૃત્યુઆંક ૭૪ થયો

સુરત જિલ્લાના અરેઠ ગામે માત્રા પુત્રીને કોરોના પોઝિટિવ સામે આવ્યા : કોરોના સામે જંગ જીતીને અત્યાર સુધીમાં ૧૨૦૮ વ્યક્તિ ઘરે પહોંચ્યા

સુરત

કોરોનાનો કહેર લોકડાઉન અને અનલોક-૧માં પણ સતત વધી રહ્યો છે. મહાનગરપાલિકા અને જિલ્લા તંત્ર દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ શહેરમાં આજે કુલ નવા ૫૪ કેસ નોંધાયા છે. જ્યારે જિલ્લામાં ૬ મળીને કુલ ૬૦ નવા પોઝિટિવ દર્દીઓનો ઉમેરો થયો છે. જેથી સુરત શહેર અને જિલ્લાના કુલ મળીને ૧૮૨૪ દર્દીઓ નોંધાયા છે. જેમાંથી જિલ્લાના ૧૨૫ કેસ નોંધાયા છે. આજે બે વ્યક્તિઓના મોત નીપજતાં મૃત્યુઆંક ૭૪ થયો છે જેમાંથી બે મૃત્યુ જિલ્લાના છે. આજે શહેરમાંથી ૨૭ અને જિલ્લાના ૨ મળીને કુલ ૨૯ દર્દીઓ કોરોનાને મ્હાત આપીને ઘરે ગયા છે. જેથી કુલ રિકવર થયેલા દર્દીઓની સંખ્યા ૧૨૦૮ થઈ છે. જેમાંથી જિલ્લાના ૮૮ દર્દીઓ પણ કોરોના સામે જંગ જીતવામાં સફળ રહ્યાં છે.

વરાછા, એ.કે. રોડ વિશાલ નગર ખાતે રહેતા નિર્મળાબેન પ્રવિણભાઈ ચોટલિયા(૫૫) ટાઈપ-૨ ડાયાબિટીસ અને હાઈપર ટેન્શનની બીમારી થી પીડાતા હતા. તેમને કોરોનાના લક્ષણો દેખાતા ગઈ તા.૨૭મી મેના રોજ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં તેમનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ તેમની સારવાર ચાલી રહી હતી. સોમવારે મોડી સાંજે તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

કતારગામ, આદર્શ સોસાયટી ખાતે રહેતા ડો.વિનોદભાઈ મોહનભાઈ વઘાસિયા(૪૭) કતારગામ, લલીતા ચોકડી પાસે ક્લીનીક ચલાવે છે. તેમને કોરોનાના લક્ષણો જણાતા તપાસ કરવામાં આવી હતી. સોમવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. દર્દીઓની સારવાર દરમિયાન તેઓ સંક્રમીત થયા હોવાની શક્યતા વ્યકત કરાઈ રહી છે. તેવી જ રીતે પરવત પાટીયા, ચંદ્રલોક સોસાયટી ખાતે રહેતાયોગેશ સુરેશભાઈ બિરારે (૨૮) સરથાણા ખાતે આવેલી એચસીસી લેબમાં લેબ આ??સિસ્ટન્ટ છે. સોમવારે તેમનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. દર્દીઓના લોહીના નમુનાની તપાસ કરતી વખતે તેઓ સંક્રમીત થયા હોવાની શક્યતા વ્યકત કરવામાં આવી રહી છે. જ્યારે લિંબાયત, સુભાષનગર ખાતે રહેતા ભાગ્યશ્રી દિપક પાટીલ (૨૮) ભાઠેનામાં આઈસીડીએસ વર્કર છે. સોમવારે તેમનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. બમરોલી, રિદ્ધિ-સિદ્ધિ નગર સોસાયટી ખાતે રહેતા રામાનુજ પ્રસાદ (૪૪) યુનિક કોન્સેપ્ટ ડાયગ્નોસ્ટીક ખાતે એક્ષ-રે ટેકનીશીયન છે. સોમવારે તેમનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે.

છાપરાભાઠા રોડ, વાઈલ્ડસ્ટોન એપાર્ટમેન્ટ ખાતે રહેતા કિરીટભાઈ રસીકભાઈ ઠક્કર (૨૮) શહેર પોલીસમાં ફરજ બજાવે છે અને હાલ તેઓ અમરોલી પોલીસ મથકમાં ડીસ્ટાફમાં ફરજ બજાવી રહ્યા છે. તેમને કોરોનાના લક્ષણો જણાતા તપાસ કરાવવામાં આવી હતી. જેમાં સોમવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેથી તેમના સંપર્કમાં આવેલા અન્ય પોલીસ કર્મચારીને કોરન્ટાઈન કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

પરવત પાટીયા, રણછોડ નગર સોસાયટી ખાતે રહેતા વિશાલ દિપક મોદી (૨૮) સરદાર માર્કેટમાં શાકભાજીનો વેપાર કરે છે. શંકાસ્પદ લક્ષણો બાદ સોમવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેવી જ રીતે વરાછા, ગિરધર પેલેસ ખાતે રહેતા દીપકભાઈ મોહનભાઈ સીંગાળા (૪૮) પુણા પાટીયા પાસે ફુટનું વેચાણ કરે છે. કોરોનાના લક્ષણો બાદ તપાસ કરતા સોમવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. હોટ સ્પોટ માનદરવાજા જીસ્ઝ ટેનામેન્ટ ખાતે રહેતા અશોકભાઈ ભિખાભાઈ પટેલ (૬૭) ઘરે જ દુધનું વેચાણ કરે છે. સોમવારે તેમનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. જ્યારે ગોલવાડ, અલીના ટેકરા ખાતે રહેતા મણિલાલ ભગવાનદાસ રાણા (૬૦)ઝાંપા બજાર, જામીયા મસ્જીદ ખાતે વોચમેન છે. સોમવારે તેમનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે.

કેવડીયામાં થઈ રહેલો અત્યાચાર જોઈને સરદાર સાહેબ પણ દુઃખી થતા હશેઃ શંકરસિંહ વાઘેલા

નર્મદા

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં લોકડાઉન હોવા છતાં તંત્ર દ્વારા તાર, ફેન્સિંગની કામગીરી સામે આદિવાસીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. કોંગ્રેસના આદિવાસી ધારાસભ્યો અને ૬ ગામની મહિલાઓએ પણ રસ્તા પર ઉતરી કામગીરીનો વિરોધ કર્યો હતો. આટલો વિરોધ હોવા છતાં પણ તંત્ર દ્વારા ફેન્સિંગ કામગીરી બંધ ન કરાતા. છેલ્લા ઘણા દિવસોથી તાર-ફેન્સિંગ કામગીરીનો ૬ ગામના આદિવાસીઓ સખત વિરોધ કરી રહ્યા હોવા છતાં તંત્રના કોઈપણ અધિકારીઓ આ વિરોધ મામલે મગનું નામ મરી પાડવા તૈયાર ન હતાં. ત્યારબાદ એનસીપીના અધ્યક્ષ શંકરસિંહ વાઘેલા મુલાકાતે આવ્યા હતા. તેઓને પણ ૬ ગામ લોકો સુધી જવા નથી દેવામાં આવ્યા પણ ૬ ગામના આગેવાનોને વસંતપુરા ખાતે શંકરસિંહ બાપુને મળવા માટે આવા દેવામાં આવ્યા હતા. શંકરસિંહ સાથેની મુલાકાતમાં ગ્રામજનો એ જણાવ્યું હતું કે, અમારે સરકારનું પેકેજ નથી જોઈતું અમને અમારી જગ્યા પર જ રહેવા દો.

પ્રજાએ વધુ રોષ વ્યક્ત કરતા જણાવ્યું કે, સરકાર અમારી જમીનમાં તાર ફેન્સિંગની કામગીરી કરી રહી છે તે બંધ થવી જોઈએ. અમારી જમીન અમને પાછી આપે. ગ્રામજનો પણ હવે લડી લેવાના મૂડમાં છે. સરકાર સાથે લડી લઈશુ અમે મરી જઈશું પણ પોતાની જમીન છોડવાના નથી.

વધતા વિરોધને લીધે હવે તંત્રએ પણ પોતાનો પક્ષ મુક્યો છે અને નિગમના વહીવટદાર દ્વારા મીડિયા સાથે વાત કરતા જણવ્યું હતું કે, કેવડિયાયામાં જે તાર ફેન્સીંગનું કામ ચાલે છે તે સરદાર સરોવર નિગમની જમીન છે. કોઈને અમે ઘરની બહાર કાઢ્યા નથી. સરકારે તો આ લોકોને પેકેજ આપ્યું છે, જેમાં ૧ હજાર ચોરસ ફિટનો પ્લોટ આપવાની વાત કરી છે.

સુરતમાં ૮૫ જેટલી ખાનગી હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓને દાખલ કરવાની તૈયારીઓ શરૂ

સુરત

હાલ લોકડાઉનમાં આપવામાં આવેલા છૂટછાટમાં મોટી માત્રામાં નિયમોનું પાલન ન થતાં જુન માસમાં કોરોના પોઝિટિવ દર્દીની સંખ્યામાં ઉછાળો આવે તેવી ભીતી છે. હાલ સુરતમાં કોરોના માટે ૨૨૦૦ બેડની સુવિધા છે. જોકે, ભાવિ જોખમને ધ્યાનમાં રાખીને શહેર-જિલ્લામાં આવેલી ૮૫ જેટલી હોસ્પિટલોમાં કોવિડના દર્દીની ટ્રીટમેન્ટ માટે તૈયારી શરૂ કરી છે. અત્રે ઉલ્લેખનિય છે કે, ગુજરાત સરકારે આઈસીએમઆર ગાઈડ લાઈન મુજબ આરોગ્ય વિભાગે ખાનગી હોસ્પિટલમાં દાખલ અને લેબ ટેસ્ટની મંજૂરી આપી છે. ત્યારબાદ આ તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

ગુજરાત સરકારે આઈસીએમઆર ગાઈડ લાઈન મુજબ આરોગ્ય વિભાગે ખાનગી હોસ્પિટલમાં દાખલ અને લેબ ટેસ્ટની મંજૂરી અપાઈ છે. આવા કેસમાં દાખલ કે ટેસ્ટિંગની સીડીએચઓની મંજૂરી લેવાની જરૂર નથી. કોવિડ ૧૯ ટેસ્ટ નેગેટિવ આવે તો રજા આપી શકાય અને પોઝિટિવ આવે તો સારવાર કરી શકાય છે. આ અંગે પાલિકા કમિશનરને તમામ માહિતી મોકલવાની રહેશે. આગામી દિવસોમાં સુરતમાં ૮૫ જેટલી ખાનગી હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓ દાખલ કરાઈ તેવી સંભાવના છે.

બારડોલીમાં અમૃતપેય ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું

રોગ પ્રતિકારક શક્તિ વધારવા આયુર્વેદિક ઉકાળો ઉપકારક

સુરત

હાલમાં કોરોના સંકટ દરમિયાન રોગપ્રતિકારક શક્તિ વધારવા આયુર્વેદિક અને હોમિયોપેથી દવાઓ ઉપકારક સાબિત થઈ છે, ત્યારે બારડોલી તાલુકામાં બારડોલી તથા ભામૈયા ગામમાં કાર્યરત આયુર્વેદિક દવાખાનામાં લગભગ ૧૦૦૦ કિલો લીલી તાજી ગળોમાંથી ઉકાળો બનાવી ગુણવત્તાયુક્ત અમૃત પેય ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું છે. તા.૧૨ માર્ચથી આજ સુધી ઉકાળા વિતરણના અભિયાનમાં બારડોલી તાલુકાના ૭૬ ગામ અને બારડોલી નગરમાં ઉકાળા વિતરણ કરવામાં આવ્યુ હતું. આયુર્વેદિક મેડિકલ ઓફિસરોની દેખરેખ હેઠળ પોલીસ, તબીબો જેવા કોરોના વોરિયર્સની સહાયથી સાતત્ય સાથે ચાલી રહ્યું છે.

બારડોલી અને ભામૈયા ખાતે આવેલા સરકારી આયુર્વેદિક દવાખાનાઓમાં ફરજ બજાવતાં મેડિકલ ઓફિસરો દ્વારા પલ્વલાઈઝર મશિનથી જાતે જ ઉકાળો બનાવાયો છે. ઉપરાંત, તાલુકા હેલ્થ ઓફિસર, બારડોલી સાથે સંકલનમાં રહી તમામ સબ સેન્ટરો પર નિયુક્ત થયેલા કોમ્યુનિટી હેલ્થ ઓફિસરો દ્વારા તાલુકાના દરેક ગામમાં ઉકાળાનો ભુકો જરૂરી માર્ગદર્શન સાથે પુરો પાડવામાં આવી રહ્યો છે.

કોરોના સંકટ દરમિયાન સૌથી જોખમી કામગીરી કરે છે તેવા બોર્ડના પેપરની ચકાસણી માટે આવતા શિક્ષકો, પોલિસ, સરકારી કચેરીઓ, પોલીસ વસાહત, તમામ હેલ્થ વર્કર્સ, શેલ્ટર હોમ, બસ ડેપો, તાલુકા પંચાયત, જી.ઈ.બી કચેરી, સરદાર હોસ્પિટલ, કોરન્ટાઈન થયેલા અને આસપાસ વસતા તમામ લોકોને સતત સાત દિવસ સુધી ઉકાળો મળે તે માટે જાતે ઘરમાં ઉકાળો બનાવી પહોંચાડવામાં આવ્યો છે, આ સાથે વિવિધ સોસાયટીઓમાં માર્ગદર્શન આપી યોગ માટે જાગૃતિ ફેલાવી સતત એક માસથી યોગશિબિર કરાવી હકારાત્મક ઉર્જા આપવામાં આવી રહી છે. સરકારશ્રી દ્વારા ઉપલબ્ધ અને ગળોમાંથી બનાવેલી સંશમનીવટી સાત દિવસના સંપુર્ણ કોર્સમાં પેકેટ પર સુચના સહિત લોકોને વિતરણ કરાઈ હતી. જેનો આમ જનતાએ પણ આયુર્વેદ પર પુર્ણ વિશ્વાસ મુકી લાભ લીધો હતો.

લગ્નની લાલચ આપી યુવકે યુવતી સાથે શરીર સંબંધ બાંધી વીડિયો વાયરલ કરવાની ધમકી આપી

સુરત

આજના જમાનામાં યુવતીઓ પ્રેમ સંબંધ રાખીને ઘણીવાર પોતાની હદો પાર કરી નાખે છે. અને તેને લઈને આગળ જતા તેને તકલીફ ભોગવવાનો વારો આવે છે. ત્યારે આવી જ એક ઘટના બની છે સુરતના વરાછા વિસ્તારમાં કે જ્યાં યુવતીને લગ્નની લાલચ આપી છેલ્લા સાડા ત્રણ માસથી તેના પ્રેમીએ અવારનવાર શરીર સંબંધ બાંધ્યા અને તે અંગત પળોના ફોટા પાડ્યા હતા તેમજ વીડિયો પણ ઉતાર્યો હતો.

આટલું ઓછું હોય ત્યારબાદમાં તેના બે મિત્રોએ એક ફાર્મ હાઉસમાં લઈ જઈ છેડતી કરી યુવતીને ફોટા-વીડિયો વાયરલ કરવાની તેમજ તેના ભાઈને મારી નાખવાની ધમકી આપી હતી. જો કે આ યુવતીએ પ્રેમી અને તેના બે મિત્રો વિરૂદ્ધ દુષ્કર્મ અને છેડતીની ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

કામરેજનાં ખોલવડ ગામે રહેતા સાગર વેલજીભાઈ ગજેરા નામના યુવકે આ કૃત્ય ગુજાર્યું છે. વરાછા વિસ્તારમાં રહેતી યુવતી સાથે પ્રેમ સંબંધ રાખી તેને લગ્નની લાલચ આપી જુદાજુદા સ્થળે લઈ જઈ વીતેલા સાડા ત્રણ માસ દરમિયાન અવારનવાર શરીર સંબંધ બાંધ્યો હતો. એટલું જ નહીં તે અંગત પળોના તેણે ફોટા પાડયા હતા અને વીડિયો પણ ઉતાર્યો હતો.

ત્યારબાદ સાગરના બે મિત્રો જસ્મીન બોડા, રમેશ ઘોઘારીએ પણ યુવતીને ફાર્મ હાઉસમાં લઈ જઈ સાગરે તારા ફોટા-વીડિયો અમને આપ્યા છે બતાવીને વાઈરલ કરી દઈશું તેવી ધમકી આપી છેડતી કરી હતી.

નરાધમો ભાઈને મારી નાખવાની પણ ધમકી આપી બંનેએ આ વાત કોઈને પણ ન કહેવાની પણ ધમકી આપી હતી. સાગરે લગ્નનો ઈકાર કરતા યુવતીએ ગતરોજ પ્રેમી તેના બે મિત્રો વિરૂદ્ધ દુષ્કર્મ અને છેડતીની ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ટીઆરબી જવાનનો રૌફઃ યુવાનને લાફો ઝીંકી કહ્યુ, તુ મને ઓળખતો નથી

સુરત

કોરોના વાયરસને લઈને લોકડાઉન વચ્ચે છૂટછાટ આપવામાં આવી છે પણ લોકોને માસ્ક પહેરવા માટેના આદેશ વચ્ચે સુરતના વેડ દરવાજા ચાર રસ્તા પાસે બપોરે ટ્રાફિક પોલીસ વાહન ચેકીંગ કરતા હતા. ત્યારે બે યુવાનો બાઈક પર માસ્ક પહેર્યા વિના રોંગ સાઈડ પર જતા હતા. આ બે યુવાનને પોલીસની સૂચનાથી ટીઆરબી દ્વારા અટકાવામાં આવતા બાઈક સવાર ઈસમ દ્વાર જવાનને એક લાફો ઝીંકી દીધો હતો. આ સાથે પોલીસ સાથે દૂરવ્યવહાર કરવામાં આવ્યો હતો. જોક, ભાગી છૂટેલા બાઈક સવાર બે ઈસમો વિરોધ ગુનો નોંધવામાં આવ્યો છે.

કોરોના વાયરસ ને લઈને ચાલી રહેલા લોકડાઉનમાં ગતરોજથી અનેક છૂટછાટ આપવામાં આવી છે. ત્યારે લોકોને ફરજીયાત માસ્ક પહેરવાની પણ સૂચના તંત્ર દ્વારા આપવા આવી છે. ત્યારે ગતરોજ બપોરના સમયે વેડ દરવાજા ચાર રસ્તાથી સિંગણપોર જવાના રોડ પર વાહન ચેકીંગ દરમિયાન રોંગ સાઈડ આવેલા પલ્સર બાઈક (નં. જીજે-૧૯-એસ-૦૮૪૧) પર સવાર બે યુવાનોને પોલીસની સૂચનાથી ટિઆરબી જવાન દ્વારા અટકાવવામાં આવ્યાં હતાં. જવાને તેમને પૂછ્યું કે, રોંગ સાઈડ અને માસ્ક વગર કેમ ફરી રહ્યાં છો. તેવું કહેતાની સાથે બાઈક પર આવેલા બે યુવાનમાંથી સિગારેટ ફૂંકી રહેલા એક યુવાને ટીઆરબી જવાન મિથુન ચાવડાને ધમકાવ્યો હતો. તેણે કહ્યું હતું કે, હું અહીંથી જ પલ્સર લઈને જઈશ, તું હજી મને ઓળખતો નથી, તારા કોઈ અધિકારીને પૂછ કે અમે કોણ છીએ. તું તારી નોકરી સાચવ, તારે દરરોજ અહીં જ નોકરી કરવાની છે, નહીં તો તારો દાવ કરી નાખીશ. તેવું કહીને એક તમાચો મારી દીધો હતો.

ટોળામાં એક ૫૦ વર્ષીય આધેડ દ્વારા તમે અમારા માણસો ને કેમ હેરાન કરો છો કહીને આ બંનેવ યુવાનો ત્યાંથી ભગાડી મુક્તા પોલીસે આ બંનેવ યુવાન વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બાપુ' ફરી રાજકીય કોરાણે મૂકાયા!

ગુજરાત એનસીપીના પ્રદેશ પ્રમુખ તરીકે જયંત પટેલની નિમણૂંક

ગાંધીનગર

નેશનલ કોંગ્રેસ પાર્ટીએ ગુજરાતના નવા પ્રદેશ અધ્યક્ષ તરીકે જયંત પટેલ (બોસ્કી)ના નામની જાહેરાત કરી છે. અગાઉ પણ જયંત પટેલ પાર્ટીના પ્રદેશ પ્રમુખ તરીકેને જવાબદારી નીભાવી ચૂક્યા છે. તેઓ હવે શંકરસિંહ વાઘેલાની જગ્યા લેશે. એનસીપી સુપ્રીમો શરદ પવારે જયંત પટેલની ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે નિમણૂંક કરી છે.

જયંત પટેલના નામની જાહેરાત થવાની સાથે જ હવે શંકર સિંહ વાઘેલાને તેમની સાથે મળીને ગુજરાતમાં પાર્ટી માટે કામ કરવાનું રહેશે. શંકરસિંહનું પાર્ટીમાં કદ ઘટતા તેઓ કંઈ નવાજૂની કરવાના મૂડમાં હોય તેમ લાગી રહ્યું છે, કારણ કે તેમણે પોતાના સત્તાવાર ટ્વીટર એકાઉન્ટની પ્રોફાઈલ પરથી એનસીપી નેતા તરીકેની ઓળખ હટાવીને પૂર્વ મુખ્યમંત્રી તરીકે પોતાને રજૂ કર્યા છે. અગાઉ શંકરસિંહ પોતાના ટ્વીટર એકાઉન્ટમાં પોતાને એનસીપીના જનરલ સેક્રેટરી તરીકે રજૂ કરતા હતા.

જણાવી દઈએ કે, શંકરસિંહ વાઘેલાને ગુજરાતના રાજકારણમાં ૪ દાયકાથી વધુનો અનુભવ છે. શંકરસિંહ વાઘેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં સક્રિય સભ્ય હતા. તેમણે ગુજરાતમાં સંઘના સ્વયં સેવક તરીકે અને ભાજપમાં સંગઠન વિસ્તારવાનું મોટુ કામ કર્યું હતું. સંઘ અને ભાજપના વિકાસ વિસ્તારમાં તેમનું નોંધપાત્ર યોગદાન રહેલું છે.

ચીખલીના જોગવાડમાં ૬ વર્ષીય બાળક સરકારી બોરમાં પડી જતા મોત

ચીખલી

નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના જોગવાડ ગામે રૂવાંડા ઉભા કરી દે તેવી ઘટના બની છે. ચીખલી તાલુકાના જોગવાડ ગામે જુના પડતર ખાતે રહેતા પરિવારનો ૬ વર્ષીય બાળક ઘરની બહાર રમતો હતો. તે દરમિયાન બાળક સરકારી બોરવેલમાં પડતા દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા તંત્રએ ભારે જહેમત બાદ બાળકને બહાર કાઢી ટાંકલ સીએચસીમાં સારવાર અર્થે લવાતા ત્યાં કરૂણ મોત નિપજતા પરિવારજનો અને સ્થાનિકોમાં શોકની કાલીમાં છવાઈ જવા પામી છે.

જોગવાડ ગામના ગામતળ વિસ્તારમાં ૬ વર્ષીય મોહંમદ અર્શદ અઝીઝ પઠાણ ઘરની બહાર તે તેના મોટાભાઈ જોડે બહાર રમત રમતા હતા. તે દરમિયાન ૩.૪૫ વાગ્યાની આસપાસ અર્શદ રમતા રમતા બોરવેલમાં પડી ગયો હતો. અર્શદ બોરવેલમાં ફસાતા તેના મોટા ભાઈએ અર્શદનો હાથ પકડી લીધો હતો. પરંતુ હાથ છૂટી જતા અર્શદ બોરવેલમાં ગરકાઉ થઈ જતાં તેનો મોટો ભાઈ અને અન્યઓએ બૂમાબૂમ મુકતાં સ્થાનિકો મોટી સંખ્યામાં ઘસી આવ્યા હતા. ઘટના સ્થળે ૩ જેટલા જેસીબીની મદદથી ખોદકામ કરાયું હતું અને બે કલાકની જહેમત બાદ ૬ વાગ્યાના અરસામાં આ બાળકને બહાર કાઢી તાત્કાલિક ૧૦૮ દ્વારા ટાંકલ સીએચસીમાં ખસેડાતા ત્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરતાં પરિવારજનો અને સ્થાનિકોમાં માસુમ બાળકના મોતથી ગમગીની ફેલાઈ જવા પામી હતી.

તાલાલા ગીરમાં ધોધમાલ વરસાદઃ ૨૫ હજાર કેરીના બોક્સ પલળી ગયા

તાલાલા

ગીર પંથકમાં કેરી પકવતા ખેડૂતોને ગત વર્ષે વાયુ વાવાઝોડાએ આર્થિક નુકસાન પહોંચાડ્યું હતું. ત્યારે આ વર્ષે લોકડાઉન અને વરસાદ વેરી બન્યો છે. કેસર કેરી પકવતા ખેડૂતોને રાતે પાણીએ રોવાનો વારો આવ્યો છે. તાલાલાગીર પંથકમાં આજે ધોધમાર વરસાદ વરસ્યો હતો. એક કલાકમાં એક ઈંચ વરસાદ પડ્યો હોવાથી તાલાલા માર્કેટ યાર્ડમાં આજે ૨૫ હજાર કેસર કેરીના બોક્સ પલળતા ખેડૂતો અને વેપારીઓને મોટો ફટકો પડ્યો છે. તેમજ ઉનાળુ પાક તલ, મગ, અડદને પણ ભારે નુકસાન થયું છે. તાલાલા માર્કેટ યાર્ડમાં આજે ૨૫ હજાર કેસર કેરીના બોક્સની આવક થઈ હતી. કેરીની હરાજી ચાલુ હતી ત્યારે બપોરે ત્રણ વાગ્યાની આસપાસ ભારે પવન સાથે વરસાદ શરૂ થયો હતો. આથી બોક્સને પલળતા અટકાવવા મજૂરો તાલપત્રી ઢાંકવા લાગ્યા હતા. પરંતુ પવનથી તાલપત્રી ઉડી જતા કેરીના બોક્સ પલળી ગયા હતા. ગીર પંથકમાં હજુ ૩૦ ટકાથી વધુ કેરીનો પાક આંબાઓ પર છે. ગત ૧૦ મેથી યાર્ડ શરૂ થયાના ૨૩ દિવસમાં ૪ લાખ ૯૦ હજાર બોક્સનું વેચાણ થઈ ચૂક્યું છે.

જૂનના અંતમાં કે જુલાઈમાં તીડના આક્રમણની સંભાવનાઃ આરસી ફળદુ

ગાંધીનગર

ગુજરાતમાં એક તરફ કોરોના વાયરસનું સંકટ યથાવત જોવા મળી રહ્યું છે. ત્યારે હાલમાં જ ગુજરાત સહિત દેશભરમાં તીડના આક્રમણથી ખેડૂતોના પાકને ભારે નુકસાન જોવા મળ્યું હતું. જો કે રાજ્યના કૃષિમંત્રી આર. સી. ફળદુએ આગામી જૂનના અંતમાં કે જુલાઈમાં તીડના આક્રમણની સંભાવના વ્યક્ત કરી છે. રાજ્યમાં એક તરફ કોરોના મહામારીના સંકટ જોવા મળી રહ્યું છે ત્યારે તીડના આક્રમણને લઈને રાજ્યાના કૃષિમંત્રી આર. સી. ફળદુના નિવેદનને લઈને ખેડૂતોની ચિંતામાં ફરી વધારો જોવા મળ્યો છે. રાજ્યના કૃષિમંત્રી આર. સી. ફળદુએ કહ્યું કે માર્ચ મહિનામાં તીડનું આક્રમણ થયું હતું. જેને લઈને તંત્ર દ્વારા તીડના નિયંત્રણ માટે દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. જો કે કૃષિમંત્રી ફળદુએ રાજ્યમાં તીડનું ફરી આક્રમણ થાય તેવી સંભાવના વ્યક્ત કરી છે. કૃષિમંત્રીએ કહ્યું કે જૂનના અંતમાં કે જુલાઈમાં તીડના આક્રમણની શક્યતા છે.

સુરત જિલ્લામાં ૨૪૨૮ લોકો હોમ કોરોન્ટાઈન હેઠળ: ૨૬૪ લોકો મુક્ત

તુસ ૯૪૬૮ સેમ્પલોની તપાસમાં ૯૩૬૮ સેમ્પલોની તપાસમાં ૯૩૦૪ના રિપોર્ટ નેગેટિવ

સુરત

સુરત જિલ્લામાં આજે ૦૨ દર્દી સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૮૬ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે. સુરત જિલ્લામાં ગત રોજ પોઝિટીવ કેસોની સંખ્યા ૧૧૮ હતી, જેમાં આજે ૦૧ કેસનો વધારો થવાથી આજે કુલ ૧૧૯ કોરોના પોઝિટીવ કેસો થયા છે. જ્યારે કુલ ૦૨ દર્દીના મૃત્યુ નોંધાયા છે. પોઝિટીવ કેસ પૈકી ચોર્યાસી તાલુકાના સચીનમાંથી ૦૧ કેસ મળી કુલ ૧૧૯ કેસો આવ્યા છે. કુલ ૯૪૬૮ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૧૧૯ પોઝિટીવ અને ૯૩૦૪ નેગેટીવ કેસો જયારે ૪૫ રિપીટ સેમ્પલ નોંધાયા છે.

૪૧ એક્ટિવ ક્લસ્ટર જેમાં દિહેણ, ઈચ્છાપોર, વેગી, વરેલી (ગાયત્રી નગર), વરેલી (દત્ત કૃપા), વરેલી (શાંતિ નગર), વરેલી (વ્રજધામ વિસ્તાર), બારડોલી નગર (તાઈવાડ), વિહારા, ચલથાણ, ભટગામ, નવી પારડી, વલથાણ (શિવશક્તિ), નવા ચકરા, શામપુરા, લીંડીયાત, કપ્લેથા, લાજપોર(કોળીવાડ), લાજપોર(પોપડીયુ ફળિયુ), ઈચ્છાપોર(ઘંટી ફળિયુ), લસકાણા, રાજવડ, નનસાડ, કરચેલિયા, વરેલી(મનમંદિર કોમ્પ.), ગંગાધરા(કિષ્ણા વેલી), કરચકા, કોસંબા, વરેલી (પરમહંસ), સારોલી (નેચર વેલી), વાવ (એસ. આર. પી કેમ્પસ), તરાજ (ખાડી ફળીયુ) લસકાણા (ગોપાલનગર), પાસોદરા (ઓમ ટાઉનશીપ), વાંસકુઈ (નેવણીયા), સોદલાખારા, સાયણ (જલારામ સોસા.), મોર(માકીયાવાડ), ભાંડુત, જોળવા(આરાધના ડ્રિમ), તરસાડી(સંજય નગર) કન્ટેઈનમેન્ટ કલસ્ટર વિસ્તારનાં કુલ ૧૮૧૭૭ ઘરો અને કુલ વસ્તી ૭૫૭૦૩ જેટલી છે. જેમાં સર્વે અને આરોગ્યની ૧૫૦ ટીમ કાર્યરત છે.

નોંધનીય છે કે સુરત જિલ્લામાં ૨૩૧૩ લોકો હોમ કોરન્ટાઈન હતા. આજે ૧૧૫ નવા લોકોનો ઉમેરો થતા કુલ ૨૪૨૮ લોકો હોમ કોરન્ટાઈન છે. જયારે આજે ૨૬૪ લોકોનું હોમ કોરન્ટાઈન પૂર્ણ થતા કુલ ૨૧૬૩ લોકોને હાલ હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

નવસારી કન્ટેઈનનમેન્ટ હેઠળના વિસ્તારોમાં ડોર ટુ ડોર તપાસ

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં તા.૦૧/૦૬/૨૦૨૦ ના રોજ ૬૫ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી- ૧૨, જલાલપોર-૧૪, ગણદેવી- ૧૧, ચીખલી- ૦૯, ખેરગામ-૦૫ વાંસદા- ૧૨, અન્ય રાજય/જિલ્લાના ૦૨ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ- ૩૦૭૧ સેમ્પલ લેવામાં આવ્યા છે જે પૈકી ૨૯૮૧ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઈ રહી છે. જિલ્લામાં પાંચમા રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૧,૨૨,૭૫૧ વસ્તીને આવરી લેવામાં આવી છે.આજરોજ નવસારી જિલ્લામાં કોઈ નવો પોઝીટીવ કેસ નોંધાયો નથી.

હાલમાં સમીર ગાર્ડન ઈટાળવા, શ્રીજી એપાર્ટમેન્ટ, જુનાથાણા, નવસારી, નવસારી શહેરી વિસ્તારમાં વિરભદ્ર કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, ઠાકોરવાડી વિસ્તાર, અમરદીપ સોસાયટી વિજલપોર, કાંટસવેલ, કડોલી, વાંદરવેલા, કુકેરી, સરૈયા, બોરસી માછીવાડ તથા મોહનપુર એમ કુલ-૧૨ વિસ્તારો કન્ટેઈનમેન્ટ હેઠળ છે.

નવસારી જિલ્લામાં નોંધાયેલા ૨૫ દર્દીઓ જે પૈકી મુંબઈના -૧૦ સુરતના દર્દીઓ-૦૫, ઓખા-૦૧, વલસાડ (ડુંગરી)-૦૧ સંક્રમિત થયેલા છે. ૪ દર્દીઓ પોઝીટીવ કેસના સંપર્કમાં આવેલ છે. તેમ જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

વાવાઝોડા સંદર્ભે નવસારી જિલ્લા કલેકટર દ્વારા એલર્ટ જાહેર કરાયું

તમામ સાધન-સામગ્રીથી સજ્જ રહેવા અધિકારીઓને તાકીદ કરતા કલેક્ટર

નવસારી

ભારતીય હવામાન વિભાગની આગાહી મુજબ તા.૦૨/૦૬/૨૦૨૦ થી તા.૦૪/૦૬/૨૦૨૦ દરમિયાન અરબ સમુદ્રમાં સર્જાયેલ ડીપ્રેશન અંગે ચેતવણીના પગલે આજે નવસારી જિલ્લા કલેકટર શ્રી આર્દ્રા અગ્રવાલે જિલ્લાના સબંધિત વિભાગના અધિકારીશ્રીઓની તાકીદની બેઠક બોલાવી સંભવિત વાવાઝોડાથી જિલ્લામાં જાન – માલની નૂકશાની ન થાય તે માટે અગમચેતીના પગલા રૂપે જિલ્લાના તમામ અધિકારીશ્રીઓને આ સમયગાળા દરમિયાન તા.૦૨ જુન થી તા.૦૪ જુન ૨૦૨૦ દરમિયાન તેમનું હેડક્વાર્ટર ન છોડવા તથા વાવાઝોડાની વધુ અસરની શકયતાવાળા જિલ્લાના દરિયા કાંઠા વિસ્તામરમાં બે ગામ દીઠ વર્ગ-૧ના અધિકારીને જવાબદારી સોંપવામાં આવી છે. તેમજ દરિયાકાંઠા વિસ્તારના લોકોએ દરિયામાં ન જવા જિલ્લા કલેકટર શ્રી અગ્રવાલે અનુરોધ કર્યો હતો.

વધુમાં જિલ્લામાં સંભવિત વાવાઝોડાની સાથે વરસાદની શક્યતાઓને ધ્યાને લઈ અતિ વરસાદ અને વાવાઝોડાની વિપરીત પરિસ્થિસતિને પહોંચી વળવા જરૂરી તમામ રાહત - બચાવની સાધન – સામગ્રી સાથે તંત્રને સજ્જ રહેવા પણ ભાર પૂર્વક જણાવ્યું હતુ.

કલેકટરશ્રીએ લોકોને અફવાઓથી દૂર રહી સંભવિત વાવાઝોડાથી કોઈપણ જાતનો ભય ન રાખી જાગૃત બની સરકારી તંત્રને મદદરૂપ બનવા પણ અનુરોધ કર્યો હતો.

મેન પાવર સર્વિસ પ્રોવાઈડરોના કર્મીઓને વેતન ચૂકવવા માંગ

કોર્પોરેટર દિનેશ કાછડીયાની રજૂઆત

સુરત

મહાનગરપાલિકા દ્વારા કાર્યરત તમામ પ્રકારના મેનપાવર સર્વિસ પ્રોવાઈડરો દ્વારા તેમના કર્મચારીઓને લોકડાઉન સમય દરમ્યાનનું માસિક મહેનતાણું ચુકવવા બાબતે કોર્પોરેટર દિનેશ કાછડીયા દ્વારા કમિશનરને કરેલી રજૂઆતમાં જણાવ્યું હતે કે તા.૨૨ મી માર્ચના રોજ જનતા કરફયુ તા.૨૩ મી માર્ચથી આજદીન સુધી કોવીડ-૧૯ (કોરોના વૈશ્વિક) મહામારી સંદર્ભે સતત ચાલતુ લોકડાઉનના કારણોસર સુરત શહેરના તમામ લોકો જે નોકરી કરીને રોજગારી મેળવતા હતા તેઓની નોકરી બંધ થવા પામેલ છે. તેવા તમામ કર્મચારીઓ, શ્રમિકોને માસિક મહેનતાણું ચુકવવા માટે કેન્દ્ર સરકાર, રાજય સરકાર દ્વારા જે તે સમયે જરૂરી આદેશો થયા હતા. પરંતુ આ બાબતે સુરત મહાનગર પાલિકા ખાતે કોન્ટ્રાકટ પધ્ધતિથી અન્ય રીતે મેન પાવર સર્વિસ પ્રોવાઈડરો દ્વારા ફાળવવામાં આવતા કેટલાક વિભાગોના કર્મચારીઓને તેઓનું મળવાપાત્ર માસિક મહેનતાણું જે તે મેનપાવર સર્વિસ પ્રોવાઈડરો દ્વારા પુરૂ પાડવામાં આવેલ નથી તે સંદર્ભે મહાનગરપાલિકા દ્વારા અંગત રીતે કાર્યવાહી કરીને આવા તમામ મેનપાવર સર્વિસ પ્રોવાઈડર એજન્સી થકી મહાનગરપાલિકાની વિવિધ પ્રકારની કામગીરીમાં રોકાયેલા કર્મચારીઓને બાકી નીકળતા અને લોકડાઉન સમય દરમ્યાનના વેતનની રકમની ચુકવણી તાકીદ કરવા માટે જરૂરી આદેશ કરવા વિનંતી.

નવસારી પોલીસ દ્વારા ૬૦ લોકોની અટકાયત

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

તા.૩૧ મે ના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી કલમ ૧૮૮ આઇપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ હેઠળ ૫૭ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૬૦ ની અટકાયત કરવામાં આવી છે. જિલ્લામાં ૩૦ વાહનો ડીટેઈન કરાયા હતા. તા.૩૧ મે સુધીમાં કુલ ૧૧૬૬૬ એફઆઈઆર તેમજ કુલ ૧૩૦૯૯ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે.

શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

વાવાઝોડા અંગે નવસારીના કાંઠા વિસ્તારોમાં તકેદારી

માછીમારોને દરિયો નહીં ખેડવાની સૂચના

નવસારી

નવસારી જિલ્લા વહીવટીતંત્ર સંભવિત વાવાઝોડાની ગંભીરતાથી લઇ સજાગ થયું છે. જિલ્લા કલેકટર શ્રી આર્દ્રા અગ્રવાલે કાંઠા વિસ્તાર ઉભરાટ, અને બોરસી માછીવાડની મુલાકાત આજરોજ લઇ કાંઠા વિસ્તારના દરેક ગામમાં ગ્રામજનોને વાવાઝોડાની ગંભીરતાથી લઇ ભારે થી અતિભારે પવનની તેજ ગતિથી કોઇપણ જાનહાનિ ન થાય એ માટે જરૂરી તકેદારીના પગલાં ભરવા અધિકારીઓને તાકિદ કરી હતી.

વાવાઝોડા પહેલાની તૈયારી માટે લોકોએ રહેઠાણની મજબૂતીની ખાતરી કરી લો અને બાંધકામને લગતી ક્ષતિઓ દૂર કરવી. સમાચારો અને ચેતવણીઓ સતત સાંભળતા રહેવું. આપના રેડિયો સેટને ચાલું હાલતમાં રાખવો. સ્થાનિક અધિકારીઓના સતત સંપર્કમાં રહેવા પ્રયત્ન કરવો. ઢોર-ઢાંખરને ખૂંટાથી છૂટા કરી રાખવા. માછીમારોએ દરિયામાં જવું નહિ, બોટ સલામત સ્થળે લાંગરવી. અગરિયાઓએ સલામત સ્થળે ખસી જવું. આશ્રય લઇ શકાય તેવા ઉંચા સ્થળો ધ્યાન રાખો. સૂકો નાસ્તો, પાણી ધાબળા, કપડાં અને પ્રાથમિક સારવારની કીટ સાથે રાખો. અગત્ય ટેલિફોન નંબર હાથવગા રાખવા જરૂરી છે.

વાવાઝોડા દરમિયાન તકેદારીના પગલાં લેવા માટે જર્જરીત મકાન કે વૃક્ષ નીચે આશ્રય ન લેવા માટે સમજ આપવી. રેડિયો પર સમાચાર સાંભળતા રહો અને સૂચનાઓનો અમલ કરવો. વાવાઝોડા સમયે બહાર નીકળવાનું સાહસ કરવું નહિ. વાવાઝોડાના સમયે રેલ મુસાફરી કે દરિયાઇ મુસાફરી હિતાવહ નથી. વીજ પ્રવાહ તથા ગેસ કનેકશન બંધ કરી દેવા સલાહ આપવી. દરિયા નજીક, ઝાડ નીચે કે વીજળીના થાંભલા કે લાઇનો નજીક ઉભા રહેશો નહિ. વીજળીના થાંભલાથી દૂર રહેવા સલાહ આપવી. માછીમારોને દરિયામાં જતા રોકવા અને હોડીઓ સલામત સ્થળે રાખવી. અગરિયાઓ અગરો છોડી સલામત સ્થળે આશરો લેવો. ખોટી અથવા અધૂરી જાણકારવાળી માહિતી અર્થાત અફવા ફેલાવતી અટકાવો, આધારભૂત સૂચનાઓ અનુસરવા જણાવ્યું હતું.

વાવાઝોડાને પગલે જાહેર કરાયેલી ચેતવણી

નવસારી

નિવાસી અધિક કલેકટરશ્રી કે.જે.રાઠોડની યાદી જણાવે છે કે, ભારતીય હવામાન વિભાગ અમદાવાદની આગાહી અનુસાર આગામી તા.૦૨/૦૬/૨૦૨૦ થી ૦૪/૦૬/૨૦૨૦ બપોર સુધી અરબી સમુદ્રની અંદર ઉદભવી રહેલ ડિપ્રેશન જે હવે સાઇકલોનનું સ્વરૂપ લઇ રહેલ છે. આ સમયગાળા દરમિયાન નવસારી જિલ્લાને અસર કરવાની પુરી સંભાવના છે તથા વરસાદ સાથે ૯૦ થી ૧૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાવાની શકયતા છે.

આ સમયગાળામાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જાહેર અપીલ કરવામાં આવે છે કે, આ સમય દરમિયાન બિનજરૂરી ઘરની બહાર નીકળવું નહિ અને સાવચેતી અને સલામતી અંગેની કામગીરીમાં તંત્રને જરૂરી સહકાર આપવા તથા સાવચેત રહેવા અનુરોધ કરવામાં આવે છે.

કોરોના દર્દીના સંપર્કમાં આવેલા લોકોને હોમ કોરોન્ટાઈન કરવામાં આવશે

તુરંત સારવારથી કોરોના વાયરસથી જલ્દી સ્વસ્થ બની શકાય છે

સુરત

શહેરમાં કોરોના વાયરસની મહામારી વ્યાપક પ્રમાણમાં પ્રસરી રહી છે. તેમ છતાં સુરત મહાનગરપાલિકા દ્વારા ડોર ટુ ડોર સર્વે કરતી ટીમોને સાચી માહિતી આપવામાં આવતી નથી. પરિણામે કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા વધતી રહે છે અને ઘણીવાર આવા દર્દીઓ ખુબ જ ટૂંકા ગાળામાં મૃત્યુ પામે છે જેથી સુરત મહાનગરપાલિકા તમામ શહેરીજનોને અપીલ કરે છે કે તમામ લોકો સુરત મહાનગરપાલિકાની ડોર ટુ ડોર સર્વે કરતી ટીમ ને સહયોગ આપે જેથી લોકોને સમયસર સારવાર આપી શકાય અને તેમનું જીવન બચાવી શકાય.

હાલમાં કેન્દ્ર સરકારની નવી ગાઇડ લાઇન મુજબ સોસાયટી વિસ્તારોમાં ARI ના લક્ષણો ધરાવતા લોકો સુરત મહાનગરપાલિકાને તે અંગેની જાણ કરશે અને તેમની પાસે હોમ કોરોન્ટાઈન ની સુવિધા ઉપલબ્ધ હશે તો તેમને અને તેમના સંપર્કમાં આવેલ વ્યકિતઓને અન્ય સ્થળે કવોરોન્ટાઈન કરવામાં આવશે નહી અને તેમના ઘરે જ હોમ કવોરોન્ટાઈન કરાવવામાં આવશે. ARI ના લક્ષણો ધરાવતા લોકોને ઘરે જ ટ્રીટમેન્ટ આપી શકાશે. ARI ના લક્ષણો હોય તો ગભરાવાની જરૂર નથી લક્ષણો વિશે છુપાવ્યા વગર પ્રથમ દિવસથી જ સુરત મહાનગરપાલિકાને જાણ કરો જેથી ત્વરિત સારવાર મેળવી ઝડપથી સ્વસ્થ થઈ શકાય.

શુક્રવારે ભારતમાં છાયા ચંદ્રગ્રહણનો અવકાશી નજારો

આવતા શુક્રવારે ભારતમાં છાયા ચંદ્રગ્રહણનો અવકાશી નજારો

અમદાવાદ

સમગ્ર ભારત સહિત વિશ્વના અમુક દેશો, પ્રદેશોમાં શુક્રવાર તા. ૫ મી જુન રાત્રિના છાયા ચંદ્રગ્રહણનો અદ્ભૂત અવકાશી નજારો બનવાનો છે. ભારતમાં આશરે ૩ કલાક ૧૮ મિનિટનો અવકાશી નજારો જોવા મળશે. ટેલીસ્કોપ, દૂરબીન, વિજ્ઞાન ઉપકરણથી છાયા ચંદ્રગ્રહણની ગતિવિધિ વધુ સારી રીતે જોઈ શકાય છે. નરી આંખે છાયા ગ્રહણ જોઈ શકાય છે. સોશ્યલ ડિસ્ટન્સને ધ્યાને રાખી ખગોળરસિકો સાથે છાયા-માદ્ય ચંદ્રગ્રહણ આહલાદક જોવા મળશે. રાજયમાં ગ્રહણ નિદર્શન સાથે સદીઓ જૂની ગેરમાન્યતાનું ખંડન કાર્યક્રમો ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરી પસંદગીના શહેરોમાં યોજશે. ગ્રહણની માહિતી ઘરે-ઘરે પહોંચે તેવા પ્રયાસો કરવામાં આવશે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે સવંત ૨૦૭ જયેષ્ઠ સુદ પૂનમ વૃશ્ચિક રાશિ, જયેષ્ઠા નક્ષત્રમાં થનારું છાયા-માંદ્ય ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે. આ ગ્રહણ ઓસ્ટ્રેલિયા, એન્ટાર્કટિકા, એશિયા, યુરોપ, આફ્રિકા, દક્ષિણ અમેરિકાનો પૂર્વ ભાગ, દક્ષિણ એટલાંટિક મહાસાગર, હિંદી મહાસાગર અને પશ્ચિમ પેસિફિક મહાસાગરમાં દેખાશે.

ભારતીય સમય મુજબ ભૂમંડલે શુક્રવાર રાત્રીના ગ્રહણ સ્પર્શ : ૨૩ કલાક ૧૩ મિનિટ ૦૯ સેકન્ડ, ગ્રહણ મધ્ય : ૦૦ કલાક ૫૪ મિનિટ ૪૦ સેકન્ડ, ગ્રહણ મોક્ષ : ૦૨ કલાક ૩૬ મિનિટ, ૧૬ સેકન્ડ, ગ્રહણ ગ્રાસમાન : ૦.૫૬૮૩.

સુરતમાં કામ કરતા નવસારીના રત્નકલાકાર કોરોના પોઝિટિવ

નવસારી

નવસારી જિલ્લામાં ચાર દિવસ બાદ આજે વધુ એક કોરોના પોઝિટિવ દર્દી મળી આવ્યો હતો. જલાલપોરમાં શિવગંગા સોસાયટીમાં રહેતાં રત્નકલાકારનો રિપોર્ટ પોઝિટિવ આવતા નવસારી સિવિલમાં દાખલ કરવામાં આવ્યો છે.

નવસારી જિલ્લામાં લોકડાઉન-૫ના બીજા દિવસે કોરોના પોઝિટિવ કેસ મળી આવ્યો હતો.જિલ્લા આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ નવસારીના જલાલપોરમાં શિવગંગા સોસાયટીમાં રહેતા રત્નકલાકાર રાજુભાઈ પૂજાભાઈ નકૂમ (ઉ.વ.૨૬) નો સુરત ખાતે પાલ હજીરા હીરાબુસમાં ડાયમંડની ફેક્ટરીમાં કામ કરતા હતા. પાંચ દિવસ સુધી ત્યાં કામ પર ગયા હતા અને તા.૩૧-૫-૨૦૨૦ના રોજ તાવ આવતા નવસારી સિવિલ હોસ્પિટલમાં તપાસ કરાવી હતી. જ્યાં તેમનું સેમ્પલ લેવામાં આવતા તેનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો. જેને પગલે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા શિવગંગા સોસાયટી સમગ્ર વિસ્તારને કોરોન્ટાઈન ઝોન જાહેર કરવામાં આવ્યો હતો. નવસારી જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૦૭૧ના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જે પૈકી ૨૯૮૧નો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો અને કુલ ૨૬નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જે પૈકી કુલ ૧૨ દર્દીઓને રજા આપી હતી. જ્યારે ૧૪ કેસો હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

વલસાડ જિલ્લા કલેકટરનો હવાલો સંભાળતા આર.આર.રાવળ

વલસાડ

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી આર. આર. રાવલની બઢતીથી વલસાડ જિલ્લા કલેકટર તરીકે નિયુકત કરાતાં તેમણે જનહિતકામોને અગ્રતા આપવાના ધ્યે ય સાથે આજે જિલ્લાનો પદભાર સંભાળી લીધો છે. મહેસાણા જિલ્લાના ઉંઝા તાલુકાના ઉનાવાના વતની શ્રી આર. આર. રાવલ બી.કોમ., એલ.એલ.બી.ની ડીગ્રી ઉપરાંત નેધરલેન્ડ ખાતે પોસ્ટે ગ્રેજયુએટ ડીપ્લો મા ઈન પબ્લિીક પોલીસી એન્ડલ ડેમોક્રેટાઈઝેશનની પદવી પણ મેળવી ચૂકયા છે. શ્રી આર. આર. રાવલ ૨૦૦૯ની બેચના સનદી અધિકારી છે. તેઓ દેવભૂમિ દ્વારકા ખાતે પણ જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવી ચૂકયા છે.

ગાંધીનગર જિલ્લામાં કોરાના મહામારીમાં આરોગ્ય સેવા સુંદર રહે તે માટે શ્રી આર. આર. રાવલે ભારે જહેમત ઉઠાવી છે. શ્રી રાવલ એરકન્ડિશન ચેમ્બેરમાં બેસીને વહીવટ કરવાને બદલે સતત ફિલ્ડમાં જઈને કામ કરનારા ઉપરાંત વર્તમાન પરિસ્થિતિમાં જે અધિકારીઓ પોતાની ફરજ અત્યંત નિષ્ઠાથી બજાવી રહયા છે તેવા અધિકારી તરીકેની છાપ ધરાવે છે.

ધારાસભ્ય ઝંખનાબેન પટેલના નિવેદનથી ઉત્તર ભારતીયો નારાજ

ધારાસભ્યના નિવેદનનો વીડિયો વાયરલ

સુરત

લોકડાઉનની સ્થિતિમાં જ્યારે સુરતથી લાખો મજુરો માદરે વતન જવા અધિરા બન્યા હતા ત્યારે ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય ઝંખના પટેલના નિવેદનથી વિવાદ ઉભો થઈ ગયો છે. ઝંખના પટેલે કહ્યું હતું કે પરપ્રાંતિયો મારા મત વિસ્તારના લોકો જ નથી. મારા વોટર જ નથી. ઝંખના પટેલનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો હતો .ઉત્તર ભારતીય સમાજના ધારાસભ્યના આ નિવેદનને લઈ નારાજગી ફેલાય ગઈ હતી અને વીડિયો વાયરલ થઈ ગયો હતો. આ મુદ્દે ઉત્તર ભારતીય મસાજે ઓન શ્રમિકોનું અપમાન ગણાવ્યું હતું. બીજી તરફ ઉત્તર ભારતીયોના જ એક જુઠના ભગવતી દુબે, અભયસિંહ રાજપુત અને ઓમ પ્રકાશ ઝાએ ધારાસભ્ય ટિપ્પણીને યોગ્ય ગણાવી છે. સોમવારે કોંગ્રેસે નિવેદનના વિરોધમાં કલેકટરને આવેદનપત્ર આપી કાર્યવાહી માંગણી કરી છે.

દક્ષિણ ગુજરાતમાં વાવાઝોડાનો વર્તારો વાદળા છવાયા અને ઝરમર વરસાદ

નવસારી

દક્ષિણ ગુજરાતમાં ગઈકાલે નિર્સગ વાવાઝોડાની અસરને પગલે આજે બીજા દિવસે પણ વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠેર ઠેર વરસાદી છાંટણા પડ્યા હતા. નવસારી જિલ્લાના ગણદેવી-જલાલપોર તાલુકાના કુલ ૩૯ ગામને એલર્ટ કરવામાં આવ્યા છે અને એનડીઆરએફની એક ટીમ તૈનાત કરવામાં આવી છે. અરબી સમુદ્રમાં સર્જાયેલ લો પ્રેશર સિસ્ટમને કારણે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત નિર્સગ નામનું વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે. જેને પગલે નવસારી જિલ્લા આરોગ્ય તંત્ર એલર્ટ બન્યું છે. નવસારી જિલ્લાના ૫૨ કિલોમીટર લાંબા દરિયા કિનારાના જલાલપોર તાલુકાના ૧૫ અને ગણદેવી તાલુકાના ૨૪ મળી કુલ ૩૯ જેટલાં ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. ૯૦ થી ૧૦૦ કિમીની ઝડપે પવન ફુંકાવા સાથે વરસાદની આગાહીથી જિલ્લા વહીવટી તંત્ર એલર્ટ બન્યું છે અને તમામ ગામના તલાટી સરપંચોને જાણ કરવામાં આવી છે. જરૂર પડયેથી સ્થળાંતર કરાવવામાં આવશે અને એક એનડીઆરએફની ટીમ તૈનાત કરવામાં આવી છે. નવસારી જિલ્લામાં ગઈકાલે નિર્સગ વાવાઝોડાની અસરને પગલે વરસાદ છુટો છવાયો પડ્યા બાદ આજે સતત બીજા દિવસે નવસારી જિલ્લામાં વરસાદી છાંટણા પડ્યા હતા. જિલ્લામાં નિર્સગ વાવાઝોડા દરમ્યાન પ્રજાજનોને કોઈ મહત્વપૂર્ણ કામ વિના ઘરની બહાર ન નીકળવા જિલ્લા કલેક્ટર આદ્રા અગ્રવાલ દ્વારા સૂચના આપવામાં આવી છે.

બિલ્ડરની ઓફીસમાંથી સર સામાનની ઉઠાંતરી

સુરત

જોળવામાં આવેલ બિલ્ડરની ઓફિસમાં કોઇ અજાણ્યા તસ્કરો પલંગ, ખુરશી, મળી ૮૫૦૦ના માલ મત્તાની ચોરી કરી ગયા હોવાની ફરિયાદ પલસાણા પોલીસ મથકે નોંધાય છે. આ અંગે મળતી માહિતી અનુસાર સુરત શહેરના ડભોલી ખાતે આવેલ સંકલ્પ હાઇટ્સમાં રહેતા અને બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા પ્રશાંતભાઈ પ્રવીણભાઈ દિહોરા ઉ.વ. ૨૫ પલસાણા તાલુકાના મેળવા ગામમાં સ્વર્ગ રેસીડન્સીમાં મકાન નંબર ૧૨૫માં ઓફિસ ધરાવે છે તેમની ઓફિસમાં કોઇ અજાણ્યા તસ્કરોએ દરવાજાનો નકુચો તોડીને પ્રવેશી અંતર મુકેલી બે સેટી પલંગ કિ. ૩૦૦૦ ચાર પ્લાસ્ટિકની ખુરશી કિં.૧૦૦૦ તથા ગાદલા કિં. ૧૦૦૦, બે પંખા, ફિલ્ટર પાણીનું મશીન કિં. ૧૫૦૦ , એક ટેબલ કિં. ૧૦૦૦ મળી કુલ ૮૫૦૦ના માલ મત્તાની ચોરી કરી નાસી ગયા હતા. બનાવ અંગે પ્રશાંતભાઈ બિલ્ડરની ફરિયાદના આધારે પલસાણા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સિંગણપોરમાં પરિણીતાના ચારિત્ર્યની શંકાના ઝઘડામાં ઘાતક શસ્ત્રો ઉછળ્યા

કતારગામ પોલીસે અલગ-અલગ બે ફરિયાદો નોંધી

સુરત

પરિણીતાનો ગર્ભ પડાવી નાંખવા બાબતે પતિએ ત્રાસ ગુજારી આ પરિણીતાનું અન્ય સાથે લફરૂ હોવાના વહેમમાં મારામારીમાં ઘાતક શસ્ત્રો ઉછળ્યા હતા. કતારગામ પોલીસે મારામારી અને પરિણીતાની અલગ અલગ ફરિયાદ નોંધી આરોપીઓ વિરૂદ્ધ એપેડેમિક એક્ટ સહિતની કલમો અન્વયે ગુનો દર્જ કર્યો હતો.

કતારગામ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સિંગણપોર ચાર રસ્તા રાધાસ્વામી સોસાયટીમાં રહેતો સુધીર ઉર્ફે રાહુલ હીરા સોલંકી કતારગામ વિજયનગર-૨ જયમાતાજી કરિયાણા સ્ટોરમાં ઈંડા લેવા ગયો હતો. ત્યારે આરોપી ડભોલી, શ્યામ રાઠોડ, રાઈન રાઠોડ, નિલેશ રાઠોડે ફરિયાદી સાથે ઝઘડો કરી તલવારના ઘા ઝીંકી નાસી ગયા હતા.

બીજી ફરિયાદમાં આરોપી સુધીર ઉર્ફે રાહુલ હીરા સોલંકીએ ફરિયાદી પત્નીનો ગર્ભ પડાવી નાંખવા દબાણ કરી ફરિયાદીનો ડભોલી ગામના વ્યક્તિ જોડે લફરૂ હોવાનો વહેમ રાખી આરોપી સુધીર, મામા ભોદાભાઈ તથા અન્ય બે અજાણ્યા ઈસમોએ તલવાર બેટ સાથે ધસી આવી ડભોલી સાથે ઝઘડો ઢીક મુક્કીનો માર માર્યો હતો. કતારગામ પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

વરાછાની યુવતીને લગ્નની લાલચ આપી ચાર મહિના જાતિય શોષણ

કામરેજના ફાર્મ હાઉસમાં આરોપી સાગરના બે મિત્રોએ છેડતી કરી વીડિયો-ફોટા વાયરલ કરવાની ધમકી

સુરત

બે સંતાનના પિતાએ વરાછાની યુવતીને લગ્ન કરવાની લાલચ આપી ચાર મહિના સુધી સાથે ફેરવી બળાત્કાર ગુજાર્યો હોવાની યુવતીએ વરાછા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. આરોપી વેપારી સાગર ગજેરા જ્યારે પીડિતાને કામરેજના ફાર્મ હાઉસ ઉપર લઈ ગયો હતો. ત્યારે આરોપીના બે મિત્રોએ આ પીડિતાની છેડતી કરી સાગરે અંગતપળોના ઉતારેલા વીડિયો-ફોટો વાયરલ કરવાની ધમકી આપી હતી. વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કામરેજ ખોલવડ ગામે અમૃતકુંજ એપાર્ટમેન્ટમાં રહેતો વેપારી સાગર વેલજી ગજેરા પાસેથી ફરિયાદી યુવતી જોબકામ માટે સાડીનો માલ લેતી હતી. જેથી બંને વચ્ચે પરિચય થયા બાદ આરોપી બે સંતાનના પિતા સાગરે ફરિયાદીને લગ્ન કરવાની લાલચ આપી પોતાની સાથે લઈ ગયો હતો. ભોપાલમાં બે મહિના અને વડોદરામાં બે મહિના સાથે રહી આરોપીએ ફરિયાદીની મરજી વિરૂદ્ધ અવાર નવાર બળાત્કાર ગુજાર્યો હતો. તેમજ કામરેજના એક ફાર્મ હાઉસમાં લઈ જતા ત્યાં આરોપી જસ્મીન બોડા રહે. રિદ્ધિ ઓટો સાગર સોસાયટીના નાકે કાપોદ્રા, રમેશ ઘોઘારી રહે. પુણાગામનાએ ફરિયાદીની સાથે શારીરિક અડપલા કરી આરોપી સાગરે અંગતપળોનો ઉતારેલો વીડિયો ફોટો વાયરલ કરી નાંખવાની ધમકી આપી આ બાબત કોઈને કહેશે તો ફરિયાદીના ભાઈને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. વરાછા પોલીસે પીડિતા યુવતીની ફરિયાદ નોંધી પો.ઈ. બી.એન. સગરે તપાસ હાથ ધરી છે.

વાવાઝોડા સંદર્ભે વલસાડ જિલ્લા કલેકટરની અપીલ

વલસાડ

વલસાડ જિલ્લામાં સંભવિત વાવઝોડાને ધ્યાને લઇ જિલ્લા કલેકટર શ્રી આર.આર.રાવલે વહીવટીતંત્ર સાબદુ કર્યુ છે. વાવાઝોડાથી કોઇ જાનમાલનું નુકશાન કે અન્ય મુશ્કેરલી ઉભી ન થાય તે માટે તકેદારી રાખવામાં આવી રહી છે. સંભવિત વાવાઝોડાને લઇ દ્વારા વલસાડ જિલ્લાની જાહેર જનતાને બિન જરૂરી બહાર ન નીકળવા, દરિયા કાંઠા વિસ્તા રમાં ન જવા ઉપરાંત માછીમારોને દરિયો ન ખેડવા અપીલ કરવામાં આવી છે. જરૂરીયાત જણાય તો કંટ્રોલરૂમ ૦૨૬૩૨-૨૪૩૨૩૮ ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.

વલસાડમાં વધુ એક દર્દીને રજા અપાઇ

વલસાડ

વલસાડની કોવિડ-૧૯ હોસ્પિરટલ સિવિલમાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી એક દર્દીનો રીપોર્ટ નેગેટીવ આવતાં તેમને આજે તા.૧/૬/૨૦૨૦ના રોજ રજા આપવામાં આવી હતી. વલસાડ જિલ્લાના ઉમરસાડીના યુવક કોવિડ-૧૯માંથી રીકવર થતાં હોસ્પિરટલમાં રજા લઇને બહાર નીકળતાં હોસ્પિનટલની ટીમ દ્વારા ફૂલોની વર્ષા કરી તાળીઓ પાડીને શુભેચ્છાકઓ પાઠવવામાં આવી હતી.

ઉધનાના નેહરૂ નગરમાં રાજ્ય મોનીટરિંગ સેલ પોલીસનો છાપો

સુરત

સ્ટેટ મોનીટરિંગ સેલે ઉધના નહેરૂનગરમાં દરોડા પાડી દેશી-વિદેશી દારૂનો જથ્થો મળી કુલ રૂા.૧.૦૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બે આરોપીની ધરપકડ કરી હતી.

સ્ટેટ મોનીટરિંગ સેલે બાતમીના આધારે ઉપરોક્ત સ્થળે દરોડા પાડ્યા હતા. પોલીસે આરોપી જુમર ત્રીનાથ પ્રધાન, શિવારામ દિવાકરની ધરપકડ કરી હતી. જ્યારે હેમંત ઉર્ફે ટીનિયો કનકસિંહ ગોહિલ, રણજીત ઉર્ફે પદમા શાહુ, વાલ્મીકી નારાયણ શાહુ, રાજુ રાવડી, શરીફુદ્દીન ઉર્ફે લાલો સલીમ ફારૂકીને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે વિદેશી-દેશી દારૂનો જથ્થો, એક મોબાઈલ ફોન રોકડા રૂપિયા ૫૨,૪૨૪ મળી કુલ રૂપિયા ૧,૦૧,૪૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

વરાછામાં એબ્રોયડેરીના કારખાનામાં ચોરી થઈ

સુરત

વરાછા જગદીશનગરમાં આવેલ એમ્બ્રોયડરી કારખાનામાં ત્રાટકેલા તસ્કરો મધરબોર્ડ સહિત રૂપિયા ૧.૫૦ લાખની મતા ચોરી કરી ગયા હતા. કારખાનેદાર ગિરધરભાઈ નાનજીભાઈ વેકરીયાએ આ બનાવ અંગે વરાછા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. તસ્કરો મધરબોર્ડ, ડીવાઈસ કાર્ડ, કોમ્પ્યુટર, ડ્રાઈવર સેટ મળી કુલ રૂા.૧.૫૦ લાખની મતા ચોરી કરી ગયા હતા. વરાછા પોલીસે તપાસ હાથ ધરી છે.

જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા તમાકુ વિષેધ દિનની ઉજવણી

સુરત

સમગ્ર વિશ્વમાં તા.૩૧ મે ના રોજ 'વિશ્વ તમાકુ નિષેધ દિન' તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે આ વર્ષે કોરોના જેવી મહામારી હોવાથી સોશિયલ ડિસ્ટન્સ જાળવીને ડિજીટલ માધ્યમથી ઉજવણી કરવામાં આવી હતી.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિતેશ કોયા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. હસમુખ ચૌધરી અને ઈ.એમ.ઓ. ડો. પિયુષ શાહનાં માર્ગદર્શન હેઠળ 'વિશ્વ તમાકુ નિષેધ દિન'ની ઉજવણી અંતર્ગત સુરત જિલ્લાનાં દરેક તાલુકાઓમાં પ્રદર્શનો, માઈક પ્રચાર, પત્રિકાઓની વહેંચણી કરીને, ઘેર બેઠા બાળકો પાસે ડ્રોઈંગ કરાવીને તેમજ સોશિયલ મીડિયાના માધ્યમથી, કેન્સર પેશન્ટ દ્વારા, એન.જી.ઓ. દ્વારા વિડીયોમાં મેસેજ પ્રસારિત કરીને લોકોને જાગૃત્ત કરવામાં આવ્યા હતા.

આ વેળાએ તમામ તાલુકા હેલ્થ ઓફિસરો, મેડિકલ ઓફિસરો, આઈ.ઈ.સી.ઓફિસરો, તાલુકા અને પી.એચ.સી.ના સુપરવાઈઝરો, આરોગ્ય કર્મચારી ભાઈ-બહેનો તથા આશા બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

ડાંગ જિલ્લામાં અનલોક વન અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

ચાર કે વધુ વ્યક્તિઓએ એકત્ર થવું નહીં

સુરત

વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID-૧૯ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરી છે. જે બાબતે ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ COVID-૧૯ ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

ભારત સરકારના ગૃહ મંત્રાલયના વંચાણ-૧ ના હુકમથી સમગ્ર દેશમાં ક્નટેનમેન્ટ ઝોનમાં તા.૦૧/૦૬/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી લોકડાઉન લંબાવવામાં આવેલ છે. ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ – ૩૩(૧) તથા ૩૭(૩), ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ ની કલમ-૩૪ અન્વયે કેટલાક નિયંત્રણો મૂકવાની જરૂરીયાતને અનુલક્ષીને ડાંગ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એન.કે.ડામોરે તેમને મળેલી સત્તાની રૂએ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૪ અન્વયે જાહેરનામા દ્વારા તા.૦૧/૦૬/૨૦૨૦ ના ક.૦૦:૦૦ થી તા.૩૦/૦૬/૨૦૨૦ ના ક.૨૪:૦૦ સુધી ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કેટલાક નિયંત્રણો લાદતું જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે.

ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં સક્ષમ અધિકારીની પરવાનગી વગર અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે ચાર કે ચારથી વધુ વ્યક્તિઓએ એક સાથે જિલ્લાના વિસ્તારમાં કોઈપણ જગ્યાએ એકત્રિત થવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે. સમગ્ર ડાંગ જિલ્લાના હદ વિસ્તારમાં રાત્રીના ૯.૦૦ કલાકથી સવારના ૫.૦૦ કલાક સુધી આવશ્યક પ્રવૃતિ સિવાયની તમામ પ્રવૃતિઓ માટે વ્યક્તિઓની અવરજવર સખ્તાઈપૂર્વક બંધ (Curfew) રહેશે.

સમગ્ર ડાંગ જિલ્લાના હદ વિસ્તારમાં ક્નટેનમેન્ટ/માઈક્રો ક્નટેનમેન્ટ ઝોનમાં સવારના ૦૭ .૦૦ કલાકથી રાત્રીના ૦૭.૦૦ કલાક સુધી ફક્ત આવશ્યક સેવાઓની જ છૂટ રહેશે. ક્ન?ટેનમેન્ટ/માઈક્રો ક્ન?ટેનમેન્ટ ઝોન બહારના વિસ્તારમાં સવારના ૮.૦૦ કલાક થી રાત્રીના ૮.૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે.

કામદારો/ કર્મચારીઓ/ દુકાન માલિકો કે જેઓના રહેઠાણ ક્ન?ટેનમેન્ટ/માઈક્રો ક્ન?ટેનમેન્ટ ઝોનમાં આવેલ છે તેઓ ક્ન?ટેનમેન્ટ/માઈક્રો ક્ન?ટેનમેન્ટ ઝોન છોડી બહાર જઈ શકશે નહીં. GSRTC ની બસ સેવાઓ કાર્યરત રહી શકશે. ખાનગી બસ સેવાઓ ૬૦% બેઠક ક્ષમતા (૬૦% seating capacity and no standing) સાથે GSRTC suðe s Standard Operating Procedures ના પાલન સાથે ચાલુ રાખી શકાશે. રમતગમત સંકુલ અને સ્ટેડીયમ સ્થાનિક સક્ષમ સત્તાધિકારીશ્રીની પૂર્વ મંજૂરી લઈને ખુલ્લા રાખી શકાશે. કાર્યક્રમના પ્રસારણ પર કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ રહેશે નહી. પરંતુ પ્રેક્ષકો અને જનમેદની એકઠી થવા પર પ્રતિબંધ રહેશે.

શહેરી સ્થાનિક સંસ્થા દ્વારા નક્કી કરેલ વિસ્તારોમાં શેરી વિક્રેતાઓ કામગીરી તા.૦૮-૦૬-૨૦૨૦થી ચાલુ કરી શકશે. આ અંગેની વિગતવાર Standard Operating Procedures શહેરી સ્થાનિક સંસ્થા દ્વારા તૈયાર કરવાની રહેશે.તમામ શાળા, કોલેજો, શૈક્ષણિક/તાલીમ/કોચીંગ સંસ્થાઓ વિગેરે બંધ રહેશે. તેમ છતાં વહીવટી કચેરીઓ ચાલુ રાખી શકાશે. હોટેલ અને ક્લબ તા.૦૮-૦૬-૨૦૨૦ થી Standard Operating Procedures મુજબ ચાલુ રાખી શકાશે. રેસ્ટોરન્ટ અને ખાનપાનની દુકાનો તા.૦૮-૦૬-૨૦૨૦ થી બેઠક વ્યવસ્થામાં સોશ્યલ ડીસ્ટન્સીંગના પાલન સાથે ચાલુ રાખી શકાશે.

શોપિંગ મોલ્સ અને મોલ્સમાં આવેલી દુકાનો તેમજ રીટેલ દુકાનો સોશ્યલ ડીસ્ટન્સીંગના પાલન સાથે તા.૦૮-૦૬-૨૦૨૦થી ચાલુ રાખી શકાશે. ઉદ્યોગો સોશ્યલ ડીસ્ટન્સીંગના પાલન સાથે ૧૦૦% ની ક્ષમતાથી ચાલુ રાખી શકાશે. તમામ ધાર્મિક સ્થળો સોશ્યલ ડીસ્ટન્સીંગના પાલન સાથે તેમજ Standard Operating Procedures મુજબ તા.૦૮-૦૬-૨૦૨૦થી ચાલુ રાખી શકાશે. પરંતુ કાર્યક્રમ/વધુ લોકોના ભેગા થવા પર પ્રતિબંધ રહેશે. લગ્ન સમારંભોમાં સોશ્યલ ડીસ્ટન્સીગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને આવા પ્રસંગોમાં ૫૦ કરતાં વધુ વ્યક્તિઓ ભેગા થઈ શકશે નહીં.

વલસાડ જિલ્લામાં વાવાઝોડાને પગલે એનડીઆરએફની ટુકડી સ્ટેન્ડ બાય

ફિલ્ડના કર્મચારીઓએ હેડ ક્વાર્ટસના સંપર્કમાં રહેવા સૂચના

વલસાડ

સંભવિત વાવાઝોડાની પગલે આગમચેતીના પગલાં રૂપે જિલ્લા કલેક્ટર આર.આર.રાવલે જિલ્લાના અમલીકરણ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. કલેક્ટરશ્રી રાવલે જણાવ્યું હતું કે, આપત્તિ સમયે ટીમ વલસાડ ડીઝાસ્ટર પાર પાડશે, પરંતુ દરેક અધિકારીઓ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક અને પોતાને આત્મ સંતોષ થાય તે રીતે નિભાવે તે જરૂરી છે. સૂચના નહીં પણ અમલવારી કરી ફિલ્ડના સ્ટાફને હેડકવાર્ટરમાં રાખી સતત સંપર્કમાં રહેવા જણાવ્યું હતું. વાવાઝોડાના પગલે જિલ્લામાં એન.ડી.આર.એફ.ની ટીમને સ્ટેમન્ડ બાય તરીકે તૈનાત કરવામાં આવી છે.

સંભવિત વાવાઝોડાને પગલે સ્થળાંતર કરવાનું થાય તો તે માટે શેલ્ટર હોમ, કયા વ્યક્તિને કયાં લઈ જવાનું તેમના માટે રહેવા-જમવાની વ્યવસ્થાની સાથે કોવિડ-૧૯ને અનુલક્ષીને અગમચેતીના ભાગરૂપે સેનેટાઈઝર તેમજ માસ્કની પૂરતી વ્યવસ્થા રાખવા, કેન્ટાઈનમેન્ટા વિસ્તાર તેમજ હોમ કવોરન્ટાઈનના લોકો માટે અલગ રહેવાની વ્યવસ્થા, વૃદ્ધો-બાળકો માટેની વ્યવસ્થા સંદર્ભે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠકમાં અમલીકરણ અધિકારીઓ દ્વારા કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં પોલીસ અધિક્ષક સુનિલ જોષી, જિલ્લા વિકાસ અધિકારી અર્પિત સાગર, નિવાસી અધિક કલેક્ટર એન.એ.રાજપૂત, પ્રાંત અધિકારીઓ સહિત અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા

અંતિમ ઘડીએ દાખલ થતા દર્દીઓને બચાવવા મુશ્કેલ: મ્યુનિ. કમિશનર

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ આજ તા.૧ જુનના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, દેશભરમાં કોરોના વાઈરસને કાબુ કરવામાં સુરત શહેરનો રીકવરી રેટ જે ૬૬.૬ ટકા થયો છે. આજે ૨૯ વધુ દર્દીઓ સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૧૦૯૩ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે. શહેરમાં ગઈકાલે પોઝિટીવ કેસોની સંખ્યા ૧૬૦૭ હતી, જેમાં ૩૫ કેસોનો વધારો થવાથી આજે કુલ ૧૬૪૨ કેસો થયા છે. કુલ ૭૦ દર્દીના મૃત્યુ નોંધાયા છે. ૪.૩ ટકા રેટ મૃત્યુ દર છે. પોઝિટીવ કેસો પૈકી સૌથી વધુ સુરતના કતારગામ ઝોનમાંથી આજે કુલ કેસો મળી આવ્યા ૧૦ છે. કતારગામ અને વરાછામાંથી જે કેસો આવે છે તે છેલ્લા સમયે આવે છે તેથી તેમની પરિસ્થિતી ખરાબ હોય છે અને તેમને બચાવવા મુશ્કેલ થાય છે. જો તમે ઝડપથી સારવાર લેશો તો ઝડપથી ઘરે પાછા આવશો.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, આજની સ્થિતિએ ૬૬૨૮ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૫૨૩ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૯૧ લોકો છે. ૧૫૯૮ જેટલી ટીમો ડોર ટુ ડોર સર્વેલન્સ માટે કાર્યરત છે. સ્લમ વિસ્તારોમાં કુલ ૫૫ ફિવર ક્લિનીક ચાલુ કરવામાં આવ્યા છે. મોબાઈલ ફિવર ક્લિનીકમાં સૌથી વધુ લોકો જાય છે તેથી તેની સંખ્યા વધારવામાં આવી છે. ૬૦ જેટલી રિક્ષા દ્વારા કોવિડ અંગે જાગૃત્તિ લાવવામાં આવી રહી છે.

ભોજન સેવા યજ્ઞમાં સંસદ સભ્ય અહમદભાઈ પટેલનું યોગદાન

રોટલી બનાવતું મશીન ભેંટમાં અપાયું

અંકલેશ્વર

અંકલેશ્વરમાં છેલ્લા લગભગ ૧.૫ વર્ષથી કાર્યરત ભૂખ્યાને ભોજન સેવામાં રાજ્યસભા સાંસદ અહેમદ પટેલે પણ પોતાનું યોગદાન આપતા રોટલી બનાવવાનું અત્યાધુનિક મશીન અનુદાન તરીકે આપ્યું છે.

રાજ્યસભા સાંસદ અહેમદ પટેલે છ લાખથી પણ વધુ કિંમતનું રોટલી બનાવવાનું મશીન પોતાના તરફથી આપ્યું છે જેમાં રોટલી બનાવવાના લુવાથી લઈને રોટલી બનીને તૈયાર થઈને બહાર આવે એવી પણ સુવિધા છે. આ મશીનની શરૂઆત ભૂખ્યાને ભોજન સેવાની પરિકલ્પના કરનાર માંગીલાલ રાવલ, અતુલ મુલાણી સહિતના સ્વયંસેવકોએ કરી હતી. આ અંગે માંગીલાલ રાવલે જણાવ્યું હતું કે અહેમદભાઈ પટેલના આ અનુદાનથી અને આ મશીનના ઉપલબ્ધ કરવવાથી અનેક લોકોનો જઠરાગ્નિ હવે વહેલી તકે શાંત કરી શકાશે. આ બદલ તેમણે અહેમદ પટેલનો આભાર માન્યો હતો.

કેવડિયા ફેંસીંગ મુદ્દે આજે પણ આદિવાસીઓનો ભારે વિરોધઃ એક આધેડ વ્યક્તિનો આત્મવિલોપનનો પ્રયાસ

નર્મદા ડેમ પાસે કેવડિયામાં ફેંસીંગ મામલે પોલીસ સાથે ગ્રામજનોનું ઘર્ષણ : એક આધેડે આત્મવિલોપનનો પ્રયાસ કરતા પોલીસે અટક કરી



તસવીર : ભરત શાહ

છ ગામમાં ફેન્સીન્ગ મામલે ગ્રામજનો નો વિરોધ દસ દિવસે પણ યથાવત રહેતા કેવડિયા ગામમાં વિરોધ પ્રદર્શન દરમ્યાન એક ગ્રામજને આત્મ વિલોપનનો પ્રયાસ કરતા ભારે ઉત્તેજના વ્યાપી ગઈ હતી

રાજપીપળા

કેવડિયા ગામ માં તંત્ર દ્વારા આજે પોલીસે કાફલા સાથે ગામ માં પહોંચી કામ શરુ કરાતા કામને અટકાવવા મોટી સંખ્યા માં લોકો એકત્ર થતા પોલીસ અને ગ્રામજનો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું દરમ્યાન નટવરભાઈ કાંતિ તડવી નામના એક ગ્રામજને આત્મ વિલોપન નો પ્રયાસ કરતા પોલીસે તેની અટકાયત કરી હતી.સાથે સાથે એક યુવાન ને પણ ઈજા થતા તેને સારવાર અર્થે નજીકની હોસ્પિટલ માં ખસેડાયો હતો.

ગતરોજ પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ પણ આ ગામોની મુલાકાત લીધી હતી ત્યારે આ છ ગામના લોકોની મુલાકાત દરમિયાન આદિવાસીઓની જમીન સરકાર પચાવી પાડતી હોવાના આક્ષેપ પણ કર્યા હતા.ત્યારે આજે ફરી આ બાબતે ઘર્ષણ થતા ગામના નટવરભાઈ કાંતિ તડવી નામના એક આધેડ વ્યક્તિ એ પોતાના ઉપર કેરોસીન નાખી આત્મહત્યા નો પ્રયાસ કર્યો જેમાં તેમની જમીન સંપાદન ન થઈ હોવાનો આધેડે આક્ષેપ કર્યો હતો. આત્મવિલોપન નો પ્રયાસ કરનારા આ વ્યક્તિની પોલીસે અટકાયત કરી કેવડીયા પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા ત્યારે આશ્ચર્ય એ વાત નું છે કે ચારે તરફ થી ફેન્સીન્ગ કામ નો વિરોધ થઈ રહ્યો હોવા છતાં સરકાર દ્વારા કેમ કોઈ સુખદ ઉકેલ લાવવા ને બદલે કામ ચાલુ રખાયું હોય તેવા સંજોગોમાં બેઠક કરી કોઈ વચલો માર્ગ કાઢી સરકારે આ ઘર્ષણ ને અટકાવવું રહ્યું.

નર્મદા જીલ્લામા વધુ એક કોરોના પોઝીટીવ કેસનો ઉમેરોઃ L & T કંપની હેઠળ કામ કરતા શ્રમિકને કોરોના પોઝીટીવ

કેવડીયા વિસ્તારમાં વિવાદાસ્પદ છ ગામોમાંથી ૩૦૦ થી વધુ સેમ્પલો લેવાયાં હતાં



રાજપીપળા

નર્મદા જીલ્લા ના કેવડીયા ખાતે વાગડીયા પાસે કાર્યરત એલ એન્ડ ટી કંપની ના શ્રમિક ને કોવીડ-૧૯ નો પોઝીટીવ કેસ આવ્યો છે, તા.૩૦મે ના રોજ સેમ્પલ લેવામા આવ્યો હતો જેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે, આ શ્રમિક સરજુ સુરેશ વિશ્વકર્મા છે તે તા.૨૭ મે ના રોજ સુરત થી કેવડીયા ની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે.

કોવીડ-૧૯ ના નર્મદા જીલ્લા મા હાલ કુલ ૦૪ કેસો એક્ટીવ થવા સાથે કુલ ૧૯ ઉપર આંકડો સ્થિર થયો છે, રાજપીપળા ના કોવીડ-૧૯ આઈસોલેશન હોસ્પીટલ મા દર્દી ઓની સારવાર ચાલી રહી છે.

કેવડીયા નજીક ના વિવાદાસ્પદ છ ગામો માથી આરોગ્ય વિભાગે ૩૦૦ થી વધુ સેમ્પલો લેતાં શોષિયલ મિડીયા મા આ વાત ને લઈ ને દેકારો મચી ગયો હતો કે સરકાર ના ઈશારે આ ગામો મા કોરોના પોઝીટીવ દર્દીઓ બતાવી આખાં એરીયા ને કંટેન્મેન્ટ ઝોન જાહેર કરવો જેથી લોકો સજ્જડ રીતે પોતાના ઘરો ની અંદર પુરાઈ રહે અને આ પરિસ્થિતિ નો લાભ ઉઠાવી કાંટાળી વાડ નુ કામ નિર્વિઘ્ને પાર પાડી લે, આરોગ્ય વિભાગ ની કામગીરી એ વખતે શંકા ના ઘેરા મા આવી ગઈ હતી.

રાજપીપળા સિવીલ હોસ્પીટલમાં સામાજિક અંતર રાખવાના આરોગ્ય મંત્રાલયની ગાઈડલાઈનનુ ચીરહરણ

બે વ્યક્તિ વચ્ચે ઓછામા ઓછું છ ફુટનુ અંતર રાખવાના નિયમોનું ખુદ સિવિલ હોસ્પિટલના સત્તાધીશો દ્વારા જ ઉલંઘન : છ ફુટના બદલે એક ફુટના અંતરે કુંડાળા બનાવવામા આવ્યા છે



તસવીર : ભરત શાહ

રાજપીપળા

કોવીડ-૧૯ ના વધી રહેલાં વ્યાપ વચ્ચે રાજપીપળા સિવિલ હોસ્પિટલ મા સામાજિક અંતર મેઈન્ટેન કરાવવા મા સદંતર નિષ્ફળ હોય,જવાબદાર અધિકારીઓ પોતાની એ.સી.ચેમ્બરો માથી બહાર આવી દવાખાના ની કથળેલી પરિસ્થિતિ જોવા રાજી નથી તેમ લાગે છે.આવી રીતે સિવિલ હોસ્પિટલમાં જ અવ્યવસ્થા હશે તો હોસ્પીટલ પોતેજ કોરોનાની ડીસ્ટ્રીબ્યુટર સાબિત થશે તેમ જણાઈ રહ્યું છે.

રાજપીપળા સિવિલ હોસ્પિટલ ની કેસ બારી ઉપર કેસ કઢાવવા આવનાર દર્દીઓ અને તેમનાં સગાંઓ યોગ્ય વ્યવસ્થા ના અભાવે ઘેંટા બકરાં ની જેમ ટોળાં વળી ઉભા હોય છે ક્રમાનુસાર કેસ કઢાવવા ની કોઈ વ્યવસ્થા નથી, કેસ કાઢનાર કોન્ટ્રાક્ટ ઉપર ના કર્મચારીઓ કેસ કઢાવવા આવનાર દર્દીઓ જો લાઈન બાબતે કર્મચારીઓ નુ ધ્યાન દોરે તો એમની સાથે તોછડાઈ ભર્યુ વર્તન કરે છે.

રાજપીપળા સિવિલ હોસ્પિટલ નો વહીવટ ખાડે ગયેલો છે, વ્યવસ્થા માત્ર કાગળ ઉપરજ બોલી રહી છે, મુદ્દો સાફ સફાઈ કે ચોખ્ખાઈ નો હોય રાજપીપળા સિવિલ હોસ્પિટલ પોતેજ બિમારીનુ કેન્દ્ર હોય તેવી બદતર હાલત થઈ ગઈ છે. સિવિલ હોસ્પિટલ ના કંપાઉન્ડ મા ઠેર ઠેર ગંદકી અને કચરા ના ઢગ ખડકાયા છે.પ્રસુતિ વિભાગ અને ડાયાલીસીસ વિભાગ તરફ થી નિકાલ કરવામા આવતું ગંદુ અને ભારે દુર્ગંધ મારતુ પાણી જાહેર મા વહી રહ્યું છે, ડ્રેનેજ ના ઢાંકણા ખુલ્લાં હોવાથી આખાં કંપાઉન્ડ મા ભારે દુર્ગંધ મારે છે, તંદુરસ્ત વ્યક્તિ પણ બિમાર પડી જાય તેવુ રાજપીપળા હોસ્પીટલ નુ વાતાવરણ છે, કામગીરી ના નામે એક બિજા ઉપર દોષારોપણ કરવામા આવે છે.

આમ રાજપીપળા સિવિલ હોસ્પિટલ પોતેજ બિમારી નો અડ્ડો બને ગઈ હોય તેમ જણાઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાં થી આવતાં આદિવાસી દર્દીઓ અજાણતામા રાજપીપળા સિવિલ હોસ્પિટલમા થી કોરોના ની ઘાતક બિમારી નો ચેપ લઈ ને જાય તેવા સંજોગો નુ નિર્માણ થવા પામ્યુ છે.ત્યારે એસી ચેમ્બરો માં બેસી કામ કરતા અધિકારીઓ દર્દીઓ અને સ્ટાફ ના હિત માં કામ કરે તે ખાસ જરૂરી છે.

ચોમાસુ આવવાની તૈયારી સામે મુસીબત

રાજપીપળા શહેરમાં લોકડાઉન વચ્ચે પ્રધાનમંત્રી આવાસ યોજનાના હપ્તા ન આવતા લોકો ચિંતિત



તસવીર : ભરત શાહ

અગાઉ ગ્રાન્ટની તકલીફ બાદ હવે કોરોના લોકડાઉન વચ્ચે લાભાર્થીઓના હપ્તા જમા ન થતા સામે ચોમાસે વિકટ સ્થિતિ

એક તરફ કોરોનાનો હાઉ વચ્ચે લોકોના કામ ધંધા બંધ છે ત્યારે મકાન ખોલી બેઠેલા પરિવારોના ૩ મહિનાથી હપ્તા જમા થયા નથી

રાજપીપળા

સમગ્ર દેશ હાલ કોરોના વાયરસ લોકડાઉન વચ્ચે ફસાયેલો છે લોકડાઉનમાં લોકોના કામ ધંધા અટકી પડ્યા છે બીજી તરફ પ્રધાનમંત્રી આવાસ યોજના ના લાભાર્થીઓ યોજના માં લાભ મળ્યા બાદ મકાનો તોડી બેઠા છે પરંતુ છેલ્લા ત્રણ ચાર મહિનાથી ઘણા લાભાર્થી ઓનાં હપ્તા જમા ન થતા દાગીના ગીરવે મૂકી કે વ્યાજે રૂપિયા લાવી મકાનો બાંધી રહ્યા હોય હાલ આવા ઘણા લાભાર્થીઓની હાલત નહિ ઘરના કે નહીં ઘાટના જેવી થવા પામી છે.વ્યાજે રૂપિયા લઈ મહિને વ્યાજ ચૂકવતા લોકો પણ હાલ કોરોના લોકડાઉન વચ્ચે કામકાજ બંધ હોવાથી વ્યાજ પણ ચૂકવી શકે તેવી હાલત ન હોય ગરીબ પરિવારો મોટી મુશ્કેલીમાં મુકાયા છે.ત્યારે સામે ચોમાસુ આવવાની તૈયારી હોય મકાન પૂરું બાંધી નહિ શકનારા લાભાર્થીઓ ને વરસાદ ની ચિંતા સતાવી રહી છે.

જોકે જાણવા મળ્યા મુજબ લોકડાઉન ના કારણે કચેરીઓ બંધ હોય તેમજ વાહન વ્યવહાર બંધ હતો જેથી આવાસ ની કામગીરી સદંતર બંધ હતી પરંતુ લોકડાઉન પહેલા જે લાભાર્થીઓ ના મકાન ના ફોટા પડ્યા હતા તેને ૩ મહિના જેવો સમય વીતી જતા આ બધા હપ્તા ની રાહ જોઈ રહ્યા છે જ્યારે હવે નવી કામગીરી પણ ઝડપી શરૂ થાય તેવી પણ માંગ ઉઠી છે.

નર્મદા ધારીખેડા સુગરમાં શેરડીના ભાવ જાહેર ન થતા ખેડુતો માં રોષ

આ બાબતે ધારીખેડા સુગર ચેરમેન ઘનશ્યામભાઈ પટેલે જણાવ્યું કે કાયદેસર તો ચૂંટણી જાહેર થઈ ગઈ ફોર્મ ભરાઈ ગયા એટલે આચાર સંહિતા લાગે પણ મંજૂરી માંગી લીધી છે તેનો લેટર મારી પાસે આવી પણ ગયો છે. હાલ આચાર સહિતા છે માટે ભાવ હજુ પણ નથી પડ્યા હજુ બે દિવસ પછી પાડીશું.



લોકડાઉંન માં કલેકટર નું જાહેરનામું હોવા છતાં ચૂંટણી જાહેર કેમ કરી જેવા ખેડૂત આગેવાનો ના સવાલ

રાજપીપળા

નર્મદા અને ભરૂચ જિલ્લા ના હજારો ખેડૂતો ની જીવાદોરી સમાન નર્મદા સહકારી ખાંડ ઉદ્યોગ, નર્મદા સુગર તરફ થી દક્ષિણ ગુજરાત ની બારડોલી,મઢી સાયણ, ચલથાણ વિગેરે સુગર ફેક્ટરી ના શેરડી ના ભાવ જાહેર થયા બાદ ૩ દિવસ થયા છતાં નર્મદા સુગર ના ભાવ જાહેર ના થતા ખેડૂતો માં આક્રોશ ફેલાયો છે.

દક્ષિણ ગુજરાત ની સુગર ફેક્ટરી ઓના શેરડી ના ભાવ જાહેર થયા પણ નર્મદા સુગર ના ભાવ જાહેર ન થતા ખેડુતો માં રોષ ની લાગણી ફેલાઈ છે દર વર્ષે સુગર મિલો ની સાથે નર્મદા સુગર ના પણ ભાવ જાહેર કરાતા હતા નર્મદા સુગર ના ચેરમેને હાલ ચૂંટણી આચાર સંહિતા અમલ માં હોય ભાવ જાહેર થયા નથી મંજૂરી આવશે ત્યારે જાહેર થશે તેમ જણાવતા વિવાદ નો મધપૂડો છંછેડાયો છે.

ખેડૂતો ની ચર્ચા મુજબ કલેકટર નર્મદા એ ૧૪૪ મી કલમ અને ૩૪ એ મુજબ નું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું ત્યારે ચૂંટણી કેમ જાહેર કરી ? સત્તા લાલસા માં નૈતિકતા ભુલાઈ ગઈ ? માર્ચ માસ ના પ્રારંભે મતદાર યાદી જાહેર થઈ પછી દૂધધારા ડેરી જેના તમે ચેરમેન છો તેની સભા નર્મદા સુગર માં કેમ રાખી ? તો બીજી ચર્ચા મુજબ રાજ્ય સહકારી સંઘે તો અગાઉ થી ભાવ ૩૧ તારીખ સુધી જાહેર કરવાનું નક્કી કર્યું હતું તો તે સમયે આચાર સંહિતા ધ્યાન માં લઈ અગાઉ થી મંજૂરી કેમ ના માંગી ? આમ નર્મદા સુગર ના શેરડી ના ભાવ મામલે અનેક વાદ વિવાદ શરુ થયા છે અને સંભવિત ચૂંટણી ને ધ્યાન માં લઈ સોશ્યિલ મીડિયા પર પણ મેસેંજ ફરતા થયા છે તો બીજી બાજુ જાગૃત સભાસદો એ નર્મદા સુગર ની ચૂંટણી ને હાઈકોર્ટ માં પડકારી છે ત્યારે વિશ્વશનીય સૂત્રો ના જણાવ્યા મુજબ હાલ માં ચૂંટણી યોજાઈ શકે તેમ નથી સંભવત જુલાઈ માસ બાદ ચૂંટણી ની શક્યતા વર્તાઈ રહી હોવાનું જાણવા મળ્યું છે.

ઝઘડીયા તાલુકાના દધેડા ગામેથી જુગારધામ ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી

ભરુચ



તસવીર : ભરત શાહ

ગુજરાત રાજ્ય ગાંધીનગર નાઓ તરફથી હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસ ની વૈશ્વિક મહામારી મા વાયરસ નું સિંકમર અટકે તેમ લોડડાઉન નો અસરકારક અમલ થાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કળવાઈ રહે તે સારું ગુજરાત રાજ્ય માં દારૂ તથા જુગાર ની પ્રવૃતિ અટકાવવા સારૂ સ્પેશ્યલ ડ્રાઈવ રાખેવામાં આવેલ હોય જેથી પોલીસ મહાનિરિક્ષક અભય ચુડાસમા વડોદરા રેન્જ વડોદરા તથા ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓ તરફથી ડ્રાઈવ અનુસંધાને જરૂરી પગલા લેવા સુચના આપવામાં આવેલ હોય ભરૂચ એલ.સી.બી ના પો.સ.ઈ પી.એસ.બરંડા તથા પો.સ.ઈ વાય જી.ગઢવી તથા ટીમ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ જે દરમ્યાન આજરોજ એલ.સી.બી ને મળેલ બાતમી હકીકત આધારે ઝઘડીયા તાલુકાના દધેડા ગામે ચાલતા સટ્ટા બેટીંગ ના જુગારધામ ઉપર રેડ કરી આંક ફરક ના આંકડાનો રૂપિયાની હાર જીત નો જુગાર રમાતા કુલ-૦૩ ઈસમોને ઝડપી પાડી રોકડા રૂ.૧૧,૧૬૦/- તથા - જુગારના સાધનો મળી કુલ્લે રૂ.૧૧,૧૬૦/- નો મુદ્દામાલ કબજે કરી પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધ જુગારધારા મુજબ ઝઘડીયા પો.સ્ટે. મા કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીઓ (૧) રવિભાઈ સરાધભાઈ વસાવા રહે-દધેડા ડબ્બા ફળીયુ તા-ઝઘડીયા જી-ભરૂચ(૨) મંછીભાઈ ગોમલાભાઈ વસાવા રહે-દધેડા ટેકરા ફળીયુ તા-ઝઘડીયા જી.ભરૂચ(૩) ફકીરભાઈ નથુરામ પગારે રહે-નાના સાંજા અનુપમ સોસાયટી મકાન નં-૭૯,તા-ઝઘડીયા

ખુશખબરઃ તાપી જિલ્લો કોરોના મુક્ત બન્યો

તાપી

કોરોનાના કહેર વચ્ચે ગુજરાત માટે આજે વધુ એક રાહતના સમાચાર સામે આવ્યા છે. ડાંગ પછી તાપી જિલ્લો પણ કોરોનામુક્ત બન્યો છે. આજે કોરોનાના બે દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તાપી જિલ્લામાં હવે એક પણ કોરોનાનો એક્ટિવ કેસ રહ્યો નથી. ઉચ્છલ અને સોનગઢના બે દર્દીએ આદે કોરોનાને મ્હાત આપી છે. નોંધનીય છે કે, ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી મોટી સંખ્યામાં લોકો કોરોનામુક્ત થઈ રહ્યા છે. અત્યાર સુધી ડાંગ એક જ કોરોનામુક્ત હતો. હવે ફરીથી તાપી જિલ્લો પણ આ લિસ્ટમાં સામેલ થયો છે. આ સિવાય પણ ગુજરાતમાં અમરેલી, આણંદ, અરવલ્લી, ભરુચ, બોટાદ, દાહોદ, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, મોરબી, નર્મદા, પંચમહાલ અને પોરબંદર જિલ્લા ગમે ત્યારે કોરોનામુક્ત થઈ શકે છે. કેમકે, આ જિલ્લાઓમાં કોરોનાના એક્ટિવ કેસો ૧૦થી ઓછા છે.